

બિહારમાં આકાશમાંથી મોત બની ત્રાટકી વિજળી, 24 કલાકમાં 19 લોકોના મોત

PAGE NO. 15

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



ટ્રમ્પે સામૂહિક ડિપોર્ટેશનની કવાયતમાં નડતર રૂપ 17 જજોને કારણ વગર કાઢી મૂક્યા

PAGE NO. 18

FRIDAY, 18 JULY, 2025 Vol. 23, No. 28 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# યુએસમાં ગેરકાયદે રહેતાં લોકોને હવે જેલમાં ધકેલાશે

## ઈમિગ્રેશન કોર્ટમાં હવે બોન્ડ હીયરિંગની તક નહીં, અગાઉ કોર્ટમાં કેસ ના આવે ત્યાં સુધી રહેવાની છૂટ મળતી હતી

**સેન ડિએગો**

અમેરિકાના ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટે કાયદાકીય સત્તાનો ઉપયોગ કરીને યુએસમાં વસતા ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને પકડવાની પ્રક્રિયા ઝડપી બનાવતા વધુમાં વધુ લોકોને જેલ હવાલે કરવાનો નિર્ણય લીધો છે. આ આક્રમક નીતિને પગલે આગામી સમયમાં ભારતીયોની મુશ્કેલીમાં વધારો થવાની શક્યતા છે. આઈસીઈ ગેરકાયદે ઘુસેલા ઈમિગ્રન્ટ્સને કોર્ટમાં બોન્ડ સુનાવણી વગર જ સીધા જેલમાં ધકેલશે. અગાઉના નિયમો મુજબ જ્યાં સુધી ઈમિગ્રેશન કોર્ટમાં કેસ સુનાવણી માટે ના આવે ત્યાં સુધી ઈમિગ્રન્ટ્સને મુક્ત રહેવાની છૂટ મળતી હતી. નવી નીતિના અમલથી હવે તે શક્ય નહીં બને.

આઈસીઈના કાર્યકારી ડાયરેક્ટર ટોડ લિયોન્સે ૮ જુલાઈએ કર્મચારીઓને સંબોધીને લખેલા પત્રમાં જણાવ્યું કે, એજન્સીએ લોકોની અટકાયત માટેની વ્યાપક અને જટિલ સત્તામાં ફેરફાર કર્યો છે અને તાત્કાલિક ધોરણે તેને લાગુ કરતા હવે ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ જજ સમક્ષ બોન્ડ સુનાવણી



માટે અયોગ્ય ઠરશે. આવા લોકોને ત્વરિત જેલમાં ધકેલાશે અને હોમલેન્ડ સિક્યોરિટી ડીપાર્ટમેન્ટની મંજૂરી વગર કોઈને છોડવામાં નહીં આવે. આ મુદ્દે હોમલેન્ડ સિક્યોરિટીના પ્રવક્તા ટ્રિસિયા મેકલોફલિને પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, યુએસના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને સેક્રેટરી ક્રિસ્ટી નોએમ અમેરિકાને ખરેખર સુરક્ષિત રાખવા માટે આ કાયદો અમલમાં લાવ્યા છે. જૂનના અંત સુધીમાં આઈસીઈ પાસે ઓલ-ટાઈમ હાઈ ૫૬ હજાર લોકો હતા જે તની ૪૧ હજારની ક્ષમતા કરતા વધુ છે.


અમેરિકન ઈમિગ્રેશન લોયર્સ એસોસિએશના ગ્રેગ ચેને જણાવ્યું કે, કાયદેસર રીતે યુએસમાં પ્રવેશેલા અને વિઝાની મુદતથી વધુ રોકાણ કરનારા લોકોને આ નીતિથી કોઈ અસર નહીં થાય. માત્ર સરહદ પાર કરીને ગેરકાયદે ઘુસેલા લોકો પર આ કાયદાનો અમલ કરાશે. હવે ઈમિગ્રેશન જજ વ્યક્તિગત સમીક્ષા કરે તે પૂર્વે જ વ્યક્તિને ડીટેઈન કરાશે. જેથી અમેરિકાની છાપ એવા દેશની પડશે. જ્યાં લોકોને જેલમાં ધકેલવા સામાન્ય હશે. નોર્થવેસ્ટ ઈમિગ્રન્ટ રાઈટ્સ પ્રોજેક્ટના લીગલ ડાયરેક્ટર મેટ એડમ્સે ટીકા કરતા કહ્યું કે, દાયકાઓથી અમેરિકામાં વસતા અને કોઈ ગુનાઈત ઈતિહાસ ના હોય તેવા લોકોને પણ જેલમાં મોકલીને તંત્ર કાયદાનું કઠોર અર્થઘટન કરી રહ્યું છે.

# ઇરાકમાં શોપિંગ મોલમાં લાગી ભીષણ આગ સાથે અફરાતફરી, 50ના મોત

## લોકો ભોજન કરી રહ્યા હતા ત્યારે આગ ભભૂકી, ઘટનાનું તારણ અકબંધ

**તહેરાન**

ઈરાકના એક શોપિંગ મોલમાં ભીષણ આગ લાગવાને કારણે ૫૦ લોકોના મોત થયા છે. ન્યૂઝ એજન્સી AFP પ્રમાણે દાવો કરવામાં આવી રહ્યું છે કે આ દુર્ઘટના ઈરાકની અલ-કુટની એક સુપરમાર્કેટમાં થઈ છે. વાયરલ તસવીરોમાં જોઈ શકાય છે કે ઈમારતના મોટા ભાગમાં આગ લાગી છે અને ધૂમાડો જોવા મળી રહ્યો છે. દુર્ઘટના સાથે જોડાયેલો એક વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે, જેમાં પાંચ માળની ઈમારત આગની ઝપેટમાં આવેલી જોવા મળી રહી છે, જ્યારે ફાયર વિભાગની ટીમ આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કરી રહી છે. વાસિત પ્રાંતના ગવર્નર મોહમ્મદ અલ-મિયાહીએ સત્તાવાર આીએનએ સમાચાર એજન્સીને જણાવ્યું- એક મોટા



શોપિંગ સેન્ટરમાં આગને કારણે મૃત્યુ પામનાર પીડિતોની સંખ્યા લગભગ ૫૦ થઈ ગઈ છે. પરંતુ આગ લાગવાનું સાચુ કારણ હજુ સામે આવ્યું નથી. ગવર્નરે કહ્યુ કે તપાસનો પ્રાથમિક રિપોર્ટ ૪૮ કલાકમાં જાહેર કરવામાં આવશે.

વાસિત પ્રાંતના ગવર્નર મોહમ્મદ અલી-મિયાહીએ જણાવ્યું કે આગ એક હાઈપર માર્કેટ અને એક રેસ્ટોરન્ટમાં લાગી છે. જ્યારે આગ લાગી ત્યારે ત્યાં ઘણા લોકો ભોજન કરી રહ્યાં હતા અને ખરીદી કરી રહ્યા હતા. ગવર્નરે જણાવ્યું કે ફાયરની ટીમે ઘણા લોકોને બચાવ્યયા છે. આ દુખદ ઘટનાને કારણે દેશમાં ત્રણ દિવસના શોકની જાહેરાત કરવામાં આવી છે. INAનારિપોર્ટ પ્રમાણે ગવર્નર મોહમ્મદ અલ-મિયાહીએ ઈમારત અને મોલના માલિક વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે.

## NATOની ધમકી બાદ ભારતનો સત્તાવાર જવાબ

# અમારા નાગરિકોની સુરક્ષા અને ઉર્જાની જરૂરિયાતને અમે હંમેશા પ્રાધાન્ય આપીશું

**નવી દિલ્હી**

વિદેશ મંત્રાલયે NATOના સેક્રેટરી જનરલ માર્ક રૂટની ભારતને આપવામાં આવેલી ચેતવણીનો જવાબ આપ્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવકતા રણધીર જયસ્વાલે રશિયામાંથી ક્રૂડ ખરીદવા મામલે NATOને કહ્યું છે કે, અમારા નાગરિકોની સુરક્ષા અને ઉર્જાની જરૂરિયાતને અમે હંમેશા પ્રાધાન્ય આપીશું.


રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, અમે રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા પર સેકેન્ડરી પ્રતિબંધોના અનેક અહેવાલો જોયા છે. તેના પર અમે ફોકસ કરી રહ્યા છીએ. હું સ્પષ્ટપણે કહીશ કે, પોતાના નાગરિકોની ઉર્જા જરૂરિયાતો પૂરી કરવી એ અમારા માટે હંમેશા પ્રાથમિકતા રહી છે. આ દિશામાં અમે માર્કેટમાં ઉપલબ્ધ વિકલ્પો અને વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખતાં નિર્ણયો લઈશું. આ મામલે કોઈ બેવડું વલણ અપનાવવામાં આવશે નહીં. NATOના સેક્રેટરી જનરલ માર્ક રૂટે બુધવારે ભારત, ચીન, અને બ્રાઝિલને ચીમકી આપી હતી કે, જો તેઓ રશિયા સાથે ક્રૂડ બિઝનેસ ચાલુ રાખશે તો તેમણે સેકેન્ડરી પ્રતિબંધોનો સામનો કરવો પડશે. આ ત્રણેય દેશોને રશિયાના પ્રેસિડન્ટ પુતિન સાથે વાત કરવા તેમજ યુક્રેન સાથે શાંતિ મંત્રણા માટે દબાણ કરવા અપીલ કરી હતી. ઉલ્લેખનીય છે, વર્ષોથી ગાઢ મિત્ર રશિયા પાસેથી ભારત ક્રૂડ ખરીદવા માગે છે. અમેરિકાએ રશિયા-યુક્રેન યુદ્ધના કારણે રશિયા સાથે બિઝનેસ પ્રતિબંધો લાદ્યા હતાં. જો કે, ભારતને સસ્તા દરે ક્રૂડ ઓફર કરતું હોવાથી મોટાપાયે ક્રૂડની ખરીદી થઈ રહી છે. એવામાં NATOની ચીમકીથી વિવાદ સર્જાયો હતો.









# મહામારી દરમિયાન કેનેડામાં સ્થૂળતાનો દર વધ્યો

## 2009 અને 2023 વચ્ચેનો 746,250 કેનેડિયનોના શારીરિક તપાસનો ડેટા ચકાસાયો

**ટોરોન્ટો**

સોમવારે કેનેડિયન મેડિકલ એસોસિએશન જર્નલ (CMAJ)માં પ્રકાશિત થયેલા સંશોધનમાં જાણવા મળ્યું છે કે, ૨૦૨૩માં ૩૨.૭ ટકા કેનેડિયનો (૧૦.૬ મિલિયન લોકો) મેદસ્વી હતા, જે ૨૦૦૯થી લગભગ આઠ ટકાનો વધારો દર્શાવે છે. અભ્યાસના મુખ્ય લેખક અને ઓન્ટેરિયોના હેમિલ્ટનમાં મેકમાસ્ટર યુનિવર્સિટીમાં આરોગ્ય, સંશોધન પદ્ધતિઓ, પુરાવા અને અસરમાં સહયોગી પ્રોફેસર લૌરા એન્ડરસને જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ રોગચાળા



દરમિયાન સ્થૂળતામાં પણ તીવ્ર વધારો નોંધાયો હતો. રોગચાળાએ આપણા રોજિંદા જીવન પર ખૂબ જ ઊંડી અસર કરી હતી. જેમાં આપણા ખાવાપીવાની રીતમાં ફેરફાર અને સ્વસ્થ ખોરાકનો સમાવેશ થાય છે. સ્થૂળતા એ એક તબીબી સ્થિતિ છે, જે લોકોને સ્ટ્રોક, ટાઈપ-૨ ડાયાબિટીસ અને કેન્સર જેવી અન્ય ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓનું જોખમ વધારે છે. રોગચાળા દરમિયાન વારંવાર લોકડાઉનને કારણે લોકોને ઘરે રહેવાની ફરજ પડી રહી હતી, તેથી સંશોધકો એ જોવા માંગતા હતા કે આનાથી લોકોના વજનમાં કેવી રીતે ફેરફાર થયો. જેનો અભ્યાસ કરવા માટે, એન્ડરસન અને તેમની ટીમે 2009 અને 2023 વચ્ચે 18 વર્ષ કે તેથી વધુ ઉંમરના 746,250 કેનેડિયનોના તાજેતરના સ્વ-રિપોર્ટેડ બોડી માસ ઈન્ડેક્સ (BMI) ડેટા પર નજર નાંખવામાં આવી છે.

# ઈમિગ્રન્ટ્સને લઈ જતાં વાહનના અકસ્માત બાદ ડ્રાઇવર પર આરોપ

ક્યુબેક : રવિવારે દક્ષિણ ક્વિબેકમાં કેનેડા-યુએસ સરહદ નજીક અકસ્માતગ્રસ્ત વાહનમાંથી ગેરકાયદે સ્થળાંતર કરનારાઓ પકડાયા હતા. રવિવારે વહેલી સવારે પોલીસને ન્યૂ યોર્ક સરહદની ઉત્તરે હેમિંગફોર્ડ ક્યુબેકમાં બે SUV અથડાઈ હતી, જેમાં એક-બે લોકો અને બીજી કારમાં ઓછામાં ઓછા 10 લોકો સવાર હતી. સ્યુરેટ ડુ ક્યુબેકે કહ્યું હતુ કે, બે લોકોને લઈ જતા વાહનના 48 વર્ષીય ડ્રાઈવરની અયોગ્ય ડ્રાઈવિંગ બદલ ધરપકડ કરવામાં આવી હતી. બીજી SUVમાં બે વ્યક્તિઓ સ્થળાંતર કરનારા હોવાનું માનવામાં આવે છે જેઓ ગેરકાયદેસર રીતે યુએસથી સરહદ પાર કરી રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ટોરોન્ટોમાં ગરમીની ચેતવણીને કારણે શહેરમાં વરિષ્ઠ નાગરિકો માટે AC યુનિટ સ્થાપિત કરવામાં આવી રહ્યા છે. તેમાંથી ચાર લોકોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યારે અન્ય છથી આઠ લોકો પગપાળા ઘટનાસ્થળેથી ભાગી ગયા હતા. હોસ્પિટલમાં લાવવામાં આવેલા ચાર લોકોને જીવલેણ ઈજાઓ નથી. રવિવારે SQએ જણાવ્યું હતું કે તે RCMP સાથે મળીને ભાગી ગયેલા લોકોને શોધવા માટે કામ કરી રહ્યું છે.

# ટેરિફનો વિરોધ : સંગીતકાર મેથ્યુ ગુડે અમેરિકાનો શો રદ કરી નાંખ્યો

**ટોરોન્ટો**

કેનેડિયન સંગીતકાર મેથ્યુ ગુડે જાહેરાત કરી છે કે તેઓ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સરકાર અને તેની ચાલુ ટેરિફ નીતિના વિરોધમાં તેમના યુએસ પ્રવાસની તારીખો રદ કરી રહ્યા છે. ૫૪ વર્ષીય ગુડે શનિવારે ફેસબુક પર જાહેરાત કરતા લખ્યું હતુ કે, તેઓ આ ઉનાળામાં તમારા દેશમાં મારી તારીખો સેટ કરી શકશે નહીં. મારી દુનિયા હંમેશા રાજકીય જાગૃતિ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. અને હું જાણું છું કે તમે બધા એક જ બાજુના ન હોવ, તેથી હું આ વિશે સ્પષ્ટ થવા માંગુ છું. આ મારો અભિપ્રાય છે. ફક્ત બીજા ૩ વર્ષ માટે હું મારા અને દેશના ભાવિ માટે યુએસ કારકિર્દીનું જોખમ લેવા તૈયાર છું.

વડા પ્રધાન માર્ક કાર્નેએ ગયા મહિનાના અંતમાં જાહેરાત કરી હતી કે કેનેડા યુ.એસ. સાથે વેપાર વાટાઘાટો ફરી શરૂ કરવાની શરત તરીકે આયોજિત ટેક્સ રદ કરશે. ગુડ આગામી દિવસોમાં ક્લેવલેન્ડ, પિટ્સબર્ગ અને બફેલોમાં પર્ફોર્મ કરવાના હતા. ગુડે વધુમાં કહ્યું કે, મેં ક્યારેય વિચાર્યું ન હતું કે મારા જીવનકાળમાં આટલી ચિંતાજનક બાબત બનશે.

# ટોરોન્ટોમાં સ્વર્ગસ્થ પત્નીના પરિવારને કારથી કચડવા બદલ વૃદ્ધને આજીવન કેદની સજા

**ટોરોન્ટો**

ટોરોન્ટોના 81 વર્ષીય એક વ્યક્તિને તેના સ્વર્ગસ્થ જીવનસાથીના વસિયતનામામાંથી બાકાત રાખ્યા બાદ પરિવારના ત્રણ સભ્યો પર ગાડી ચઢાવી દેવાના કિસ્સામાં 18 વર્ષ સુધી પેરોલની કોઈ શક્યતા વિના આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. સિરો ગારોફાનોના કૃત્યીથી ત્રણ લોકોમાંથી એકનું મોત નીપજ્યું હતું, મંગળવારે સુપિરિયર કોર્ટના ન્યાયાધીશ જેન કેલીએ ગારોફાનોની સ્વર્ગસ્થ પત્ની એલ્સી ગિલક્રિસ્ટની ભત્રીજી 61 વર્ષીય કરેન મોન્ટેગની સેકન્ડ-ડિગ્રી હત્યા માટે સજા સંભળાવી હતી. આ સમયે ગારોફાનોએ કોઈ લાગણી દર્શાવી ન હતી. મોન્ટેગના પતિ, વેન અને ગિલક્રિસ્ટની બહેન જોયસ કોલિન્સ (ઉ.વ 88) પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. ૧૫ નવેમ્બર ૨૦૨૩ના રોજ, મોન્ટેગ્યુસ, કોલિન્સ અને કોલિન્સની પુત્રી ઈલીન મિગ્નાર્ડી ૨૫૦ કેસાન્ડ્રા બ્લ્વિડ ખાતેના એપાર્ટમેન્ટમાં ગઈ હતી, આ દંપતી અપરિણીત હતું અને તેમને કોઈ બાળકો નહોતા. ગિલક્રિસ્ટ તેના સિનિયર હતા. તેના મૃત્યુ પહેલાં ગિલક્રિસ્ટે તેની ભત્રીજી, કરેન મોન્ટેગને તેના નાણાકીય બાબતો પર પાવર ઓફ એટર્ની આપી હતી. ૧૫ નવેમ્બર ૨૦૨૩ના થોડા સમય પહેલાં, ગારોફાનો અને કરેન મોન્ટેગએ એપાર્ટમેન્ટમાંથી ગિલક્રિસ્ટનો સામાન સાફ કરવા વિશે વાત કરી હતી. ગારોફાનોએ તેની કાર ખસેડી હતી. જે પછી, કરેન મોન્ટેગ અને કોલિન્સ ગારોફાનો સાથે વાત કરવા ગયા, જે તેમના વાહનમાં હતા. ગારોફાનોએ પાછળ હટ્યો અને રાઉન્ડઅબાઉટની આસપાસ બે વાર વાહન ચલાવવાનું શરૂ કર્યું, અને બે વાર કારેન મોન્ટેગ પર પોતાનું વાહન ચલાવ્યું હતુ.












# આર્થિક હિતોને લક્ષ્યમાં રાખી ઈન્ડો પેસિફિક નીતિ વિષે પુનર્વિચાર કરાશે : અનિતા આનંદ

## ટ્રમ્પની ટેરિફ નીતિને કારણે ભારત સાથે વેપારી સબંધોની અગત્યતા વધી

**કૌલાલમ્પુર**

શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસ.સી.ઓ)ની પરિષદમાં કેનેડાનાં વિદેશ મંત્રી અનીતા આનંદે કહ્યું હતું કે, કેનેડા તેનાં આર્થિક હિતોને લક્ષ્યમાં રાખી ઈન્ડો-પેસિફિક નીતિ વિષે પુનર્વિચારણા કરશે. ઉલ્લેખનીય છે કે કેનેડા જી-૭ દેશોનું પણ સભ્ય હોવા છતાં તેવા જ આંતરરાષ્ટ્રીય સંગઠનથી દૂર રહેતું હતું. વિશેષતઃ ઈન્ડો-પેસિફિક-ઓર્ગેનાઈઝેશન સાથે તો જાણે કે તેને કશી લેવા-દેવા જ ન હોય તેવું વર્તન રાખતું હતું, તેમાંએ તે સંગઠનના અગ્રીમ દેશ ભારતથી પણ દૂર રહેતું હતું, તે પરિસ્થિતિ જસ્ટિન ટ્રુડો જ્યારે વડાપ્રધાન હતા ત્યારે ઉપસ્થિત થઈ હતી.

જો કે, આજે ટ્રમ્પે કેનેડા ઉપર પણ ભારે ટેરિફ લાદવાની વાત કરતાં કેનેડાએ અન્ય કોમનવેલ્થ કંટ્રીઝ સાથે વ્યાપાર સંબંધો વધારવાની શરૂઆત કરતાં ભારત સાથેના વ્યાપારી સંબંધો મહત્વના બની રહ્યા છે. તે દ્રષ્ટિએ કેનેડાનાં વિદેશમંત્રી અનીતા આનંદે ભારત સાથેના સંબંધો દ્રઢીભૂત કરવાની શરૂઆત કરી દીધી છે.

ભારત-વંશીય પંજાબી માતાપિતાના પુત્રી અનીતા આનંદ ઈન્ડો પેસિફિક વિસ્તારમાં ભારતનું મહત્વ બરોબર સમજે છે. તેઓએ કહ્યું કે, ઈન્ડો પેસિફિક-રણનીતિ' ૨૦૨૨માં ઘડાઈ હતી. પરંતુ તે પછી ત્રણ જ વર્ષમાં વિશ્વમાં અનેકાનેક પરિવર્તનો આવ્યાં છે. તેથી મૂળ રણનીતિમાં પરિવર્તન કરવું અનિવાર્ય બની રહ્યું છે. આ દ્રષ્ટિએ જ અમારા વડાપ્રધાન માર્ક કાર્ની ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સતત સંપર્કમાં જ રહે છે. કેનેડા ઈન્ડો પેસિફિક વિસ્તારનું અને તેમા ભારતનું મહત્વ બરોબર જાણે છે, ભારત અને કેનેડા વચ્ચે આર્થિક તેમજ સંરક્ષણ ક્ષેત્રે પણ સમજૂતી થઈ છે. બંને દેશો વચ્ચે સાંસ્કૃતિક અને સામાજિક સંપર્કો વધારાઈ રહ્યાં છે.

# ફ્લાઇટ્સ ગ્રાઉન્ડેડ થયા બાદ એક વ્યક્તિ પર હાઇજેક કરવાનો આરોપ

## ફ્લાઈટ પ્રશિક્ષકને ધમકી આપનારને 22 જુલાઈના રોજ કોર્ટમાં હાજર કરાશે

**વાનકુંવર**

વાનકુવર એરપોર્ટ પર એક કલાકથી થોડા ઓછા સમય માટે ફ્લાઈટ્સ ગ્રાઉન્ડેડ કરવામાં આવી હતી. તે ઘટનાના એક દિવસ પછી એક વ્યક્તિ પર હાઈજેક કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. કોર્ટના ઓનલાઈન રેકોર્ડ મુજબ 1986માં જન્મેલા શાહીર કાસિમ પર હાઈજેકનો એક આરોપ મૂકવામાં આવ્યો છે. RCMPએ જણાવ્યું હતું કે, તેની આગામી કોર્ટમાં હાજરી 22 જુલાઈના રોજ થશે. મંગળવારે બપોરે પોલીસે એક નાનું સેસ્ના 172 વિમાન મંગળવારે બપોરે 1:45 વાગ્યે PT એરપોર્ટ પર ઉતર્યા બાદ એક વ્યક્તિની ધરપકડ કરી હતી. પોલીસને બપોરે 1 વાગ્યાની આસપાસ અહેવાલો મળ્યા હતા કે વિમાનને વાનકુવર ઈન્ટરનેશનલ એરપોર્ટ (YVR) એરસ્પેસમાં પ્રવેશતા પહેલા વાનકુવર આઈલેન્ડથી હાઈજેક કરવામાં આવ્યું હતું. RCMPએ જણાવ્યું છે કે તેઓએ જે વ્યક્તિની ધરપકડ કરી હતી તે વિમાનમાં એકમાત્ર વ્યક્તિ હતો. YVRના પ્રવક્તાએ મંગળવારે મીડિયાને જણાવ્યું હતું કે, કથિત હાઈજેકિંગના પરિણામે ફ્લાઈટ્સ 40 મિનિટથી ઓછા સમય માટે ગ્રાઉન્ડ કરવામાં આવી હતી, અને નવ ફ્લાઈટ્સને અન્ય એરપોર્ટ પર વાળવી પડી હતી. કાસિમે કથિત રીતે ફ્લાઈટ પ્રશિક્ષકને ધમકી આપી હતી.

# 2025નીશરૂઆતમાંઆવકનીઅસમાનતા ઊંચા સ્તરે પહોંચી : સ્ટેટિસ્ટિક્સ કેનેડા

**ઓન્ટેરિયો**

સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ બુધવારે જણાવ્યું હતું કે, દેશના સૌથી વધુ અને સૌથી ઓછી આવક ધરાવતા પરિવારો વચ્ચેનો તફાવત 2025ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં રેકોર્ડ ઊંચા સ્તરે પહોંચ્યો હતો. આવક વિતરણના ટોચના 40 ટકા અને નીચલા 40 ટકા પરિવારો વચ્ચે નિકાલજોગ આવકના હિસ્સામાં તફાવત વર્ષના પ્રથમ ત્રણ મહિનામાં 49 ટકા પોઈન્ટ સુધી વધી ગયો છે. કેનેડિયન સેન્ટર ફોર પોલિસી ઓલ્ટરનેટિવ્સમાં લિંગ સમાનતા અને જાહેર નીતિ પર ધ્યાન કેન્દ્રિત કરતી વરિષ્ઠ સંશોધક કેથરિન સ્કોટે જણાવ્યું હતું કે, આ આશ્ચર્યજનક નથી. સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ જણાવ્યું હતું કે, COVID-19 રોગચાળાની શરૂઆત પછી દર વર્ષે આમાં વધારો થયો છે. તેણે કહ્યું હતું કે, 2025ના પ્રથમ ત્રિમાસિક ગાળા માટે વધારો સૌથી વધુ આવક ધરાવતા પરિવારોને રોકાણોમાંથી લાભ થયો હોવાથી થયો હતો, જ્યારે સૌથી ઓછી આવક ધરાવતા પરિવારોના વેતનમાં ઘટાડો જોવા મળ્યો હતો. સ્કોટે જણાવ્યું હતું કે, આવકના ધોરણના ઉચ્ચ સ્તર પર ઘણા વ્યક્તિઓએ મહામારી દરમિયાન તેમની આવકમાં ઘટાડો જોયો ન હતો, ઘણા તેમની નોકરીમાં રહ્યા હતા. આવક વિતરણના નીચલા 20 ટકામાં રહેલા લોકોએ પ્રથમ ત્રિમાસિક ગાળામાં ખર્ચપાત્ર આવકમાં સૌથી નબળી વૃદ્ધિ 3.2 ટકા જોઈ હતી. કારણ કે, તેમનો સરેરાશ વેતન 0.7 ટકા ઘટ્યો હતો. સૌથી ઓછી આવક ધરાવતા પરિવારોએ ચોખ્ખી રોકાણ આવકમાં પણ સૌથી મોટો ઘટાડો જોયો હતો. કારણ કે તેમની કમાણી 35.3 ટકા ઘટી હતી, જ્યારે સરકારી સહાયના પગલાંમાં વધારો સહિત પ્રાપ્ત ચોખ્ખા ટ્રાન્સફરમાં 31.2 ટકાનો વધારો થયો હતો. આવક વિતરણના ટોચના 20 ટકામાં રહેલા લોકો માટે સરેરાશ ખર્ચપાત્ર આવક કોઈપણ આવક જૂથ કરતાં સૌથી ઝડપી ગતિએ વધી હતી કારણ કે તેમને એક વર્ષ અગાઉની તુલનામાં 7.7 ટકાના વધારાનો લાભ મળ્યો હતો. સૌથી વધુ આવક ધરાવતા પરિવારોના સરેરાશ વેતનમાં 4.7 ટકાનો વધારો અને રોકાણ આવકમાં 7.4 ટકાનો વધારો જોવા મળ્યો હતો. સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ જણાવ્યું હતું કે, સંપત્તિનો તફાવત પણ વધ્યો. કારણ કે પ્રથમ ક્વાર્ટરમાં સંપત્તિ વિતરણના ટોચના 20 ટકા લોકો કેનેડિયનોની કુલ નેટવર્થના 64.7 ટકા હતા, જે સરેરાશ $3.3 મિલિયન પ્રતિ ઘર હતું. સંપત્તિ વિતરણના નીચેના 40 ટકા લોકો નેટવર્થના 3.3 ટકા હતા, જે સરેરાશ $85,700 પ્રતિ ઘર હતું. 2008-09ની મંદી પછી, વધતી આવક અસમાનતા અંગે "વાસ્તવિક ચર્ચા" થઈ હતી, જે હાલમાં થઈ રહી હોય તેવું લાગતું નથી.




સૌથી ઓછી આવક ધરાવતા પરિવારોએ આવકમાં પણ સૌથી મોટો ઘટાડો જોયો

# ધમકીઓ મળ્યા બાદ બ્રામ્પટન શહેરના મેયર પેટ્રિક બ્રાઉન પોલીસ સુરક્ષા હેઠળ

**બ્રામ્પ્ટન**

પીલ રિજનલ પોલીસના જણાવ્યા અનુસાર બ્રામ્પટનના મેયર પેટ્રિક બ્રાઉન અને તેમના પરિવાર સામે ધમકીઓ મળ્યા બાદ તેમને હાલમાં પોલીસ સુરક્ષા મળી રહી છે. ડેપ્યુટી ચીફ નિક મિલિનોવિચે મંગળવારે પત્રકારો સાથે વાત કરતી વખતે ધમકીની આસપાસ વધુ વિગતો આપી ન હતી, પરંતુ તેમણે સુરક્ષા વિગતો હાજર હોવાની પુષ્ટિ કરતા કહ્યું હતુ કે, અમને એક ધમકી મળી છે અને અમે તેની તપાસ કરી રહ્યા છીએ, જે ફક્ત મેયર જ નહીં, પરંતુ તેમના પરિવારને પણ આપવામાં આવી હતી. તે ધમકીના સ્વભાવને કારણે, અમને લાગ્યું કે તે ધમકીની યોગ્ય તપાસ ન થાય ત્યાં સુધી તેમને પોલીસ સુરક્ષા પૂરી પાડવી અને ખૂબ જ સાવધાની રાખવી એ સમજદારીભર્યું હતું. મિલિનોવિચે કહ્યું કે ધમકી કેનેડામાં ક્યાંકથી આવી હતી તેનીતપાસ હજુ પણ ચાલુ છે. હાલ મેયરનીસલામતી અને સુરક્ષા સંબંધિત કોઈ સમસ્યા નથી.








તંત્રી સ્થાનેથી

# પ્લેન ક્રેશ દુર્ઘટના નહીં પણ કાવતરું હોવાનો તપાસ અહેવાલ સંદેહજનક


તંત્રી - સ્વદેશ

અમદાવાદથી જુન મહિનામાં લંડન તરફ જવા માટે ઉડાન ભરનાર એર ઈન્ડિયાનું વિમાન ટેકઓફ થયાની બે મિનીટમાં જ તૂટી પડવાની ઘટનામાં અત્યાર સુધી 270 લોકોના મોત થયા હતા. આ ઘટના બાદ વિદેશી પ્રવાસીઓમાં હજી પણ ગભરાટ છે. ત્યાં દુર્ઘટનાની પ્રાથમિક તપાસના અહેવાલે વિવાદ ઉભો કર્યો છે. 6 દિવસ પહેલાં જ આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું કે, અમદાવાદથી લંડન જતું બોઈંગ ૭૮૭ કોઈ દુર્ઘટનાનો ભોગ બન્યુ ન હતુ. પણ તેને કોઈ મોટાં કાવતરાંના ભાગરૂપે તોડી પાડવામાં આવ્યું હતું.

ટેક ઓફ થયાની થોડી જ સેકન્ડ પછી ૧૨ વર્ષ જૂના બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનરની ઈંધણ નિયંત્રણ સ્વીચો અચાનક કટ ઓફ સ્થિતિમાં ખસી ગઈ હતી. જેનાથી એન્જિનને મળતું ઈંધણ બંધ થઈ ગયુ અને એન્જિનોએ કામ કરવાનું બંધ કરી દીધું હતું. જેથી આ કાવતરું કોણે ઘડ્યું હતું અને શા માટે ઘડ્યું હતું ? તેનો જવાબ મેળવવો પડશે. જો કે, રિપોર્ટ ભલે ગમે તે હોય, સામાન્ય સંજોગોમાં પ્લેનની કટ ઓફ સ્વિચ સામાન્ય રીતે લેન્ડિંગ પછી જ બંધ કરવામાં આવે છે. લીવર લોક ફ્યુઅલ સ્વીચો આકસ્મિક રીતે સક્રિય ન થાય તે માટે ડિઝાઈન કરવામાં આવી હોય છે. તેમને ઉલટાવી શકાય તે પહેલાં તેમને ઉપર ખેંચીને અનલોક કરવી આવશ્યક છે. આ વ્યવસ્થા ૧૯૫૦ના દાયકાથી અસ્તિત્વમાં છે. તે ખૂબ જ ઉચ્ચ ધોરણો અનુસાર બનાવવામાં આવી છે અને અત્યંત વિશ્વસનીય માનવામાં આવે છે. રક્ષણાત્મક બ્રેકેટ તેમને આકસ્મિક રીતે કોઈપણ વસ્તુ સાથે અથડાવાથી પણ રક્ષણ આપે છે.

એર ઈન્ડિયા ફ્લાઈટ ૧૭૧ ટેકઓફ પછી ૪૦ સેકન્ડથી ઓછા સમય માટે હવામાં રહી હતી અને પછી અમદાવાદના ગીચ વસ્તીવાળા વિસ્તારમાં ક્રેશ થઈ ગઈ હતી. તે ભારતના સૌથી રહસ્યમય વિમાન અકસ્માતો પૈકીનો એક બની ગયો છે. આ ઘટનાની તપાસ ભારતીય એજન્સી દ્વારા હાથ ધરવામાં આવી રહી છે અને તેમાં બોઈંગ, જનરલ ઈલેક્ટ્રિક (GE), એર ઈન્ડિયા અને ભારતીય નિયમનકારોના નિષ્ણાતો તેમજ અમેરિકાના નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ અને બ્રિટનના નિષ્ણાતોનો સમાવેશ થાય છે.

જાણકારો કહે છે કે, દરેક પાઈલોટ વિમાન ઉડાડતા પહેલાં તેમની કોકપિટમાં જ રાખવામાં આવેલી ઈંધણ નિયંત્રણ સ્વીચો ચેક કરી લેતો હોય છે કે તે ચાલુ છે કે નહીં? જો લાઈટ ૧૭૧ની ઈંધણ નિયંત્રણ સ્વીચો બંધ હોય તો તેની બે સંભાવના રહે છે. પહેલી સંભાવના એ છે કે, આ વિમાન હેન્ગરમાં હતું, ત્યારે જ કોઈએ તેની ઈંધણ નિયંત્રણ સ્વીચો બંધ કરી દીધી હતી. જો તેમ કરવામાં આવ્યું હોય તો તે વિમાનને ક્રેશ કરવાના ઈરાદાથી જ તેમ કરવામાં આવ્યું હશે. આ વિમાન કલાકો પહેલાં દિલ્હીથી આવ્યું હતું. ત્યારે તેની ઈંધણ નિયંત્રણ સ્વીચો ચાલુ હતી. જો તેને હેન્ગરમાં બંધ કરવામાં આવી હોય તો તે કામ કોઈ જાણભેદુનું જ હોવું જોઈએ. કારણ કે, વિમાનના હેન્ગરમાં કોઈ અજાણ્યા માણસને પ્રવેશ આપવામાં આવતો નથી. જેણે પણ આ કામ કર્યું હોય તે કોઈ અંદરનો કર્મચારી કે ઈજનેર હોવો જોઈએ, જેને બોઈંગ વિમાન કેવી રીતે કામ કરે છે, તેની પૂરેપૂરી જાણકારી હતી. બીજી સંભાવના કોઈ બહારના માણસે અંદરના માણસ પાસે આ કામ કરાવ્યું હોય તેવી છે.

જો વિમાનના ટેક ઓફ કર્યા પછી ઈંધણ નિયંત્રણ સ્વીચો બંધ કરવામાં આવી હોય તો તે કામ બે પાઈલોટ પૈકી એકનું જ હોઈ શકે છે. કારણ કે, આ સ્વીચો કોકપિટમાં રાખવામાં આવી હોય છે. આ સ્વિચ સુધી કોઈ ઉતારુ કે એર હોસ્ટેસ પણ પહોંચી શકતા નથી. વળી, આ સ્વિચો એટલી કઠણ હોય છે કે, તે ભૂલ ભૂલમાં હાથ લાગી જવાથી બંધ થઈ જતી નથી. કારમાં ગિયર પાડવા માટે જેમ મહેનત કરવી પડે છે, તેના કરતાં પણ વધુ મહેનત આ સ્વિચ બંધ કરવા માટે કરવી પડતી હોય છે.

હવે આ કેસની તપાસમાં ફ્લાઈટ ૧૭૧નું જે બ્લેક બોક્સ મળી આવ્યું છે, તેમાં બે પાઈલોટ વચ્ચેની અંતિમ વાતચીત રેકોર્ડ કરવામાં આવી છે. આ રેકોર્ડિંગમાં એક પાઈલોટ બીજા પાઈલોટને પૂછી રહ્યો છે કે સ્વીચ તે બંધ કરી ? બીજો પાઈલોટ જવાબ આપે છે કે સ્વીચ મેં બંધ કરી નથી. આ વાતચીત પરથી પણ સાબિત થાય છે કે, ઈંધણની સ્વીચ બંધ થવાને કારણે વિમાન તૂટી પડયું હતું. જો બે પૈકી એક પાઈલોટ દ્વારા ઈંધણ સ્વીચ બંધ કરવામાં આવી હોય તો તેણે આવું આત્મઘાતક પગલું કેમ ભર્યું તે વિચારવાનું રહે છે. વિમાનના પાઈલોટ દ્વારા જ વિમાન તોડી પાડવામાં આવ્યું હોય તેવા કિસ્સા દુર્લભ ગણાય છે.

મલેશિયા એરલાઈન્સ MH370ના કિસ્સામાં ઘણા નિષ્ણાતો માને છે કે, પાઈલોટે તેને જાણી જોઈને તોડી પાડયું હશે. જો પાઈલોટ દ્વારા જાણીજોઈને ઈંધણની સ્વીચ બંધ કરીને વિમાનને તોડી પાડવામાં આવ્યું હોય તો પણ બે શક્યતા હોય છે. બેમાંથી એક પાઈલોટ કોઈ માનસિક બીમારીથી પીડાતો હોય અને આપઘાત કરીને પોતાની જિંદગીનો અંત આણવા માગતો હોય અથવા તેને આ રીતે વિમાનને તોડી પાડવા માટે કોઈ મોટી રકમનું પ્રલોભન આપવામાં આવ્યું હોય.

જો કે, એર ઈન્ડિયાનો દાવો છે કે તેના તમામ પાઈલોટોની નિયમિત શારીરિક તપાસ કરવામાં આવે છે. જેમાં તેમના માનસિક આરોગ્યની ચકાસણી પણ કરવામાં આવે છે. કોઈ પાઈલોટ ડિપ્રેશન કે આપઘાતી વલણથી પીડાતો હોય તો તેને વિમાન ઉડાડવાની મંજૂરી આપવામાં આવતી નથી. આમ એર ઈન્ડિયાના દાવાથી કેસમાં મૂંઝવણભરી સ્થિતિ ઉભી થઈ છે. એર ઈન્ડિયાની ફ્લાઈટ ૧૭૧ તૂટી પડી તે પછી કોઈ આતંકવાદી સંગઠને તેની જવાબદારી લીધી નથી. એટલે ઘટનાને આતંકવાદી કૃત્ય સાથે સાંકળવું હાલ વધુ પડતુ ગણાય છે. હવે ફરી એ જ સવાલ ઉભો થાય છે કે આ ઘટનામાં સત્ય શું છે, બીજી તરફ દુર્ઘટનાના આ પ્રાથમિક તપાસ રિપોર્ટથી પીડિતોના પરિવારજનો ખુશ નથી. તેઓએ આરોપ મૂક્યો છે કે, આ રિપોર્ટની મદદથી ટાટાની માલિકીની એર ઈન્ડિયા, બોઈંગ અને ભારત સરકારને બચાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

આમ ઘટનાના પ્રાથમિક રિપોર્ટથી જ વિવાદ સર્જાયો છે. આ વિવાદ વધુ વકરે તે પહેલાં એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો ઓફ ઈન્ડિયા (AAIB)એ બચાવ સાથે ગુરુવારે સ્પષ્ટતા કરવા સાથે ઈન્ટરનેશનલ મીડિયા પર આરોપ મુક્યો હતો કે, કેટલાક વર્ગ વારંવાર અનવેરિફાઈ રિપોર્ટિંગ કરી આ દુર્ઘટનાનો તારણો શોધવાના પ્રયાસ કરાઈ રહ્યા છે. આ પ્રકારના બેજવાબદારીભર્યું રિપોર્ટિંગથી તપાસ પ્રક્રિયાને ખતરો ઉભો થવા સાથે દુર્ઘટનામાં જીવ ગુમાવનારા મુસાફરો, ક્રૂ મેમ્બર અને દુર્ઘટનાથી પ્રભાવિત લોકોના પરિવારોની સંવેદનાઓને પણ ઠેસ પહોંચશે.

manoj1968@yahoo. ca






# સાબર ડેરી પશુપાલકો સામે ઝૂકી, દૂધનો ભાવ ફેર આપવા નિર્ણય

## બે દિવસ પહેલા હજારો પશુપાલકો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થતાં ટીયરગેસ છોડાયો હતો : પૂર્વ ધારાસભ્ય સહિત 74 સામે ગુનો

**હિંમતનગર**

રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસથી બનાસ ડેરીના પશુપાલકો ભાવ ફેરને લઈ વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા. આખરે પશુપાલકોની માગ સામે સાબર ડેરીને ઝુકવું પડ્યું હતું. પશુપાલકોની માગ પ્રમાણે સાબર ડેરીએ દૂધનો ભાવ ફેર ૧૧૦ પ્રમાણે કરી આપવાનો નિર્ણય લીધો હતો. આ વખતે પણ ગત વર્ષ જેટલો જ ભાવ ફેર મળશે. પશુપાલકોને સાબર ડેરી દ્વારા 30 રૂપિયા ભાવ ફેર પહેલાથી ચૂકવાયેલો છે અને વધુ ત્રીસ રૂપિયા હવે ચૂકવવામાં આવશે. આ અંગે સાબર ડેરીના ચેરમેન અને પશુપાલકો વચ્ચે બેઠક યોજવામાં આવી હતી. જે બેઠકમાં આ ભાવફેર આપવાનો મહત્વનો નિર્ણય લેવાયો હતો.

આ પહેલા સાબર ડેરીમાં પોલીસ અને પશુપાલકો વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. જેમાં પોલીસે ટોળાને વિખેરવા લાઠીચાર્જ કરવો પડ્યો હતો અને ટીયર ગેસના સેલ છોડ્યા હતાં. સમગ્ર આંદોલનમાં ઈડરના એક પશુપાલકનું મોત થતાં પશુપાલકોમાં રોષે ભરાયા હતા. સાબર ડેરીમાં ઘર્ષણ મામલે પૂર્વ ધારાસભ્ય જશુ પટેલ સહિત 74 લોકો વિરુદ્ધમાં નામજોગ અને એક હજાર લોકોના ટોળા સામે એફઆઈઆર નોંધાવામાં આવી હતી. સમગ્ર મામલે પોલીસે 47 શખ્સોની અટકાયત કરી હતી. બાયડના પૂર્વ ધારાસભ્ય જશુ પટેલ પર લોકોને ઉશ્કેરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. સાબર ડેરીના ચેરમેન અને ડિરેક્ટરોએ ઓછો નફો ચૂકવી પશુપાલકો સાથે છેતરપિંડી કરી હોવાને લઈને જશુ પટેલ અને ધર્મેન્દ્રસિંહે સોશિયલ મીડિયા મેસેજ ફેલાવ્યા હતા. જેને લઈ મોટી સંખ્યામાં પશુપાલકો સાબર ડેરી ખાતે એકઠા થયા હતા.



# વડોદરા કોર્પોરેશનના ઓડિટ રિપોર્ટમાં રૂપિયા 116 કરોડનો હિસાબ જ 'ગાયબ'

**વડોદરા**

વડોદરા કોર્પોરેશનના ઓડિટ વિભાગે રજૂ કરેલા ઓડિટ રિપોર્ટ સ્થાયી સમિતિમાં રજૂ કરવામાં આવ્યો હતો.. જેમાં અનેક ગરબડ સામે આવી હતી. ઓડિટ રિપોર્ટમાં 116 કરોડનો હિસાબ નહીં મળતા પ્રશાસનની ઊંઘ હરામ થઈ ગઈ છે.



ઉલ્લેખનીય છે કે ઓડિટ શાખા દ્વારા વર્ષ 2024-25 દરમ્યાન વોર્ડ તેમ જ ખાતાઓની આવક અને ખર્ચના બિલની તપાસણી કરવામાં આવી હતી. જેનો ઓડિટ રિપોર્ટ સ્થાયી સમિતિ સમક્ષ જાણ માટે રજૂ કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન કુલ 43,944 બિલ તપાસણી માટે આવ્યા હતા. બિલ પ્રિ-ઓડિટ થયા બાદ ચૂકવણાં માટે હિસાબી શાખા તરફ રવાના કરવામાં આવે છે. બિલની તપાસણી દરમિયાન જણાયેલી વિવિધ પ્રકારની કપાત, વહીવટી ક્ષતિ, અનિયમિતતા પ્રાથમિક તબક્કે જ ઓડિટ ખાતાને ધ્યાનમાં આવી હતી.

# બરોડા ડેરીની ચૂંટણી પહેલા સાવલીના ધારાસભ્ય સામે ડિરેક્ટરનો મોરચો : ભ્રષ્ટાચાર માટે કેમ ચૂપ

## ધારાસભ્ય કેતન ઈનામદાર તેમના મળતિયા ભ્રષ્ટાચારીઓને છાવરી રહ્યા હોવાનો આક્ષેપ

**બરોડા**

બરોડા ડેરીની ડિસેમ્બર માસમાં આવી રહેલ ચૂંટણી પહેલા સાવલીના ધારાસભ્ય સામે ડેરીના ડિરેક્ટરે ખુલ્લો મોરચો માંડ્યો છે અને ધારાસભ્ય માત્ર અને માત્ર બરોડા ડેરીને જ ટાર્ગેટ કરે છે બાકીના ભ્રષ્ટાચાર સામે કેમ ચૂપ છે તેવો સવાલ કર્યો હતો.

ક્ષત્રિય આગેવાનો અને બરોડા ડેરીના ડિરેક્ટર કુલદીપસિંહ રાઉલજીએ આજે પત્રકાર પરિષદ યોજી સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદાર તેમના મળતિયા ભ્રષ્ટાચારીઓને છાવરી રહ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે 2021 માં હું ધારાસભ્ય સામે ચૂંટણી લડ્યો તેનો રોષ રાખી મને તેમજ મારા ટેકેદાર મંડળીના પ્રમુખ મંત્રીઓને ધાક ધમકી આપવામાં આવી રહી છે. દસ વર્ષ સુધી હું કેતન ઈનામદાર સાથે હતો ત્યારે તેમને ડેરી વિશે ક્યારે ઉચ્ચારણ કર્યું નથી. પરંતુ ક્યારથી હું તેમની સામે ચૂંટણી લડ્યો છું અને ભાજપમાં ફરી ખેસ ધારણ કર્યો છે ત્યારથી મને પ્રતિસ્પર્ધી ગણીને ડેરીને ટાર્ગેટ કરી રહ્યા છે. 15 તાલુકામાં 14 તાલુકામાં ભ્રષ્ટાચાર નથી અને માત્ર સાવલી તાલુકામાં જ ડેરી સામે આક્ષેપો થાય છે. ઠરાવો બદલવા માટે પોલીસની ધમકી આપવામાં આવે છે. સાવલી તાલુકામાં રેતી ખનન મોટે પાયે ચાલી રહ્યું છે, નગરપાલિકામાં સાડા ત્રણ લાખ રૂપિયા લઈ દુકાનો આપીને ભ્રષ્ટાચાર થયો છે, તળાવના બ્યુટીફિકેશન, રસ્તાઓ ડ્રેનેજ વગેરેમાં ભ્રષ્ટાચાર થાય છે પરંતુ ધારાસભ્ય એ બાબતે ક્યારેય બોલતા નથી. હું મારા પ્રમુખ મંત્રીઓની સાથે અડીખમ ઉભો છું.

# નકલી વિઝા પર લકઝમબર્ગ જતાં ગુજરાતના 7 મુસાફરો દુબઈથી ડિપોર્ટ, મુંબઈમાં ધરપકડ

## એજન્ટે લક્ઝમબર્ગ પહોંચ્યા પછી નોકરી મળી જશે તેવું વચન આપ્યુ હતું

**ગાંધીનગર**

ગુજરાતના કિશન નામના એજન્ટે આ સમગ્ર કારસો ઘડ્યો હતો. આ લોકોને ટુરિસ્ટ વિઝા અને નકલી શેંગેન વિઝા બનાવી આપવામાં આવ્યા હતા. તેમ જ એજન્ટે તેમને યુરોપિયન દેશોમાં મુસાફરી કરવા અને સ્થાયી થવા માટે વિગતો પૂરી પાડી હતી, તેવું આ લોકોએ પોલીસને જણાવ્યું હતું. શુક્રવારે રાત્રે ઈમીગ્રેશન અધિકારી વિષ્ણુ સાવંત મુંબઈ એરપોર્ટ પર પ્રવાસીઓના એરાઈવલ (આગમન)નું નિરીક્ષણ કરી રહ્યા હતા.આ દરમિયાન તેમને જાણવા મળ્યું હતું કે દુબઈ ઈમિગ્રેશન દ્વારા વિઝા ફ્લેગ કર્યા વિના સાત વ્યક્તિઓને દુબઈથી ડિપોર્ટ (દેશનિકાલ) કરવામાં આવ્યા છે. આ પ્રવાસીઓને તરત જ અટકમાં લઈ ત્યારબાદ આ ઈન્ચાર્જ સૂરજ યાદવ અને મોનિલ કૌશિકને સોંપવામાં આવ્યા હતા.

આ લોકોની વધુ પૂછપરછ અને તપાસમાં ઈમિગ્રેશન અધિકારીઓને જાણવા મળ્યું હતું કે તેમના લકઝમબર્ગ માટેના શેંગેન એમ્પ્લોયમેન્ટવિઝા નકલી હતા. એજન્ટે તેમને એમ કહીને ભરમાવ્યા હતા કે આ વિઝાના આધારે તેઓ લકઝમબર્ગમાં પ્રવેશી ગયા બાદ આ શેંગેન વિઝા માન્ય હોય તેવા 29 દેશોમાંથી કોઈપણ દેશમાં જઈ આવી શકશે અને ત્યાં નોકરકી રોજગાર શોધી શકશે. પોલીસે કૌશિકકુમાર પટેલ (ગાંધીનગર), અર્થકુમાર પટેલ (મહેસાણા), મહર્ષિ પટેલ (મહેસાણા), પૃથ્વીરાજગીરી ગોસ્વામી (મહેસાણા), ભાર્ગવ જોશી (મહેસાણા), કુણાલકુમાર પ્રજાપતિ (અમદાવાદ), મોહમ્મદ જૈદ હુસૈનખાન પઠાણ (મહેસાણા)ને પકડ્યા છે.

# અમેરિકા બાદ કેનેડા, યુરોપ અને દુબઈમાં અમૂલનું વિસ્તૃતીકરણ થશે

**આણંદ**

આણંદ અમૂલ ડેરીએ પશુપાલકોને ૨૦૨૩-૨૪માં ૫૩૦ કરોડ અંતિમ ભાવ તરીકે ચૂકવવામાં આવ્યા હતા. જે ૨૦૨૪-૨૫માં રૂા. ૬૦૨ કરોડથી વધુ ચૂકવાતા ૭૨ ટકા જેટલો વધારો થયો છે. અમૂલ ડેરીએ ખેડ સિટી-પુનામાં આઈસ્ક્રીમ અને ચિત્તૂર-આંધ્રપ્રદેશમાં દૂધ પ્રોસેસિંગના નવા પ્લાન્ટ્સ કાર્યરત કરાયા છે. ખાત્રજમાં પ્લાન્ટ સ્થાપીને યુએચટીના ઉત્પાદનો કરાય છે. કોન્ટ્રાક્ટ સિસ્ટમમાં પારદર્શીતા, વેન્ડર્સ સિસ્ટમને ઓપન કરી વાર્ષિક રૂા. ૧૦૦ કરોડથી વધુની બચત કરી છે.




સંઘ અને જીસીએમએમએફના સંયુક્ત પ્રયાસથી અમેરિકામાં દૂધ વિતરણ કરાય છે. હવે કેનેડા, યુરોપ, દુબઈમાં પણ અમૂલનું વિસ્તૃતીકરણ કરાશે. આણંદ અમૂલ ડેરીના ચેરમેન વિપુલભાઈ પટેલે અહેવાલ રજૂ કરતા જણાવ્યું છે કે, સંઘ દ્વારા આગામી દિવસોમાં વિદેશમાં પ્લાન્ટ ચાલુ કરવા માટે નક્કર આયોજન થઈ રહ્યું છે જેના પરિણામ જોવા મળશે.

# આણંદ મનપા હવે કરમસદ આણંદ મહાનગરપાલિકા તરીકે ઓળખાશે

**આણંદ**

આણંદ મહાનગરપાલિકાના બદલે કરમસદ આણંદ મહાનગરપાલિકા નામ માટે કેબિનેટે મંજૂરી આપી દીધી છે. ત્યારે હવે મનપાની ૫૦થી વધુ સ્થાવર મિલકતો અને ૧૫૦થી વધુ વાહનો ઉપર આણંદ મહાનગરપાલિકાના બેનરો બદલીને નવા કરમસદ આણંદ મહાનગરપાલિકાના બેનરો લગાવવાનું શરૂ કરી દેવાયું છે. આણંદ મહાનગરપાલિકામાં કરમસદને ભેળવી દેવાતા સરદાર વલ્લભભાઈ પટેલનું અસ્તિત્વ ભૂંસાઈ જવાના ભયથી કરમસદના ગ્રામજનોએ કમરસદને રાષ્ટ્રીય દરજ્જો અપાવવા માટે આંદોલન શરૂ કર્યું હતું.રૂ ત્યારે ભાજપના નેતાઓ દૂર રહી તમાશો નિહાળ્યો હતો. તાજેરતમાં ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની આણંદની બે દિવસીય મુલાકાત દરમિયાન તેમણે ત્રિભોવનદાસ પટેલ સાથે સરદાર વલ્લભભાઈ પટેલને યાદ કર્યા બાદ અચાનક આણંદના ભાજપી ધારાસભ્યો સહિતના નેતાઓને સરદાર સાહેબ યાદ આવ્યા હતા અને આણંદ મનપાનું નામમાં કરમસદનો સમાવેશ કરવા મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી.

# 21 લોકોના મોત બાદ સરકારને ડહાપણ સુઝ્યું રૂ.212 કરોડના ખર્ચે નવો ગંભીરા બ્રિજ બનશે

**ગંભીરા**

પાદરા-આંકલાવને જોડતો ગંભીરા બ્રિજ પત્તાની મહેલની જેમ ધરાશાયી થતાં 21 નિર્દોષ લોકોએ જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો. બ્રિજ દુર્ઘટના પછી સરકારને ડહાપણ સુઝ્યુ છે. હવે આ જ સ્થળે 212 કરોડ રૂપિયાના ખર્ચે નવો ટુ લેન ગંભીરા બ્રિજ બનાવવા નક્કી કર્યુ છે. પરંતુ સવાલ એ છેકે, જો સ્થાનિકો અને વિપક્ષના નેતાઓની લેખિત રજૂઆતો પ્રત્યે સરકારે ગંભીરતા દાખવી હોત તો કદાચ મહામૂલી જિંદગીને બચાવી શકાઈ હોત.

ગંભીરા બ્રિજ એટલી જર્જરિત અવસ્થામાં હોઈ સ્થાનિકોએ છેલ્લાં બે વર્ષથી સતત લેખિત રજૂઆતો કરી છતાંય માર્ગ મકાન વિભાગ જ નહીં, સરકારના બહેરા કાને આ ફરિયાદો સંભળાઈ નહી. લાખો રૂપિયા ખર્ચીને સમારકામ પણ કરાયું છતાંય સરકારની ગુનાઈત બેદરકારીના ભોગે બ્રિજ ધરાશાયી થયો અને નિર્દોષ લોકોને જાન ગુમાવવા પડ્યાં હતાં. હવે જ્યારે બ્રિજ દુર્ઘટના થઈ છે, ત્યારે સરકાર હવે હરકતમાં આવી છે. રાજ્ય સરકારે આ જ સ્થળે 212 કરોડ રૂપિયાના ખર્ચે નવો ટુ લેન બ્રિજ બનાવવા નિર્ણય કર્યો છે.

સરકારે એવો દાવો કર્યો છે કે, દોઢ વર્ષમાં નવો બ્રિજ બની જશે. બ્રિજ તૂટી પડતાં મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચે વાહનવ્યવહારને અસર પહોંચશે. આ ઉપરાંત સ્થાનિકો માટે રોજગારીનો પ્રશ્ન પણ ફેણ માંડીને ઊભો રહેશે. શાળા-કોલેજોના વિદ્યાર્થીઓને પણ અગવડતાનો સામનો કરવો પડશે. સ્થાનિકોનું કહેવું છે કે,જો સરકારે અમારી ફરિયાદો પ્રત્યે ગંભીરતા દાખવી હોત તો કદાચ આ દુર્ઘટના જ સર્જાઈ ન હોત.

# રાજકોટનાં 8 ખાતામાં સાયબર ફ્રોડના 12.50 કરોડ જમા થયા

## પેઢીના ખોટા સિક્કા, જુદી-જુદી પેઢીના નામના પાનકાર્ડ કઢાવી અને અન્ય સર્ટીફિકેટની મદદથી બેન્ક ખાતા ખોલાવ્યા હતા

**રાજકોટ**

રાજકોટની બેન્કમાં ખોલાવેલા આઠેક ખાતામાં સાયબર ફ્રોડના રૂા.૧૨.૫૦ કરોડ જમા થયાનો ઘટ્ટસ્ફોટ થયો છે. પોલીસે સાયબર લેબની મદદથી સાયબર ફ્રોડમાં ઉપયોગમાં લેવાયેલા બેન્ક ખાતાઓ અંગે તપાસ શરૂ કરી હતી. જે દરમિયાન ઈન્ડિયન ઓવરસીઝ બેન્કમાં ખોલાવાયેલા ૭ ખાતામાં સાયબર ફ્રોડના રૂા.૯.૫૦ કરોડ જમા થયાનો ઘટ્ટસ્ફોટ થયો હતો. પીઆઈ એમ.એ. ઝણકાતે તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે જે ૭ પેઢીના નામે આ બેન્ક ખાતા ખોલાવાયા હતા તે તમામ પેઢીનું કોઈ અસ્તિત્વ નથી. જેથી બેન્ક ખાતા ખોલાવનાર મયુર હિતેન્દ્ર ખુંગલા , રોમેશ અમીરભાઈ મુર્ખીડા (રહે. આરટીઓ પાછળ), મીત લાલબહાદુર ગુપ્તા અને લાલબહાદુર નરોતમ ગુપ્તા (રહે. બંને જલારામ સોસાયટી) ની પુછપરછ કરતાં ચારેયે એવી કબુલાત આપી હતી કે સારૂ કમિશન મેળવવા માટે રાજેન્દ્ર નવલ ખુંગલા અને પ્રવીણ પરસોતમ સંખારવાની મદદથી જુદી-જુદી પેઢીના ખોટા સિક્કા, ખોટી પાર્ટનરશીપ ડીડની મદદથી, જુદી-જુદી પેઢીના નામના પાનકાર્ડ કઢાવી અને અન્ય સર્ટીફિકેટની મદદથી બેન્ક ખાતા ખોલાવ્યા હતા. બદલામાં તેમને સારૂ કમિશન મળ્યું હતું. જેથી બે પૈકીના એક એવા મુખ્ય સુત્રધાર પ્રવીણ સંખારવા (રહે. તીરૂપતિ પાર્ક-૧, બેડીપરા)ની પુછપરછ કરતાં તેણે કહ્યું કે મુંબઈના આશિષને ઓનલાઈન ગેમીંગ અને ફ્રોડના રૂપિયા જમા કરાવવા માટે આ તમામ બેન્ક ખાતા આપ્યા હતા. જેના બદલામાં તમામ ખાતાધારકોને તગડું કમિશન આપતો હતો. એટલું જ નહીં તમામ બેન્ક ખાતા ખોલાવવા માટે રજૂ કરવામાં આવેલ પાર્ટનરશીપ ડીડનું નોટરાઈઝડ જીજ્ઞાશા બાંભવા દ્વારા કરવામાં આવ્યું હતું. સાયબર ક્રાઈમ પોલીસે પાંચ ખાતા ધારકો મયુર, રોમેશ, લાલબહાદુર, મીત, હાર્દિક જગદીશ લીંબાસીયા, બે મુખ્ય સુત્રધારો પ્રવીણ, રાજેન્દ્ર, નોટરી જીજ્ઞાષા અને મુંબઈના આશિષ સામે ગુનો દાખલ કર્યો છે.

### બેન્ક ખાતા ભાડે આપનારને દર મહિને રૂા. 10,000 મળતા હતા

પોલીસને તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે બોગસ પેઢીના નામે બેન્ક ખાતા ખોલાવનાર દરેક આરોપીને દર મહિને રૂા. 10- 10,000 આપવામાં આવતા હતા. દરેક પેઢીમાં બે ભાગીદારોના નામે બેન્ક ખાતા ખોલાવાયા હતા. જેથી આ બંને ભાગીદારોને ખાતા ખોલાવતી વખતે રૂા. 10,000 તો અપાયા જ હતા. પરંતુ તે સાથે દર મહિને પણ રૂા. 10- 10,000 અપાતા હતા. મુખ્ય સૂત્રધાર પ્રવીણે પણ પોતાના 2 ખાતા આપ્યા હતા. જેથી તેને પણ દર મહિને રૂા. 20,000 મળતા હતા.

# મોરબીમાં પ્રજાના પ્રશ્નો મુદ્દે કોંગ્રેસે મહાનગરપાલિકા કચેરીને માથે લીધી

## ગેટ બંધ કરાયા છતાં કોંગ્રેસ દ્વારા વિરોધ ચાલુ રખાયો

**મોરબી**

મોરબીમાં ભાજપના ધારાસભ્ય કાંતિ અમૃતિયાએ વિસાવદર આપના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાને મોરબીથી ચૂંટણી લડવાની ચેલેન્જ આપી હતી. જેને લઈને આજે (14મી જુલાઈ) ગુજરાતમાં રાજકીય માહોલ ગરમાયો છે. તો બીજી તરફ કોંગ્રેસે બિસ્માર રોડ રસ્તા જેવા પ્રજાના પાયાના પ્રશ્નોને લઈને મોરબી મહાપાલિકા કચેરીનો ઘેરાવ કર્યો હતો. પરંતુ મહાપાલિકાનો ગેટ બંધ કરી પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવતા પૂર્વ ધારાસભ્ય લલિત કગથરા સહિત કોંગ્રેસના કાર્યકરોને મહાપાલિકા કચેરીમાં પ્રવેશી શક્યા ન હતા.પાયાના પ્રશ્નોને લઈને મોરબી મહાપાલિકાનો કોંગ્રેસે ઘેરાવ કર્યો હતો. પોલીસ બંદોબસ્ત વચ્ચે મહાપાલિકાનો ગેટ બંધ કરી દેતા કોંગ્રેસના કાર્યકરોએ ગેટની બહારથી વિરોધ ચાલુ રાખ્યો હતો. આ દરમિયાન ડેપ્યુટી કમિશનર કુલદીપસિંહ વાળાએ કચેરી બહાર આવીને કોંગ્રેસ આગેવાનો સાથે વાતચીત કરી મામલો થાળે પાડવાનો પ્રયાસ હાથ ધર્યો હતો.

# વિદેશ મોકલવાના નામે 8 સાથે 31 લાખની ઠગાઈ

**જૂનાગઢ**

જૂનાગઢમાં મધુરમ વિસ્તારમાં રહેતા અને સિવીલમાં પીએમજેએવાય વિભાગમાં નોકરી કરતા ભૂમિત રમેશભાઈ ગોહેલ (ઉ.વ. 22)ને બહારના દેશમાં કામ માટે જવું હોવાથી તેણે તેના મિત્રને વાત કરી હતી. તેના મિત્રએ મધુરમમાં એપલ વુડમાં યુવી ટુર નામની ઓફિસ આવી છે ત્યાં વિદેશ કામ માટે માણસોને મોકલે છે. આથી ભૂમિત તથા તેના પિતા આ ઓફિસે ગયા હતા ત્યાં નિહાર જાની મળ્યો હતો. તેણે 'દુબઈ જવા કરતા યુરોપ કંટ્રીમાં જવા જેવું છે ત્યાં પગાર સારા છે' એવી વાત કરી હતી. ભૂમિતે તેના મિત્ર જયદિપ મેવાડાને વાત કરી હતી. તા. 10-11-2024 ના ભૂમિત તથા તેના પિતા નિહાર જાનીને મળ્યા હતા. તેણે કુલ પાંચ લાખનો ખર્ચ થશે, તેમાંથી 50,000 એડવાન્સ અને બાકીના વિઝા તથા ટિકીટ આવે ત્યારે આપવાના તેવી વાત કરી હતી. વિદેશ જવા માટે ભૂમિત ગોહેલે 3 લાખ, જયદિપ હરસુખભાઈ મેવાડાએ 3.70 લાખ, નવાગઢના નીતિન કાંતિભાઈ મેવાડાએ 4.70 લાખ, સુમિત સંજયભાઈ મેવાડાએ 5 લાખ, વિશાલ માધાભાઈ મેવાડાએ 4.70 લાખ, વડાલના દિપક ચંદુભાઈ વઘેરાએ 4.40 લાખ અને દ્વારકા જીલ્લાના મીઠાપુરના મલ્હાર કાંતિભાઈ મારૂએ 2.80 લાખ અને વિજય રમેશભાઈ મારૂએ 2.80- લાખ રૂપીયા મળી કુલ તમામે 31.10 લાખ રૂપીયા ચુકવ્યા હતા. આ યુવાનોને અલ્બેનીયા મોકલવાની વાત કરી આણંદ, મુંબઈ અને ત્યાંથી બેંગ્લોર મોકલ્યા હતા. ત્યાં તેમને અલ્બેનીયામાં ઓફર લેટર આપ્યો હતો. આ લોકો બેંગ્લોર એરપોર્ટ પર ગયા ત્યારે ત્યાં ઈમીગ્રેશન બંધ થઈ ગયું હતું આથી એરપોર્ટમાં જવા દીધા ન હતા અને ડિપોર્ટ કર્યા હતા. આ અંગે નિહાર જાનીને જાણ કરતા તેણે એક રાત રોકાવા કહ્યું હતું. ફરી ફોન કરતા નિહાર જાની 15 દિવસ બાદ તમારી અલ્બેનીયાની ટિકીટનું થઈ જશે, તમે ઘરે જતા રહો તેમ કહ્યું હતું. આથી આ લોકો રાજકોટ અને ત્યાંથી જૂનાગઢ આવ્યા હતા. ત્યારબાદ નિહાર જાનીએ બહાના કર્યા હતા. પૈસા પરત માંગતા આપ્યા ન હતા.

# જૂનાગઢમાં બ્રિજ તૂટ્યો, માંગરોળના આજક ગામમાં રિપેરિંગ કરતી વખતે ઘટના બની

**જુનાગઢ**

જૂનાગઢના માંગરોળના આજક ગામે પણ બ્રિજ તૂટવાની ઘટના સામે આવી છે. આ ઘટના બ્રિજના રિપેરિંગ કામ વખતે બની હતી. જોકે સદભાગ્યે કોઈ જાનહાનિ થઈ નહોતી. આ બ્રિજ આત્રોલીથી કેશોદ તરફ જવાના રસ્તે આવેલો હતો. જોકે આ ઘટના વખતે બ્રિજ પર ઊભેલા લોકો નદીમાં ખાબકી ગયા હતા.

આ મામલે ધારાસભ્યનું દેવા માલમનું કહેવું છે કે આ બ્રિજ પહેલાથી જર્જરિત જ હતો અને તેને તોડવાનો જ હતો. જોકે તેનું સમારકામ ચાલી રહ્યું હતું ત્યારે જ તે તૂટી પડ્યું. આ દરમિયાન બ્રિજ પર ઊભેલા લોકો નદીમાં ખાબકી ગયા. જોકે કોઈ જાનહાનિ થઈ નહોતી. લોકોને ઘટનાસ્થળે હાજર લોકોએ જ બચાવી લીધા હતા. આ મામલે ગામના સરપંચે નિવેદન આપતા કહ્યું છે કે નવો પુલ બનાવવા માટે જૂનો




બ્રિજ તોડવામાં આવી રહ્યો હતો. જોકે આ દરમિયાન જ દુર્ઘટના સર્જાઈ ગઈ હતી કેમ કે બીજી સાઈડથી બ્રિજ તૂટી પડ્યો હતો. આ દરમિયાન હીટાચી મશીન સાથે કુલ 6 થી વધુ લોકો નદીમાં ખાબકી ગયા હતા. જોકે ઘટનાસ્થળે હાજર ટીમને કારણે તમામને બચાવી લેવામાં સફળતા મળી હતી.

# તળાજાના પાવઠી ગામમાં કારમાં ગૂંગળાઈ જતાં ભાઈ-બહેનના મોત

## કારનો દરવાજો ઓટોમેટિક લોક થઈ જતાં માસૂમ ફસાયા

**તળાજા**

તળાજાના પાવઠી ગામના દિપકભાઈ સોઢાતરના બે બાળકો તન્વી (ઉ.વ. 6) અને હિત (ઉ.વ. 4) સગા ભાઈ-બહેન કારમાં રમી રહ્યા હતા. આ દરમિયાન કારમાં અચાનક ઓટોમેટિક લોક સિસ્ટમ એક્ટિવ થતાં બંને ભાઈ-બહેન તેમાં ફસાય જાય છે. જ્યારે બપોરથી સાંજનો સમય થયો હોવા છતાં બાળકો ન દેખાતા પરિવારે તેમની શોધખોળ શરૂ કરી હતી. ત્યારબાદ પરિવારે પોતાના ઘરની આગળ પાર્ક કરેલી કારમાં




જોતાં બંને બાળકો બેભાન અવસ્થામાં મળી આવ્યા હતા. જેને લઈને પરિવારે તાત્કાલિક બંનેને હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં ડૉક્ટરે બંને ભાઈ-બહેનને મોત જાહેર કર્યા હતા.

# પોરબંદરના કુતિયાણામાં શ્વાનનો આતંક, 2 મહિનાના બાળકને ફાડી ખાતા મોત

**પોરબંદર**

પોરબંદરમાં શ્વાનના ટોળાઓએ બે મહિનાના બાળકનો ભોગ લીધો છે. મળતી માહિતી મુજબ, ચારથી પાંચ શ્વાન દ્વારા બાળક પર જીવલેણ હુમલો કર્યા બાદ તેનું મોત નિપજ્યું છે. પોરબંદરના કુતિયાણાના કોટડા ગામે વાડી વિસ્તારમાંથી શ્વાનનો આતંક સામે આવ્યો છે. જેમાં ઘોડિયામાં સૂતા બે મહિનાના બાળક પર ચાર જેટલાં શ્વાને આવીને હુમલો કર્યો હતો. જેમાં બાળકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતા પરિવારે તાત્કાલિક બાળકને ભાવસિંહજી હૉસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડ્યું. જોકે, સારવાર દરમિયાન જ બાળકનું કરૂણ મોત નિપજ્યું હતું. હાલ, બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલવામાં આવ્યું છે.

# બોટાદમાં કોઝ વે ઉપરથી BAPSના સાત ભક્તોને લઈ જતી કાર તણાઈ, 2ના મોત

**બોટાદ**

બોટાદ નજીક મોટી દુર્ઘટના સર્જાઈ છે, જ્યાં એક કોઝ-વે પાર કરતી વખતે કાર પાણીના પ્રવાહમાં તણાઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં BAPS સ્વામિનારાયણ સંસ્થાના બે હરિભક્તોના કરુણ મોત થયા છે, જ્યારે એક વ્યક્તિ લાપતા થયો હતો. સદનસીબે, કારમાં સવાર અન્ય ચાર લોકોને આબાદ બચાવી લેવાયા હતા. આ સંતો બોચાસણથી સાળંગપુર તરફ જઈ રહ્યા હતા ત્યારે તેમને આ અકસ્માત નડ્યો હતો. ભારે વરસાદને કારણે કોઝ-વે પર પાણીનો પ્રવાહ તેજ હતો, જેના કારણે કારે કાબૂ ગુમાવતાં પાણીમાં તણાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતા જ સ્થાનિક રેસ્ક્યુ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. ચાર વ્યક્તિઓને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા, પરંતુ બે હરિભક્તોને બચાવી શકાયા ન હતા. હાલ બરવાળાના મામલતદાર અને પોલીસના ઉચ્ચ અધિકારીઓની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સ્થાનિક રેસ્ક્યુ ટીમ દ્વારા ગુમ હરિભક્તની શોધખોળ કરાઈ હતી. આ ઉપરાંત, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF)ની ટીમ પણ ઘટનાસ્થળ પર પહોંચી ગઈ છે અને બચાવ કામગીરીમાં જોડાઈ હતી.

# લંડનમાં વિમ્બલ્ડન અન્ડર-14માં જૂનાગઢની જેન્સી કાનાબાર છવાઈ ગઈ

**જૂનાગઢ**

લંડનમાં વિમ્બલ્ડન ટેનિસ ટૂર્નામેન્ટ અંડર- 14માં જૂનાગઢની દીકરીએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ગઈકાલે રમાયેલી ચારમાંથી બે મેચમાં આ દીકરી જેન્સી કાનાબારે જીત મેળવી હતી. રમત જોઈ મહાન ટેનિસ ખેલાડી માર્ટીના હિંગીસે પ્રશંસા કરી જેન્સીને મહાન ખેલાડી ગણાવી હતી. ડોળાસાના અને હાલ જૂનાગઢના ઝાંઝરડા રોડ પર રહેતા શિક્ષક દિપકભાઈ કાનાબારે પોતાનો રમતગમતનો શોખ પોતાની પુત્રીમાં બાળપણથી જ ઉતાર્યો હતો. તેની પુત્રી જેન્સી 4 વર્ષની હતી ત્યારથી ટેનિસ રમતની પ્રેક્ટીસ કરાવવાનું શરૂ કરી દીધુ હતું. પ્રોફેશનલ રીતે જેન્સી ટેનિસમાં પોતાનું કૌવત દર્શાવી શકે તે માટે કોલકતા અને અમદાવાદના કોચ મારફત તાલીમ અપાવી હતી.

# ખોટી રીતે કેસ કર્યો છે : ચૈતર વસાવાના સમર્થકોનું આવેદન, રાજપીપળામા પોલીસ-કાર્યકરો વચ્ચે ઘર્ષણ

## ભાજપના સંજય વસાવાએ કરેલી સમાધાનની ઓફર ચૈતરની પત્નીઓએ ફગાવી

**રાજપીપળા**

નર્મદા જિલ્લાના રાજપીપળાની કલેક્ટર કચેરીએ આદિવાસી સમાજના આગેવાનો અને આપના કાર્યકરોએ આજે નર્મદા કલેક્ટરને આવેદન પત્ર આપ્યું હતું. ધારાસભ્ય ચૈતર વસાવાના ધર્મ પત્ની શકુંલાબેન અને વર્ષબેન સહિત, આપના આગેવાનો અને આદિવાસી સમાજના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન ચૈતર વસાવાના સમર્થકો અને પોલીસ વચ્ચે કલેક્ટર કચેરીએ ઘર્ષણ થયું હતું. જોકે પોલીસ સાથે બોલાચાલી બાદ કલેક્ટરની મંજૂરીથી આવેદન પત્ર આપવા માટે જવા દેવામાં આવ્યા હતા.

બીજી તરફ સંજય વસાવાએ કહ્યું હતું કે ચૈતર વસાવા માફી માંગે તો કેસ પાછો લેવા તૈયાર છું, જેના જવાબમાં ચૈતર વસાવાની પત્ની વર્ષા વસાવાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, ‘સંજયભાઈ સમાધાન પર આવ્યા છે, ચૈતરભાઈએ જેલ વેઠી છે. અમે સમાધાન કરવાના નથી, ચૈતર વસાવા કોઈની માફી માંગશે નહી.’ તેમણે ભારપૂર્વક કહ્યું કે, ‘એ લોકો પાસે કોઈ પુરાવા જ નથી, સીસીટીવી ફૂટેજ જાહેર કરે. ચૈતરભાઈ સાચા છે, માફી નહીં માગે.’ આ નિવેદનો દર્શાવે છે કે **AAP** આ મામલે કોઈ સમાધાન કરવા તૈયાર નથી અને વસાવાને નિર્દોષ સાબિત કરવા અડગ છે.. મીડિયા સાથે વાત કરતા વર્ષા વસાવાએ જણાવ્યું હતું કે, ‘અમારી રેલી પર 144 લગાવવામાં આવી છે.



### ‘લાફા કાંડ’માં ધારાસભ્યની જામીન અરજી નામંજૂર, જેલવાસ લંબાયો

દેડિયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાને ‘લાફા કાંડ’ સંબંધિત કેસમાં જામીન મેળવવામાં વધુ વિલંબનો સામનો કરવો પડશે. નીચલી કોર્ટ બાદ સેસન્સ કોર્ટે પણ તેમની જામીન અરજી નામંજૂર કરતા, તેમને હજુ જેલવાસ ભોગવવો પડશે. જામીન અરજી માટે હવે તેમને ગુજરાત હાઈકોર્ટનો દરવાજો ખખડાવવો પડશે. ચૈતર વસાવા 5 જુલાઈથી જેલમાં છે અને હાલ વડોદરા સેન્ટ્રલ જેલમાં કેદ છે. સરકારી પક્ષે ચૈતર વસાવાના જામીન નામંજૂર કરવા માટે તેમના અગાઉના કેસોની રજૂઆત કરી હતી.

# સુરતમાં છેડતીનો ભોગ બનેલી યુવતીનો આપઘાતઃ CM સમક્ષ ન્યાયની માંગ થઈ

સુરત : કતારગામ વિસ્તારમાં નેનું વાવડિયા નામની પાટીદાર સમાજની 19 વર્ષીય યુવતી એક ટ્યૂશન સેન્ટરમાં સહાયક શિક્ષિકા તરીકે કામ કરતી હતી. યુવતીએ રવિવારે નાની વેડ વિસ્તારમાં પોતાના ઘરે આત્મહત્યા કરી. તે સમયે તેનો પરિવાર ઘરની બહાર હતો. જે બાદ પરિવાર દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. છેલ્લા પાંચ મહિનાથી નીલ નામનો 20 વર્ષીય યુવક પીડિતાનો પીછો કરતો હતો અને તેની સાથે સંબંધ બાંધવા દબાણ કરતો હતો, જેથી તેને અંતિમ પગલું ભર્યું છે. આ કેસમાં સમાજના આગેવાનોએ પણ ન્યાય અપાવવા માટે રાજ્યના મુખ્ય પ્રધાનને અપીલ કરી છે. પીડિતાના પિતાએ જણાવ્યું કે નીલ છેલ્લા પાંચ મહિનાથી તેમની દીકરીનો પીછો કરતો હતો અને તેની સાથે સંબંધ બાંધવા દબાણ કરતો હતો. તેણે યુવતીને રોજ ફોન કરી ધમકીઓ આપી અને ટ્યૂશન સેન્ટર જતી વખતે હેરાન કરતો હતો.

# નર્મદાના માંડણ ગામે થાર કાર પાણીમાં ગરકાવ પ્રવાસીઓની સતર્કતાથી મોટી દુર્ઘટના ટળી

નર્મદા : કરજણ ડેમના બેકવોટર વિસ્તારમાં કુદરતી સૌંદર્ય માણવા મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે. આ પ્રવાસીઓ પોતાની કાર ટેકરા પર પાર્ક કરીને કુદરતી સૌદર્યનો આનંદ માણે છે. બુધવારે કોઈ અગમ્ય કારણોસર પાર્ક કરેલી થાર કાર ધીમે ધીમે સરકીને પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી.

આ ઘટના બનતાં જ આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા. તંત્ર અને વનવિભાગ દ્વારા અગાઉ પણ અનેકવાર પ્રવાસીઓને કાર પાણીથી સુરક્ષિત અંતરે પાર્ક કરવા સૂચના આપવામાં આવે છે. તેમ છતાં, પ્રવાસીઓ આ સૂચનાઓને અવગણતા હોવાથી આજે આ ઘટના બની હતી.

પાણીમાં ગરકાવ થયેલી થાર કારને અન્ય એક ટેમ્પોની મદદથી બહાર કાઢવામાં આવી હતી. જો કારમાં કોઈ વ્યક્તિ સવાર હોત, તો ચોક્કસપણે એક મોટી અને ગંભીર દુર્ઘટના સર્જાઈ હોત.










સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# મોરબીથી ગાંધીનગર સુધીની 'નૌટંકી', 'વિકાસ'ની નીતિ ભૂલાઈ

## રાજીનામું આપવા મોરબીના ધારાસભ્ય 150 કારના કાફલા સાથે ગાંધીનગર પહોંચ્યા અને ઈટાલિયા નહીં દેખાતા ચાલતી પકડી

**મોરબી**

છેલ્લા એક અઠવાડિયાથી સોશિયલ મીડિયા પર મોરબીના ધારાસભ્ય કાંતિ અમૃતિયા અને વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ઉપાડો લીધો હતો. એકબીજાને સામે પડકારો ફેંકાતા હતા. બડાશ હાંકતા શૂરાતનભર્યા વીડિયો અપલોડ કરી રાજકારણમાં અને નાગરિકોની નજરે ચઢવાના હવાતિયા મરાતા હતા. પરંતુ અંતે રાજીનામા માટે પહેલે આપ... પહેલે આપ... વાળી થઈ. અઠવાડિયાથી ચાલી રહેલા ચેલેન્જ વોરના પગલે મોરબીના ધારાસભ્ય કાંતિ અમૃતિયા 100થી વધુ કારના કાફલા સાથે ગાંધીનગર વિધાનસભા ખાતે પહોંચ્યા હતા. જ્યાં કાર્યકર્તાઓ સાથે શક્તિ પ્રદર્શન યોજ્યું હતું. ત્યાં વાજતે-ગાજતે ઢોલ નગારા સાથે નાટકો થયા. એટલે કે મોરબીથી ગાંધીનગર સુધી નાટક જ નાટક જોવા મળ્યું. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ સ્પષ્ટ કહ્યું હતું કે ગોપાલ ઈટાલિયા રાજીનામું આપવાના નથી. આમ છતાં ભાજપના ધારાસભ્ય કાંતિ અમૃતિયાએ વિધાનસભામાં ગોપાલ ઈટાલિયા 12:30 વાગ્યા સુધી રાહ જોઈ રાજીનામાના ધતિંગ કર્યા અને ત્યારબાદ ત્યાંથી ચાલતી પકડી હતી.

### 'મેં અઢી વર્ષમાં બે હજાર કરોડના કામ કર્યા : મકવાણાની ઈટાલિયાને ચેલેન્જ

બોટાદના ધારાસભ્ય ઉમેશ મકવાણાએ પોતાના કાર્યકાળ દરમિયાન તેમના મતવિસ્તારમાં કરેલા કામ અંગે જણાવતા કહ્યું હતું કે, 'મેં મારા અઢી વર્ષના કાર્યકાળમાં બોટાદ વિસ્તારમાં રુ. 2000 કરોડના વિકાસના કામો કર્યા છે. ગોપાલભાઈમાં ત્રેવડ હોય તો કામ કરવાની ચેલેન્જ કરો. ગોપાલભાઈ વિસાવદરમાં 500 કરોડના કામ કરીને ઉમેશભાઈને ચેલેન્જ આપે.' ઉમેશ મકવાણાએ વધુમાં વાત કરતાં કહ્યું હતું કે, 'ભાજપ અને આપના ધારાસભ્યો રાજીનામાના નાટક કરે છે. પ્રજાના કામ કરવા માટે ચૂંટાયા છો, તો કામ કરો. કામની રાજનીતિ કરો. લોકોએ તમારા ઉપર વિશ્વાસ મુકીને તમને ચૂંટ્યા છે, તો આવા નાટકો બંધ કરો.

### મેં ક્યાં કહ્યું હતું કે, હું રાજીનામું આપીશ : કાંતિ અમૃતિયાને ઈટાલિયાનો જવાબ

ગોપાલ ઈટાલિયાએ કાંતિ અમૃતિયાની ચેલેન્જ વિશે વાત કરતાં જણાવ્યું કે 'મને વાંચતા, લખતા અને ચોરી પકડતા આવડે છે. ભાજપવાળાઓએ મુદ્દાને ભટકાવવા માટે કહ્યું હતું કે ગોપાલ ઈટાલિયા રાજીનામું આપે છે. મેં કહ્યું જ નથી કે, હું રાજીનામું આપીશ.' જે ગોપાલિયા ઈટાલિયાએ આખી સરકારને હરાવી તેમને કહેતા પણ શરમ નથી આવતી કે, ઈટાલિયા રાજીનામું આપશે. એટલું જ નહી ભાજપવાળાઓએ મોરબીવાળી ઘટનામાં મારો નંબર વાયરલ કર્યો. સવારથી લગભગ 500થી વધુ ફોન કોલ આવ્યા છે, કેમ આવ્યા નહી. ફોન કરીને અપશબ્દો બોલે છે અને ગાળો આપવાનું ચાલુ કરી દે છે.

# ભાવનગરમાં ભાજપના ધારાસભ્ય શંભુનાથ બાંધકામમાં હપ્તા લે છે : પૂર્વ પ્રમુખનો આરોપ

## આક્ષેપોમાં તથ્ય નથી, પ્રદેશમાં જાણ કરાશે : જિલ્લા ભાજપ પ્રમુખ ગોહિલ

**ભાવનગર**

વલ્લભીપુર તાલુકાના લીમડા ગામ ખાતે આજે પૂર્વ ભાવનગર જિલ્લા ભાજપ પ્રમુખ મુકેશ લંગાળિયાના અધ્યક્ષસ્થાને 'સેવા હી સંગઠન' દ્વારા આયોજિત આ સન્માન સમારોહમાં વલ્લભીપુર તાલુકાના 54 પૈકી 37 સરપંચ ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમમાં પૂર્વ ભાવનગર જિલ્લા ભાજપ પ્રમુખ મુકેશ લંગાળિયાએ સંબોધન દરમિયાન ગઢડા બેઠકના ધારાસભ્ય શંભુનાથ ટૂંડિયા સામે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો કર્યા હતાં.

મુકેસ લંગાળિયાએ ધારાસભ્ય સામે આક્ષેપ કરતા આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, ધારાસભ્ય શંભુનાથ ટૂંડિયા અને તેઓના પ્રતિનિધિઓ દ્વારા સરકારી બાંધકામો બની રહ્યા હોય તેમાં તેઓ હપ્તાઓ લઈને ખૂબ મોટા પાયે ભ્રષ્ટાચાર કરી રહ્યા છે, ધારાસભ્ય શંભુનાથ ટૂંડિયા બહારથી આવ્યા છે, તેઓને તાલુકાના લોકોની કોઈ ચિંતા નથી, કાર્યકર્તાઓના ફોન ધારાસભ્ય ઉપાડતા નથી વગેરે આક્ષેપો કરતા ખળભળાટ મચી જવા પામ્યો હતો અને રાજકીય માહોલ ગરમાયો હતો.ધારાસભ્યથી સરપંચો પણ નારાજ હોવાથી આ કાર્યક્રમમાં જોડાયા હોવાનું જાણવા મળેલ છે. આ બાબતે ભાવનગર જિલ્લા ભાજપ પ્રમુખ દિગ્વિજયસિંહ ગોહિલે કહ્યું કે, આક્ષેપમાં તથ્ય જણાતું નથી અને આ બાબતે પ્રદેશ ભાજપ સંગઠનને જાણ કરવામાં આવશે.

# પોલીસ પુત્રએ બેફામ કાર ચલાવીને 2 લોકોના જીવ લીધા, 2 ઈજાગ્રસ્ત

**ભાવનગર**

રાજ્યમાં અકસ્માતની ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે ભાવનગરમાં ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં ભાવનગરના કાળિયાબીડ વિસ્તારમાં પોલીસ પુત્રએ બેફામ કાર ચલાવીને બાઈક ચાલક સહિત 4 જેટલાં લોકોને અડફેટે લીધા હતા. ગમખ્વાર અકસ્માતની આ ઘટનામાં એક યુવક અને એક વૃદ્ધાનું મોત નીપજ્યું હતું. જ્યારે 2 વ્યક્તિની હાલત ગંભીર હોવાથી સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. સમગ્ર મામમલે એ ડિવિઝન પોલીસે સહિતની ટીમ ઘટનાસ્થળે દોડી પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. ભાવનગરના કાળિયાબીડ વિસ્તારમાં સરદાર પટેલ સ્કૂલ તરફના રસ્તે શક્તિમાના મંદિર પાસે એક કાર ચાલકે અકસ્માત સર્જ્યો હતો. જેમાં ભાર્ગવ ભરતભાઈ ભટ્ટી નામના યુવકનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય 3-4 વ્યક્તિને ઈજા થતાં સારવાર અર્થે સર ટી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન 62 વર્ષીય ચંપાબહેન પરશોત્તમભાઈ વાછાણીનું મોત નીપજ્યું હતું.

# સ્વચ્છતાને મામલે 10 લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરમાં અમદાવાદ પ્રથમ સ્થાને

**અમદાવાદ**

સ્વચ્છતા સર્વેક્ષણમાં ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરમાં અમદાવાદે પ્રથમ સ્થાન મેળવ્યું છે. જ્યારે મધ્યપ્રદેશના ઈન્દોર શહેરને સતત આઠમી વખત ભારતનું સૌથી સ્વચ્છ શહેર જાહેર કરવામાં આવ્યું છે. ૨૦૧૬માં સ્વચ્છતા સર્વેક્ષણ શરૂ થયા પછી ઈન્દોર ભારતના સૌથી સ્વચ્છ શહેર તરીકે પ્રથમ ક્રમે છે. એટલે કે ઈન્દોર સતત આઠ વર્ષથી પ્રથમ ક્રમે આવી રહ્યુ છે. ઈન્દોર પછી સુરતનો નંબર આવ્યો છે. આપને જણાવીએ કે, મહાનગર અમદાવાદની સાફ-સફાઈ કરવાની જવાબદારી છસ્ઞના હાથમાં છે. ૧૨,૫૦૦થી વધુ કામદારો આખા વર્ષ દરમિયાન શહેરના તમામ રસ્તાઓ સવારે ૬:૩૦થી ૧૧:૩૦ અને બપોરે ૩થી ૬ વાગ્યા સુધી સાફ કરે છે. શહેરમાંથી દરરોજ ૪૦૦૦ મેટ્રિક ટન ઘન કચરો નીકળે છે. આ કચરોAMCદ્વારા એકત્રિત કરવામાં આવે છે. પછી તેનો નિયમ મુજબ નિકાલ કરવામાં આવે છે. શહેરના ઘન કચરાનો ૫૦ ટકા ભાગ AMCના ડસ્ટબિન અને રસ્તાઓની સફાઈ દરમિયાન એકત્રિત કરવામાં આવે છે. આ ઉપરાંત, દરેક ઘરમાંથી કચરો એકત્રિત કરવા માટે શહેરમાં ૬૦૦થી વધુ ઓટો ટિપર વાહનો તૈનાત કરવામાં આવ્યા છે.

# જામનગર જિલ્લા પંચાયતના પુર્વ સદસ્ય પર હુમલા પ્રકરણમાં ૩ સામે ગુનો નોંધાયો

## બનાવને આત્મહત્યામાં ખપાવવા હત્યારાએ લાશ સળગાવી નાખ્યાનું પોલીસનું તારણ

**જામનગર**

જામનગર જીલ્લા પંચાયતના પુર્વ સદસ્ય તેમજ જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના વડવાળા ગામના સરપંચ રામશીભાઈ મેપાભાઈ બેરા ગઈકાલે રવિવારે સવારે પોતાની મોટર સાયકલ લઈ વડવાળાથી માનતા ઉતારવા ગયા હતા, જે દરમ્યાન પરત ફરતી વેળાએ વડવાળા ધોરીયાના માર્ગ ઉપર આડું બળદ ગાડું રાખી સરપંચ પદમાંથી રાજીનામું આપી દે, તેમ કહી બાલુભાઈ દેવાભાઈ મોરી, પ્રફુલ દેવાભાઈ મોરી તેમજ દિલાભાઈ દેવાભાઈ મોરી દ્વારા ગ્રામ પંચાયતની ચૂંટણીનો ખાર રાખી લાકડી તેમજ કુહાડી જેવા હથિયાર સાથે હુમલો કરાયો હતો. દરમિયાન રામશીભાઈ દ્વારા પોતાની પાસે રહેલી રિવોલ્વરમાંથી સ્વ બચાવ માટે હવામાં ફાયરીંગ કરતાં તેઓની રિવોલ્વર પણ ઝુંટવીને હુમલો કરી તમામ હુમલાખોરો ભાગી છૂટ્યા હતા. જેથી રામશીભાઈને હાથ અને પગમાં ઈજા થવાથી સારવાર માટે સૌપ્રથમ જામજોધપુરની હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી, આ હુમલો કરનાર આરોપીના માતાએ તાજેતરમાં રામશીભાઈ સામે ગ્રામ પંચાયતની ચુંટણી લડી હોવાનું અને તેમાં માતનો પરાજય થયો હોવાથી મનદુઃખ રાખીને આ હુમલો કરાયાનું સામે આવ્યું છે. જેથી પોલીસે રામશીભાઈ બેરાની ફરિયાદના આધારે બાલુભાઈ મોરી, પ્રફુલ મોરી, તથા દીલાભાઈ મોરી સામે હુમલા તેમજ રિવોલ્વરની લૂંટ ચલાવવા અંગે ગુનો નોંધ્યો છે.

# ક્ષત્રિય સમાજની રજૂઆત બાદ પી. ટી. જાડેજા વિરુદ્ધ પાસાનો હુકમ રદ

**જામનગર**

ગુજરાતના ક્ષત્રિય સમાજના આગેવાન તરીકે ઓળખાતા પી.ટી. જાડેજાની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. અમરનાથ મંદિરમાં આરતી ન કરવા મુદ્દે પી.ટી જાડેજાએ ધમકી આપી હતી. આ પછી પોલીસે પાસા (ગુજરાત પ્રિવેન્શન ઑફ એન્ટી-સોશિયલ એક્ટિવિટીઝ એક્ટ) હેઠળ તેમની ધરપકડ કરીને સાબરમતી જેલ મોકલ્યા હતા. જોકે, સમગ્ર મામલે રાજ્યભરના ક્ષત્રિય સમાજે મુખ્યમંત્રી અને રાજ્ય ગૃહમંત્રી રજૂઆત કરીને પાસાનો હુકમ રદ કરવાની માગ કરી હતી. જેને ધ્યાનમાં રાખીને રાજ્યના ગૃહ વિભાગે પી.ટી. જાડેજાનો પાસાનો રદ કર્યો હતો. બુધવારે પી.ટી. જાડેજાને જેલમુક્ત કરવામાં આવ્યા છે.

# આખરે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ નવા પ્રમુખની તરીકે અમિત ચાવડાને કમાન

## ડૉ. તુષાર ચૌધરીને વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા બનાવાયા

**ગાંધીનગર**

ગુજરાતમાં ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને માત્ર ૧૭ બેઠકો મળી હતી. પાર્ટીએ અમિત ચાવડાને વિધાનસભામાં પક્ષના નેતા બનાવ્યા હતા. અમિત ચાવડા આ પહેલા વિધાનસભામાં ઉપદંડક અને દંડકની જવાબદારી પણ સંભાળી ચૂક્યા છે. આ સિવાય ગુજરાત વિધાનસભાની અલગ-અલગ સમિતિમાં પણ રહી ચૂક્યા છે. અમિત ચાવડાએ ૨૦૧૮થી ૨૦૨૧ સુધી ગુજરાત કોંગ્રેસના પ્રમુખ તરીકે જવાબદારી સંભાળી હતી. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ખેડબ્રહ્માથી ધારાસભ્ય અને આદિવાસી નેતા તુષાર ચૌધરીને વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતાની જવાબદારી સોંપી છે. તુષાર ચૌધરી એક અનુભવી નેતા છે. તુષાર ચૌધરી કેન્દ્ર સરકારમાં રાજય મંત્રી પણ રહી ચૂક્યા છે. તુષાર ચૌધરી પ્રથમવાર ૨૦૦૨મા વ્યારાથી ચૂંટણી જીતી ગુજરાત વિધાનસભા પહોંચ્યા હતા. ત્યારબાદ ૨૦૦૪મા માંડવી મતવિસ્તારમાંથી લોકસભાના સાંસદ બન્યા હતા.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ ઉપ કૂલપતિનો પુત્ર નશાની હાલતમાં ઝડપાયો

**રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ અને ભાજપના નેતા ડો. વિજય દેસાણીના પુત્ર ડો. જીગર (ઉ.વ.૩૩)ને પોલીસે હેમુ ગઢવી હોલ પાસેથી નશાખોર હાલતમાં ઝડપી લીધો હતો. પોલીસ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ડો. જીગર ગઈકાલે હેમુ ગઢવી હોલમાં યોજાયેલા કાર્યક્રમમાં ગયો હતો. ૧૨.૩૦ વાગ્યે કાર્યક્રમ પૂરો થયા બાદ હેમુ ગઢવી હોલના પાછળના ભાગે, નાલા પાસે, કારમાં દારૂ ઢીંચવાનું શરૂ કર્યું હતું. તે વખતે સાથે તેની ગર્લફ્રેન્ડ પણ હતી. મોડી રાત્રે ૩.૪૫ વાગ્યે એ ડીવીઝન પોલીસ પેટ્રોલિંગમાં નીકળી હતી. ત્યારે ડો. જીગરની કાર જોઈ શંકા જતાં તપાસ કરી હતી. તે દરમિયાન ડો. જીગર નશાખોર હાલતમાં મળી આવતા તેના વિરૂધ્ધ ગુનો નોંધાયો છે.



## સિંગર અરિજિત સિંહ હવે ફિલ્મ દિગ્દર્શક બનશે

મુંબઇ : બોલીવૂડનો ટોચનો સિંગર અરિજિત સિંહ હવે દિગ્દર્શક તરીકે પણ ડેબ્યૂ કરી રહ્યો છે. તેણે પોતાની દિગ્દર્શક તરીકેની પહેલી ફિલ્મ સાઈન કરી છે. આ ફિલ્મ જંગલ એડવેન્ચેર આધારિત હશે. ફિલ્મની સ્ક્રિપ્ટ ફાઇનલ થઇ ચુકી છે. અરિજિત અને કોયલ સિંહે સાથે મળીને આ ફિલ્મની વાર્તા લખી છે. હાલ ફિલ્મનું પ્રિ પ્રોડક્શન ચાલી રહ્યું છે. આવતા મહિને ફિલ્મનું કાસ્ટિંગ શરૂ થશે. ફિલ્મના ટાઈટલ સહિતની અન્ય વિગતો પણ ટૂંક સમયમાં જાહેર કરાશે.


# સ્વદેશ




# ‘રામાયણ’ ફિલ્મનું બજેટ 4000 કરોડ

## ભારતની સૌથી મોંઘી ફિલ્મનો પહેલો ભાગ 2026માં દિવાળી પર રિલીઝ થવાનો અંદાજ

ફિલ્મ ‘રામાયણ’નો ફર્સ્ટ લુક લોન્ચ થયો ત્યારથી જ દર્શકોમાં તેના વિશે ઘણી ચર્ચા ચાલી રહી છે. દરેક વ્યક્તિ તેને મોટા પડદા પર જોવા માટે ઉત્સુક છે. નિતેશ તિવારીના ડાયરેક્શનમાં અને નમિત મલ્હોત્રા-યશના પ્રોડક્શનમાં બની રહેલી આ ફિલ્મની સતત નવી અપડેટ્સ સામે આવી રહી છે. હવે જે નવું અપડેટ આવ્યું છે તેણે બધાને ચોંકાવી દીધા છે. વાસ્તવમાં પહેલા એવા સમાચાર સામે આવ્યા હતા કે, રામાયણમ્ ફ્રેન્ચાઈઝીનું કુલ બજેટ 1600 કરોડ રૂપિયા છે. જ્યાં રામાયણ પાર્ટ-1નું બજેટ 900 કરોડ રૂપિયા છે, ત્યાં બીજી તરફ પાર્ટ-2નું બજેટ 700 કરોડ રાખવામાં આવ્યું છે. પરંતુ હવે જે નવી જાણકારી આવી છે તે પ્રમાણે આ ફિલ્મનું બજેટ આનાથી ઘણું વધારે છે.

ફિલ્મ સાથે સંકળાયેલા સૂત્રોએ પુષ્ટિ કરી છે કે નિતેશ તિવારીના ડાયરેક્શનમાં બની રહેલી આ ફિલ્મ કોઈપણ ભારતીય ફિલ્મ કરતા સૌથી વધુ બજેટમાં બની રહી છે. જે લગભગ 500 મિલિયન ડોલર એટલે કે 4000 કરોડ રૂપિયા છે. સૂત્રએ આગળ કહ્યું કે, ‘આ ફિલ્મને ઈન્ટરનેશનલ લેવલ પર તૈયાર કરવામાં આવી રહી છે અને બંને ભાગ બને ત્યાં સુધીમાં તેનું બજેટ 4000 કરોડ રૂપિયાને વટાવી જશે. મેકર્સ તેના માટે વિશ્વસ્તરીય VFX અને સ્પેશિયલ ઈફેક્ટ્સનો ઉપયોગ કરવાની યોજના બનાવી રહ્યા છે.’



પ્રાપ્ત માહિતી પ્રમાણે ‘રામાયણમ્ ને AI-ડબ ટેકનોલોજીથી પણ જોડવામાં આવશે, જેથી દર્શકો તેને કોઈપણ સ્થાનિક ભાષામાં જોઈ શકે. ભારતીય સિનેમાની આ પહેલી ફિલ્મ હશે જેમાં AI ટેકનોલોજી સામેલ કરવામાં આવશે.

તમને જણાવી દઈએ કે, ‘રામાયણ’ 8 વખત ઓસ્કર જીતી ચૂકેલા VFX સ્ટૂડિયો DNEG અને યશની Monster Mind Creationsની સાથે મળીને પ્રોડ્યૂસ કરવામાં આવી રહી છે. ‘રામાયણ’નો પ્રથમ પાર્ટ દિવાળી 2026માં અને બીજો પાર્ટ દિવાળી 2027માં રિલીઝ કરવામાં આવશે.

## હોલિવૂડની જાણીતી અભિનેત્રી સેલેના ગોમેઝ સપ્ટેમ્બરમાં કરશે લગ્ન



હોલિવૂડના જાણીતા કપલ સેલેના ગોમેઝ અને બેની બ્લેંકો ટૂંક સમયમાં લગ્ન કરવા જઈ રહ્યા છે. તેમના લગ્ન કેલિફોર્નિયાના મોન્ટેસીટોમાં થશે. આ માટે કપલે સંપૂર્ણ આયોજન કરી લીધું છે. તેમના લગ્ન બે દિવસ સુધી ચાલશે, જેમાં ફક્ત પરિવાર અને નજીકના મિત્રો જ ભાગ લેશે. હોલિવૂડની પ્રખ્યાત ગાયિકા અને અભિનેત્રી સેલેના ગોમેઝ અને મ્યુઝિક પ્રોડયુસર બેની બ્લેંકોએ આખરે તેમના લગ્નની તારીખ નક્કી કરી લીધી છે. એક રિપોર્ટ પ્રમાણે આ કપલ સપ્ટેમ્બર 2025માં કેલિફોર્નિયાના મોન્ટેસિટોમાં લગ્ન કરવા જઈ રહ્યું છે. ખાસ વાત એ છે કે લગ્નના બધા કાર્યક્રમો બે દિવસમાં પૂર્ણ થશે અને તેમાં ઈન્ડસ્ટ્રીના ઘણા પ્રખ્યાત ચહેરાઓ હાજરી આપશે.

# ‘મારો પરિવાર નાસ્તિક, હું વિક્કા ધર્મનું પાલન કરું છું



શ્રૃતિ હાસન એક એવી અભિનેત્રી છે જે પોતાની પર્સનલ લાઈફ, લવ લાઈફ અને પોતાના ભૂતકાળ વિશે ખુલીને વાત કરે છે. તે દરેક મુદ્દા પર પોતાનો અભિપ્રાય આપવામાં અચકાતી નથી. હવે શ્રૃતિ હાસને પોતાના બાળપણ વિશે વાત કરી છે અને કહ્યું કે હું એક નાસ્તિક પરિવારમાંથી આવું છું. જ્યાં ભગવાન અને પૂજામાં બહુ વિશ્વાસ નથી. એક યુટ્યુબરને આપેલા ઈન્ટરવ્યૂમાં શ્રૃતિ હાસને ઘણા વિષયો પર વાત કરી હતી. પોતાના બાળપણના દિવસો વિશે વાત કરતા શ્રૃતિએ પોતાના બાળપણને થોડું અસ્તવ્યસ્ત અને અરાજક બતાવ્યું હતું. તેણે કહ્યું કે, અમે એક નાસ્તિક ઘરમાં ઉછર્યા હતા. એક બિનધાર્મિક ઘરમાં. જ્યારે હું આ કહું છું ત્યારે મારા પિતાને નફરત છે, પરંતુ અમારા ઘરમાં કોઈ ભગવાન નહોતા. એ બધું ન હોતું જે બીજા ઘરોમાં હોય છે. ભગવાનમાં કે કોઈ ધર્મ માનવામાં નહોતું આવતું. ક્યાંક મારા બાળપણના મનમાં મને ખબર હતી કે કલા એ ભગવાન છે. અઠવાડિયાનો દરેક દિવસ કલા માટે કંઈક કરવું હતું અને કલાને સમર્પિત હતો. અભિનેત્રીએ કમલ હાસનનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, પપ્પાએ મને કોઈપણ દખલ વિના મારી માન્યતાઓને સમજવાની સ્વતંત્રતા આપી. હા, હું વિક્કા ધર્મનું પાલન કરું છું, જેમાં મેલીવિદ્યાનો સમાવેશ થાય છે. જોકે, પપ્પાને જ્યોતિષ શબ્દ સાંભળવાનું પણ પસંદ નથી. જો તમે મારા પિતા સાથે જ્યોતિષ વિશે વાત કરો છો તો તેઓ કહેતા કે બહાર નીકળો. તેઓ ખૂબ જ પ્રેક્ટિકલ છે. તેઓ ડૉક્ટરો કરતાં લોકોને વધુ સારી રીતે સમજી શકે છે કારણ કે તેઓ ચાર વર્ષની ઉંમરથી અભિનય કરી રહ્યા છે અને મારા માતા પણ. તેઓ લોકોના ફેસ રીડ કરી શકે છે. ડૉક્ટરો અને મનોવૈજ્ઞાનિકો કરતા વધુ સારી રીતે. તેઓ માનવી તરીકે વધુ સ્વયંસ્ફુરિત બની ગયા છે. તેઓ ઉંમર સાથે નરમ પડયા છે.

## સિદ્ધાર્થ મલ્હોત્રા અને કિયારા અડવાણીને ત્યાં પુત્રીનો જન્મ



મુંબઇ : સિદ્ધાર્થ મલ્હોત્રા અને કિયારા અડવાણીને ત્યાં દીકરીનો જન્મ થયો છે. કિયારાએ મંગળવારે સાઉથ મુંબઈની એક હોસ્પિટલમાં બાળકીને જન્મ આપ્યો હતો. તેને નોર્મલ ડિલિવરી થઈ હતી. બુધવારે સિદ્ધાર્થ અને કિયારાએ એક સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા ચાહકો સાથે આ ખુશ ખબર શેર કર્યા હતા. અસંખ્ય બોલીવૂડ સેલિબ્રિટીઓએ કપલને માતા પિતા બનવા બદલ અભિનંદન પાઠવ્યાં હતાં.

# ખોટી વાત હું સહન નથી કરી શકતી : ઝરીન ખાન

અભિનેત્રી ઝરીન ખાને બોલિવૂડમાં ફિલ્મ ‘વીર’થી ડેબ્યૂ કર્યું હતું. પરંતુ કેટરિના કૈફ સાથે સતત તેની તુલના થઈ રહી હતી જે તેના કારકિર્દી માટે મોટી અડચણ બની ગઈ હતી. તેને બીજી ફિલ્મો મળવાની બંધ થઈ ગઈ હતી. ઝરીન ખાને એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે તે વધારે સમય સુધી ઘરથી દૂર નથી રહી શકતી. તેણે ‘Bigg Boss’ મેકર્સ દ્વારા મળેલી ઓફર વિશે કહ્યું કે ‘મને ‘Bigg Boss’ શો ખૂબ પસંદ છે, મે શો ના માત્ર બે કે ત્રણ સિઝન જ મિસ કર્યા હશે બાકી બધા જોયા છે, મને પણ આ શોની ઓફર મળી હતી,



પરંતુ મારા પર ઘણી મોટી જવાબદારીઓ છે એટલે હું ક્યાંય પણ જઈને મહિનાઓ સુધી રોકાવાનું ન વિચારી શકું. મને નથી લાગતું કે માંરૂ ઘર મારા વગર ચાલી શકે છે, હું પૈસાની વાત નથી કરી રહી. મારે 10 હજાર કામો જોવા પડે છે. જો એક દિવસ માટે ટ્રાવેલ કરું તો મારી માતાને પાંચથી સાત વાર ફોન કરી તેમની તબિયત વિશે પૂછવું પડે છે. આ સૌથી મોટું કારણ છે.’ ઝરીને આગળ કહ્યું ‘બીજી વસ્તુ એ પણ છે ઘણાં લોકો સાથે હું એક ઘરમાં રહી ના શકું. મને મિત્ર બનાવવામાં સમય નથી લાગતો, પણ ખબર નહીં કે હું કેટલી સહજ રહી શકીશ. બીજુ મોટું કારણ એ છે કે હું ખોટી વાત કે ખોટું વર્તન જરાય સહન નથી કરી શકતી.






Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper
સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news


Paresh Peshva
Marketing Director
SWADESH


## બિહારમાં ચૂંટણી પહેલા યાદી સુધારણાની ઉતાવળ અને કામગીરીમાં પણ લાલિયાવાડી

# મતદારોની વેરિફિકેશન પ્રક્રિયા : વિપક્ષ સુપ્રીમને શરણ

પ્રાસંગિક
ધવલ શુક્લ

બિહારમાં વિધાનસભાની ચૂંટણી પહેલા મતદાર યાદીમાં સુધારા અંગેનો વિવાદ વધુ ઘેરો બન્યો છે. વિપક્ષે ચૂંટણી પંચની રૂબરુ મુલાકાત લઈને પ્રક્રિયા સામે વાંધો ઉઠાવ્યો છે. ચૂંટણી પંચ દ્વારા નિયમિત રીતે મતદાર યાદીની સુધારણાની પ્રક્રિયા ચાલતી હોય છે, પણ ચૂંટણી પંચે બિહારની ચૂંટણી પહેલા તમામ ૮ કરોડ મતદારોને તેમનું વેરિફિકેશન કરવાનું કહ્યું છે. આ વેરિફિકેશનમાં નાગરિકતાના પુરાવા તરીકે આધાર કાર્ડને પણ માન્ય રાખવાનો ઈન્કાર કરાયો છે.

વિપક્ષનો આરોપ છે કે, ચૂંટણી પંચ દ્વારા ૧૯૮૭ પહેલાના દસ્તાવેજોને ફરજિયાત બનાવવા અને સુધારાની ઝડપી પ્રક્રિયા કરોડો લોકોને મતદાનથી વંચિત રાખવાનું કાવતરું છે. ચૂંટણી પંચ આ બધુ શાસકોના ઈશારે કરી રહ્યો છે. હવે લગભગ ૮ કરોડ નાગરિકોએ આ યાદીના સુધારણા અભિયાન દરમિયાન તેના બિહારના નાગરિક તરીકેના પુરાવા આપવા પડશે. તેમાં પણ ખાસ કરીને વર્ષ ૨૦૦૩ પછી નોંધાયેલા મતદારોએ જન્મ પ્રમાણપત્ર અને જન્મ સ્થળનું પ્રમાણપત્ર ચૂંટણી પંચ અટલે કે જે તે જિલ્લા કે તાલુકા સ્તરે રજૂ કરવું પડશે. ચૂંટણી પંચના નિર્ણયને કારણે વિવાદ વકર્યો છે. કારણ કે બિહારમાં ગ્રામીણ વિસ્તાર મોટો છે. જ્યાં ગરીબ નાગરિકો રહે છે. વળી, આ વિસ્તારમા સાક્ષરતા દર પણ ઓછો છે. એટલે પુરાવા ભેગા કરવા અને રજૂ કરવા સુધીની પ્રક્રિયામાં તેઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તેજસ્વી યાદવ, અસદુદ્દીન ઓવૈસી અને અન્ય વિપક્ષી નેતાઓએ ચૂંટણી પંચને મળીને આ મુદ્દો ઉઠાવ્યો છે. ચૂંટણી પંચે ૨૫ દિવસનો સમય આપ્યો છે, પરંતુ વિપક્ષ તેને અપૂરતો માની રહ્યો છે. એટલે મામલો હવે સુપ્રિમ કોર્ટમાં પહોંચ્યો છે. બિહારમાં ચૂંટણી પહેલા સ્પેશ્યલ ઈન્ટેનસીવ રિવીઝન (SIR) કરાવવાના ચૂંટણી પંચના નિર્ણય સામે વિરોધ પક્ષો દ્વારા અલગ અલગ અરજીઓ કરાઈ છે.

વિપક્ષી પક્ષો અને ADR દ્વારા દાખલ કરાયેલી અરજીઓ સુપ્રીમ કોર્ટે સુનાવણી માટે સ્વીકારી લીધી હતી. આ અરજીઓમાં પાંચ મોટા પ્રશ્નો ઉભા થયા છે. પહેલો પ્રશ્ન બંધારણીય જોગવાઈઓનું ઉલ્લંઘન છે. વિરોધ પક્ષોએ સુપ્રીમ કોર્ટમાં કરેલી અરજીમાં નોંધ્યું છે કે, ચૂંટણી પંચનો નિર્ણય લોક પ્રતિનિધિત્વ



અધિનિયમનું ઉલ્લંઘન કરે છે. બીજો પ્રશ્ન નાગરિકતા, જન્મ અને રહેઠાણ અંગેના મનસ્વી નિયમોનો છે. આ ઉપરાંત ત્રીજો પ્રશ્ન ચુંટણી પંચના નિર્ણયથી લોકશાહી સિદ્ધાંતોને નબળા પાડવા પ્રયાસ થયાનો છે. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં ચૂંટણી પંચના મતદાર ચકાસણીના નિર્ણયને લોકશાહી સિદ્ધાંતોને નબળા પાડતો ગણાવવામાં આવ્યો છે.

ચોથો પ્રશ્ન ગરીબો પર અસમાન બોજનો છે. સુપ્રીમ કોર્ટમાં દાખલ અરજીઓમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ચૂંટણી પંચની આ પ્રક્રિયા ગરીબો, સ્થળાંતર કરનારાઓ તેમજ મહિલાઓ અને અન્ય હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથો પર અસમાન બોજ નાખશે. આ ઉપરાંત રાષ્ટ્રીય જનતા દળ (RJD) દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે આ પ્રક્રિયા ખોટા સમયે શરૂ કરવામાં આવી છે, જેના કારણે કરોડો મતદારો તેમના મતદાનના મૂળભૂત અધિકારથી વંચિત રહેશે.

અરજદારોના વકીલે સુપ્રીમ કોર્ટમાં એવો પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, ચૂંટણી પંચ મતદાર યાદીમાં નામ દાખલ કરવા માટે ૧૧ દસ્તાવેજો સ્વીકારી રહ્યું છે, પરંતુ આધાર કાર્ડ અને મતદાર ઓળખપત્ર જેવા મહત્વપૂર્ણ ઓળખ કાર્ડને માન્યતા આપવામાં આવી રહી નથી. જ્યારે આધાર અને મતદાર IDને દેશભરમાં ઓળખના સૌથી વિશ્વસનીય દસ્તાવેજો માનવામાં આવે છે. ત્યારે તેમને આ પ્રક્રિયાથી દૂર રાખવા તાર્કિક નથી. આનાથી આખી સિસ્ટમ મનસ્વી અને ભેદભાવપૂર્ણ લાગે છે.

સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન અરજદારો વતી વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે ચૂંટણી પંચને આ મામલે કોઈ સત્તા નથી. આપણે નાગરિક છીએ કે નહીં તે કહેવાવાળા તેઓ કોણ છે ? વિપક્ષો દ્વારા કરવામાં આવેલા આરોપો અંગે ચૂંટણી પંચે સ્પષ્ટતા કરી છે કે, જેમનાં નામ ૧ જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ જાહેર કરાયેલી મતદાર યાદીમાં છે, તેમને બીજા કોઈ દસ્તાવેજો રજૂ કરવાની જરૂર રહેશે નહીં. બંધારણની કલમ ૩૨૬ હેઠળ તે બધા લોકોને ભારતના પ્રાથમિક નાગરિક ગણવામાં આવશે, જેમનાં માતા-પિતાનાં નામ તે સમયની મતદાર યાદીમાં નોંધાયેલા છે. તેમણે ફક્ત તેમની જન્મ તારીખ અને જન્મ સ્થળ સંબંધિત દસ્તાવેજો ચૂંટણી પંચને આપવાના રહેશે.

સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચ પાસેથી મતદાર યાદીના સુધારા અંગે પ્રશ્નો પૂછ્યા હતા. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને કહ્યું કે, તમારે આ પ્રક્રિયા જલ્દી શરૂ કરવી જોઈતી હતી. ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટને કહ્યું કે, બિહારમાં મતદાર યાદીઓના ખાસ સઘન સુધારાને પડકારતી અરજીઓ પર તેને કેટલાક વાંધાઓ છે. જ્યારે અરજદારે જણાવ્યું હતું કે બિહારમાં મતદાર યાદીના ખાસ સઘન સુધારાની પ્રક્રિયા મનસ્વી રીતે ચાલી રહી છે. આધાર અને મતદાર કાર્ડ શા માટે સ્વીકારવામાં આવી રહ્યા નથી. સુપ્રીમ કોર્ટે પૂછ્યું કે શું નિયમોમાં સ્પષ્ટતા છે કે સુધારો ક્યારે કરવાનો છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે ચૂંટણી પંચ જે કરી રહ્યું છે તે તેની બંધારણીય જવાબદારી છે. ચૂંટણી પંચ તે કેવી રીતે કરાવવાનું છે તે નક્કી કરશે. કાયદામાં ખાસ સુધારાની જોગવાઈ છે. મતદાર ચકાસણી માટે જરૂરી દસ્તાવેજોમાંથી આધાર કાર્ડને બાકાત રાખવા અંગે ચૂંટણી પંચે કહ્યું કે આધાર કાર્ડ નાગરિકતાનો પુરાવો નથી. જે અંગે કોર્ટે ચૂંટણી પંચને પૂછ્યું કે, તમે મતદાર યાદીના ખાસ સુધારામાં નાગરિકતાનો મુદ્દો કેમ ઉઠાવી રહ્યા છો ? આ ગૃહ મંત્રાલયનું અધિકારક્ષેત્ર છે. જો તમારે નાગરિકતાની ચકાસણી કરીને તપાસ કરવી જ હતી, તો તમારે તે વહેલા કરવું જોઈતું હતું. હવે મોડું થઈ ગયું છે.

અહીં ચૂંટણી પંચના વકીલે એવી દલીલ કરી કે, ચૂંટણી પંચ એક બંધારણીય સંસ્થા છે, જેનો મતદારો સાથે સીધો સંબંધ છે. ચૂંટણી પંચ કોઈને મતદાર યાદીમાંથી બાકાત રાખવાનો ઈરાદો ધરાવતું નથી, સિવાય કે કાયદાની જોગવાઈઓ દ્વારા આમ કરવાની ફરજ પાડવામાં આવે. આખરે કોર્ટે ચૂંટણી પંચ પાસેથી ત્રણ મુદ્દા પર જવાબ માંગ્યા છે. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચના વકીલને કહ્યું કે તેમાં કોઈ શંકા નથી કે કોર્ટ સમક્ષનો મુદ્દો લોકશાહીના મૂળ અને મતદાનના અધિકાર સાથે સંબંધિત છે. અરજદારો માત્ર ચૂંટણી પંચના ચૂંટણી કરાવવાના અધિકારને જ પડકારી રહ્યા નથી, પરંતુ તેની પ્રક્રિયા અને સમયને પણ પડકારી રહ્યા છે. આ ત્રણ મુદ્દાના જવાબ આપવાની જરૂર છે. અગાઉ જસ્ટિસ ધુલિયાએ ચૂંટણી પંચના વકીલને કહ્યું હતું કે નાગરિકતા માટેની પ્રક્રિયામાં પુરાવાઓનું કડક મૂલ્યાંકન થવું જોઈએ. જો તમારે બિહારમાં મતદાર યાદીના SIR હેઠળ નાગરિકતા તપાસવી હોય તો તમારે વહેલાં પગલા લેવાની આવશ્યકતા હતી.

બીજી તરફ પંચ દ્વારા શરૂ કરાયેલી યાદી સુધારણાની કામગીરીમાં વ્યાપકપણે લાલિયાવાડીની ફરિયાદો છે. કેટલાક મીડિયાકર્મીઓએ તો મતદારો પાસે ભરાવાતા ફોર્મમાં અનેક વિગતો અધુરી હોવા છતાં ફોર્મ સ્વીકારી ઓનલાઈન અપડેટ કરાઈ રહ્યાના અહેવાલો પ્રસિદ્ધ કર્યા છે. એટલું જ નહીં, આ ફોર્મ ભરવાની પ્રક્રિયામાં ભાજપના કેટલાક હોદ્દેદારો પોતે જ સરકારી કર્મચારીઓ સાથે બેસીને કામગીરી કરવા માંડ્યા છે. જે બાબત પણ સવાલો ઉભા કરી રહી છે સાથે જ પંચની નિષ્પક્ષતાના દાવાને પડકારી રહી છે.

**ચૂંટણી પંચે યાદી સુધારણા ઝુંબેશમાં વોટર આઈડી અને આધારકાર્ડ જ માન્ય નહીં રાખતા ઉઠેલો વિવાદ સુપ્રિમ કોર્ટ સુધી પહોંચી ગયો, વિપક્ષોની અરજી બાદ કોર્ટે પણ કેટલાક ગંભીર મુદ્દા ઉઠાવતા ચૂંટણી પંચે વહેલી પ્રક્રિયા કરવી જોઈએ તેવી ટકોર કરી છે**

# રાશી અને નવલ બજાજના નિવાસસ્થાને ગુરુ પૂર્ણિમા ઉજવાઈ

## ભગવાન સૂર્યને પ્રાર્થના બાદ ગણેશપૂજા અને આરતી કરાઇ, ભક્તોએ ગુરુજીના આશીર્વાદ લીધા : ગુરુજી અશ્વિનકુમાર પાઠકજી માનવજાતના કલ્યાણ માટે 25 વર્ષથી દરરોજ નિઃસ્વાર્થ અને સુંદરકાંડનો પાઠ મફત કરી રહ્યા છે

**બ્રામ્પ્ટન**











વિશ્વ વિખ્યાત ગુરુજી અશ્વિનકુમાર પાઠકના નેતૃત્વમાં "સુંદરકાંડ"ને સમાજના સામાન્ય લોકો સુધી પહોંચાડવા અને તેમાં આત્મસાત થયેલા લાભોનો લાભ લેવા તથા સમાજને સમાજના નૈતિક મૂલ્યો અને સુંદરકાંડમાં રહેલા ફાયદાઓથી વાકેફ કરવા ૧ જૂન ૨૦૦૦ના રોજ શ્રી રામ સુંદરકાંડ પરિવારને ઔપચારિક સ્વરૂપ આપવામાં આવ્યું હતુ. એક નાની શરૂઆતથી શરૂ થયેલી પ્રવૃત્તિએ હવે "ચેતના-ક્રાંતિ"નું સ્વરૂપ ધારણ કર્યું છે. જે વિશ્વના ખૂણે ખૂણે ફેલાયેલું છે. છેલ્લા ૨૫ વર્ષથી દરરોજ ગુરુજી અશ્વિનકુમાર પાઠકજી વિશ્વભરમાં માનવજાતના કલ્યાણ માટે નિઃસ્વાર્થ અને સુંદરકાંડનો પાઠ મફત કરી રહ્યા છે. લાખો લોકો સુધી પહોંચતી એક મહાન આધ્યાત્મિક યાત્રા દરમિયાન તેમણે સંદેશ ફેલાવવા માટે વિશ્વભરમાં લગભગ ૩ મિલિયન કિલોમીટરની મુસાફરી કરી છે. ગુરુ પૂર્ણિમા, સનાતન ધર્મ પરંપરામાં ખૂબ જ મહત્વપૂર્ણ દિવસ છે. આ શુભ દિવસ ગુરુ અથવા શિક્ષકના મહત્વને માન આપવા માટે સમર્પિત છે, જે વ્યક્તિઓને જ્ઞાન અને જ્ઞાનના માર્ગ પર માર્ગદર્શન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ગુરુ પૂર્ણિમા સપ્તાહના શરૂઆતમાં ગુરુજી અશ્વિન કુમાર પાઠકજી અહીં હાજર હતા, તે ખૂબ જ આનંદની લાગણી હતી. સુંદરકાંડના પ્રખ્યાત ભક્ત ગુરુજી અશ્વિનકુમારને આભાર સંદેશ આપવા માટે રાશિ અને નવલ બજાજે તેમના ઘરે ગુરુ પૂર્ણિમાની ઉજવણી સાથે રજત જયંતિ (25 વર્ષ)ની ઉજવણીનું આયોજન કર્યું હતું. ગુરુજી છેલ્લાં 9326 દિવસથી વિશ્વભરમાં દરરોજ સુંદરકાંડ પાઠ કરી રહ્યા છે અને અત્યાર સુધી 9400 જેટલા પાઠ કરી ચૂક્યા છે. રાશી અને નવલ બજાજ પ્લેસ ખાતે ઉજવણી વેળા ગુરુજીનું ખૂબ જ ઉત્સાહથી સ્વાગત કરાયું હતુ. ગુરુ પૂર્ણિમાના શુભ સપ્તાહમાં ઘર ગુરુજીની હાજરીથી ધન્ય બન્યું હતુ.

ભગવાન સૂર્યને પ્રાર્થના કરવામાં આવી, ત્યારબાદ ભગવાન ગણેશની પૂજાથી શરૂઆત થઈ હતી. કારણ કે, ભગવાન ગણેશ જ્ઞાન શાણપણના દાતા છે. ત્યારબાદ ગુરુજીના પગ ગંગાજળ, પાણી, પંચામૃત (દૂધ, દહીં, મધ, ખાંડ અને ઘીથી બનેલું), કેસર પાણી (કેસર, ચંદનના લાકડાના પાણી)થી ધોવામાં આવ્યા હતા. પગ ધોયા પછી પગ પર, ખાસ કરીને અંગૂઠા પર તિલક કરવામાં આવ્યું હતુ. ફૂલો અર્પણ કરવામાં આવ્યા હતા. કમલ (પગ) પૂજા પછી, ગુરુજીને માળા, કપાળ પર તિલક, ખાસ કરીને ગુરુજીની આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ હાજર રહેલા બધા ભક્તોએ ગુરુજીના આશીર્વાદ લીધા હતા. આ ઉજવણીમાં સમાજના ઘણા મુખ્ય સભ્યો, નિર્ણય લેનારાઓ, પરિવારના અગ્રણી સભ્યો, દીદી ત્રુપતિ જાની અને તેમના પતિ નીતિશ કુમાર, ઉલ્પેશ પટેલ અને તેમના પત્ની રેશ્મા પટેલ, વાલ્મિક ભાઈ અને તેમના પત્ની સ્નેહા બેન સહિત અનેક લોકો જોડાયા હતા. ગુરુજીએ દીદી ત્રુપતિ જાની અને તેમના સમગ્ર પરિવારનો ખાસ આભાર માન્યો હતો. જેઓ શરૂઆતની આ યાત્રાનો ભાગ રહ્યા છે અને ગુરુજી સાથે સંદેશને દરિયા કિનારે લઈ જવા માટે સખત મહેનત કરી છે. અંતે બધા ભક્તોએ સ્વાદિષ્ટ મહાપ્રસાદનો લાભ લીધો હતો. સમગ્ર બજાજ પરિવાર અને હાજર રહેલા બધા ભક્તોએ ગુરુજીની હાજરીથી ધન્યતા અનુભવી હતી.


MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

Urgent Listing Require: Motels & Hotels
Any Size, Any Price, Any Location
Qualified Buyers Having
40% To 50% Down Payment,
Are Ready To Sign The Offer And
CLOSE the Deal ASAP

78 Room Hotel Ramada by Wyndham - $6.99 Million - SOLD

54 ROOM HOTEL – Gananoque (1000 Islands) ON - $3.2 Million
Spread on 7 Acres of land with Indoor and outdoor swimming pool, restaurant & bar (currently closed- only serves breakfast) banquet hall, party room, execellent business from the tour buses. Current owner runs it seasonal only (form April to October only). Great future potential to grow.

16 ROOM MOTEL – Near Sudbury - $1.2 Million
Recently Renovated Rooms, Indoor corridor – easy ONE MAN operation. Right on Hwy 17 & snow mibile trail. No competition, Huge area of Restaurant and Bar (closed). Year round business.
Ideal for couple/semi-retired lifestyle, work limited hours & still make great profit

17 ROOM MOTEL – Chatham - $1.7M
Renovated and upgraded Owner's House and Motel Rooms. All aminites close by. Year round buniness with repeat customers. Very low operating costs.

Coming up For Sale – Motels & Hotels
12 Room Motel – Near North Bay / Hwy 11
35 Room Motel – 8 Hrs North / Hwy 11
54 Room Hotel – 3 Hrs East / Hwy 401
43 Room Motel & Pizza Store – 8 Hrs North
Super 8 by Wyndham – 2 hrs from GTA

21 ROOM MOTEL– Gravenhurst - $1.7M
All rooms 100% occuplied by the long-term customers. Restaurant (currenlty closed)
Buyer to assum everyone staying there AS IS.
3 Acres of land, all muncipal services – opportunity for future development

Motel Jobs AND Working
Partner opportunity available
Front Desk, Housekeeping, General work
Must speak good english for front desk
(must be on WP, PR or Citizen)
Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100



# જીવને શિવ તરફ દોરી જતો શ્રાવણ માસ

આશુતોષ ભગવાન શિવનાં ત્રિગુણ તત્ત્વ (સત્ત્વ, રજ, તમ) પર સમાન અધિકાર છે. શિવ પોતાના મસ્તક પર ચંદ્રમાને ધારણ કરીને શશિશેખર કહેવાયા. શિવ એ ચંદ્રમાના ઈષ્ટદેવ છે. ચંદ્રમા પર તેમને વિશેષ સ્નેહ હોવાને કારણે ચંદ્રવાર એટલે કે સોમવાર તેમને વધારે પ્રિય છે. આમ તો ભગવાન શિવને બધા જ સોમવાર પ્રિય છે, પરંતુ શ્રાવણનો આખો માસ તથા તેમાં આવતા સોમવાર પણ શિવને અતિ પ્રિય છે, કારણ કે શ્રાવણ માસમાં વાતાવરણમાં જળતત્ત્વ વધારે હોય છે. જે સોમ (ચંદ્ર) તત્ત્વ જ છે.

શ્રાવણ માસમાં ભક્તજનો અનેક રીતે શિવજીની ઉપાસના કરે છે. સવાર-સાંજ શિવમંદિરોમાં ભક્તો દ્વારા જળાભિષેક, દુગ્ધાભિષેક, ચંદનાભિષેક સહિત અનેક પ્રકારના અભિષેક કરીને ભગવાન ભોળાનાથને રીઝવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ક્યાંક ક્યાંક ભક્તો દ્વારા શિવજીને પ્રસન્ન કરવા માટે ગંગાજળથી જળાભિષેક કરાય છે. ઘણાં શિવમંદિરોમાં પ્રાત:કાળથી રુદ્રાભિષેક કરવામાં આવે છે. રુદ્રાભિષેકમાં ગંગાજળ, દૂધ, પંચામૃત ચઢાવવામાં આવે છે. આ માસ દરમિયાન અખંડ દીવો પણ રાખવામાં આવે છે. જે લોકો આધિ, વ્યાધિ અને ઉપાધિથી પીડાતા હોય તેમને શિવપૂજનથી શાંતિ પ્રાપ્ત થાય છે. શ્રાવણ માસમાં લોકો આખો મહિનો ઉપવાસ કે એકટાણાં પણ કરે છે.

શિવજીની જેમ તેમના ભક્તો પણ અનોખા છે. તેમના ભક્તોમાં મનુષ્યો તો ઠીક દેવતાઓ, રાક્ષસો અને સ્વયં ભગવાનનો પણ સમાવેશ થાય છે. સર્પશૈયા પર સૂતા શ્રીહરિ વિષ્ણુ, બ્રહ્માજી, અસુરરાજ રાવણ, ભગવાન શ્રીરામ અને શ્રીકૃષ્ણ શિવજીના પરમ ભક્ત હતા. હરિવંશ પુરાણમાં એમ દર્શાવાયું છે કે શ્રીકૃષ્ણએ ભોળાનાથને પ્રસન્ન કરવા માટે કૈલાસ પર્વત પર જઈને તપસ્યા કરી હતી. ભગવાન શ્રીરામે રામેશ્વરમાં શિવલિંગની સ્થાપના કરીને તેની પૂજા અર્ચના કરી હતી. જ્યારે રાવણે શિવજીને પ્રસન્ન કરવા માટે દસ વાર પોતાનું મસ્તક કાપીને તેમનાં ચરણોમાં ચઢાવ્યું હતું.

### શ્રાવણ માસમાં સોમવારનું મહત્ત્વ

શ્રાવણ માસમાં સોમવારનું વિશેષ મહત્ત્વ છે. સોમવાર એ હિમાંશુ એટલે કે ચંદ્રનો દિવસ છે. ચંદ્રદેવની પૂજા કરવાથી શિવજીની પૂજા પણ આપોઆપ થઈ જાય છે, કારણ કે ચંદ્રનું નિવાસસ્થાન ભુજંગ ભૂષણ ભગવાન શિવનું શીશ છે. તેથી શ્રાવણ માસનો સોમવાર વિશેષ મહત્ત્વ ધરાવે છે. શ્રાવણ માસના દરેક સોમવારે કેટલીક વિશેષ વસ્તુ અર્પણ કરવામાં આવે છે જેને શિવામુટ્ઠી કહે છે. પ્રથમ સોમવારે એક મુટ્ઠી ચોખા, બીજા સોમવારે એક મુટ્ઠી સફેદ તલ, ત્રીજા સોમવારે એક મુટ્ઠી લીલા મગ, ચોથા સોમવારે એક મુટ્ઠી જવ અને જે માસમાં પાંચમો સોમવાર આવતો હોય તો પાંચમા સોમવારે સાથવો ચઢાવવામાં આવે છે.

### જલધારાપ્રિય શિવ

શ્રાવણ માસમાં શિવ આરાધના અને પૂજાપાઠનું વિશેષ મહત્ત્વ છે. આ માસમાં શિવજી પર જળ ચઢાવવા પાછળ પૌરાણિક કથા રહેલી છે. તે કથા આ મુજબ છે. સમુદ્રમંથન દરમિયાન દાનવ અને દેવતાઓ દ્વારા અમૃત કળશ અને વિષ કળશ નીકળ્યા પછી જ્યારે વિષ પીવાનો વારો આવ્યો ત્યારે દેવતાઓ અને દાનવોએ તે પીવાનો ઈન્કાર કર્યો, કારણ કે તે વિષને કોઈ પચાવી શકે તેમ ન હતું. સંસારનું હિત સાધવા માટે થઈને ભગવાન ભોળાનાથે હળહળતું વિષ પોતાના કંઠમાં ધારણ કરી દીધું, પરંતુ આમ કરવાથી ભગવાન ભોળાનાથને ચક્કર આવવા લાગ્યાં. આથી ભગવાન ભોળાનાથે વિષની ગરમી ઓછી કરવા માટે ગંગા અને ચંદ્રમાને પોતાના શિર પર ધારણ કર્યાં. તેનાથી ભોળાનાથનાં ચક્કર આવવા ઓછાં થયાં અને ગરમી પણ ઓછી થઈ. ભગવાન શિવની ગરમીને શાંત કરવા માટે શ્રાવણ માસમાં ભક્ત શિવજી પર જળાભિષેક કરે છે.

શ્રાવણ માસમાં ભોળાનાથની પૂજા અને આરાધનાનું આગવું મહત્ત્વ છે. અવિવાહિત યુવતીઓ અને યુવકો લગ્નજીવન માટે, સારા વર-વધૂની પ્રાપ્તિ માટે શિવજી પર જળાભિષેક કરીને બિલ્વપત્ર ચઢાવે છે. નવવિવાહિત દંપતીઓ પોતાના દાંપત્યની મંગલકામના માટે શિવભક્તિ કરે છે, કારણ કે પૌરાણિક કથાઓમાં ભગવાન શિવને શીઘ્ર પ્રસન્ન થઈને ફળ આપનારા યોગેશ્વર, ભૂતેશ્વર, મહાકાલેશ્વર, તત્કાલેશ્વર અને કૈલાસવાસીના નામથી ઓળખવામાં આવે છે.

### શિવપૂજા માટે શાસ્ત્રોક્ત ઉત્તમ સ્થાન

તુલસી, વડ તથા પીપળાના વૃક્ષ નજીક.

નદી, સરોવરનો તટ, પર્વતની ચોટી અને દરિયાકિનારો.

મંદિર, આશ્રમ, તીર્થ અથવા ધાર્મિક સ્થાન અથવા પાવનધામ.

### શિવપૂજામાં ચઢાવાતાં પુષ્પ અને તેનાં ફળ

- બીલીપત્ર : જન્મજન્માંતરનાં પાપોમાંથી મુક્તિ
- કમળ : મુક્તિ, ધન, શાંતિ પ્રદાયક
- કુશા : મુક્તિ આપનાર
- દુર્વા : આયુષ્ય વધારનાર
- ધતૂરો : પુત્રસુખ પ્રદાયક
- આકડો : પ્રતિષ્ઠામાં વૃદ્ધિ
- કરેણ : રોગનું નિવારણ
- શમીપત્ર : પાપનાશક

### શિવપૂજા તથા અભિષેકમાં ઉપયોગી દ્રવ્યો અને તેનાં ફળ

- મધ : સિદ્ધપ્રદ
- દૂધ : સમૃદ્ધિદાયક
- કુષાજળ : રોગનાશક
- ગંગાજળ : સર્વસિદ્ધિદાયક
- ઋતુફળના રસ : ધનલાભ

### રાશિ મુજબ શિવપૂજન

**પોતાના રાશિ મુજબ જો જાતક વિશેષ વારે અને વસ્તુથી શિવઆરાધના કરે તો તેની મનોકામનાઓ પૂર્ણ થાય છે અને અભીષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે.**

- મેષ-વૃશ્ચિક રાશિના જાતકોએ મંગળવારના દિવસે લાલ પુષ્પો દ્વારા.
- વૃષભ-તુલાના જાતકોએ શુક્રવારના દિવસે સફેદ વસ્તુ, સફેદ ફૂલ, દૂધ, દહીં વગેરે દ્વારા.
- મિથુન-કન્યા રાશિના જાતકોએ બુધવારના દિવસે બીલીપત્ર, આંકડા, ધતૂરા અને ભાંગ દ્વારા.
- કર્ક રાશિના લોકોએ સફેદ વસ્તુથી.
- સિંહ રાશિના જાતકોએ લાલ વસ્તુ દ્વારા.
- ધન-મીન રાશિના જાતકોએ ગુરુવારના દિવસે પીળી વસ્તુ દ્વારા.
- મકર-કુંભ રાશિના જાતકોએ શનિવારના દિવસે કાળા અને નીલા પદાર્થો દ્વારા શિવ આરાધના કરવી જોઈએ.

### કેવી રીતે કરશો શિવપૂજન?

**શ્રાવણ માસમાં નીચે પ્રમાણે જણાવેલ રીતે પૂજા કરવાથી ભગવાન શિવજીની પ્રસન્નતાને પામી શકાય છે.**

- શ્રાવણ માસની કોઈ પણ તિથિ અથવા દિવસ અને ખાસ કરીને સોમવારે પ્રાત:કાળે ઊઠીને સ્નાનાદી કાર્યથી નિવૃત્ત થઈને ત્રિદલવાળાં, સુંદર, સાફ, ક્યાંયથી કપાયેલાં ન હોય તેવાં કોમળ બિલ્વપત્ર પાંચ, સાત, નવ વગેરે સંખ્યામાં લો. અક્ષત એટલે કે ચોખાના દાણા લો.
- સુંદર સાફ લોટા કે કોઈ પાત્રમાં જળ, જો શક્ય હોય તો ગંગાજળ લો. દૂધ લો. ત્યારબાદ પોતાના સામર્થ્ય અનુસાર ગંધ, ધૂપ અગરબત્તી, ચંદન વગેરે લો.
- આ બધો સામાન સ્વચ્છ પાત્રમાં એકત્રિત કરીને શિવમંદિરમાં જાઓ. જો શિવમંદિર ન હોય તો બિલ્વના વૃક્ષ પાસે જાઓ.
- શિવલિંગને સ્વચ્છ જળ અને દૂધથી સ્નાન કરાવો. ત્યારબાદ તેના પર અક્ષત ચઢાવો, પુષ્પ ચઢાવો. હવે હળદર-ચંદન વડે શિવલિંગ પર લેપ કરો.
- ત્યારબાદ ભગવાનને ધૂપ અર્પણ કરો અને `ૐ નમઃ શિવાય' મંત્ર બોલતાં-બોલતાં બિલ્વપત્ર ચઢાવો. સૌથી છેલ્લે પોતાનાં પાપોની ક્ષમાયાચના માગો.
- ભોળાનાથ ખૂબ જ ભોળા છે, આથી તેમની સાચા મને પૂજા કરવામાં આવે તો પણ ઝડપથી પ્રસન્ન થઈ જાય છે. કોઈ વિશેષ મંત્રોચ્ચાર ન જાણતા હો તો પણ સામાન્ય પૂજા કરીને પુણ્યફળ પ્રાપ્ત કરી શકો છો. ભગવાન ભોળાનાથે સ્વયં કહ્યું છે કે કોઈ પણ વેદ મંત્રોના ઉચ્ચારણ વગર પૂરી શ્રદ્ધાથી મને પુષ્પ, ફળ કે જળ સમર્પિત કરે છે તેમના માટે હું ક્યારેય અદૃશ્ય થતો નથી અને તે ભક્ત પણ ક્યારેય મારી દૃષ્ટિથી ઓઝલ નથી હોતો.

# વેપારવૃદ્ધિ અને આર્થિક સ્થિરતા માટે ઉપયોગી ગોમતી ચક્ર

ગોમતી ચક્ર ગોમતી નદીમાં મળતો એક દુર્લભ કુદરતી પથ્થર છે, જેની એક બાજુ ઉપસેલી સપાટી હોય છે અને બીજી બાજુ ચક્ર જેવી આકૃતિ બનેલી હોય છે. તેને હિન્દુ ધર્મમાં અત્યંત શુભ અને પવિત્ર માનવામાં આવે છે. જ્યોતિષ અને તંત્રશાસ્ત્રમાં ગોમતી ચક્રને ભગવાન કૃષ્ણના સુદર્શન ચક્રનું સૂક્ષ્મ સ્વરૂપ અને દેવી લક્ષ્મીનું પ્રતીક માનવામાં આવ્યું છે. તેનો ધન-સમૃદ્ધિ, સ્વાસ્થ્ય, સુરક્ષા અને સફળતા માટે એક શક્તિશાળી યંત્ર તરીકે ઉપયોગ થાય છે.

### આર્થિક સ્થિરતા માટે તિજોરીમાં સ્થાપિત કરો

જો તમારા ઘરમાં પૈસા ટકતા ન હોય કે આર્થિક નુકસાન થતું હોય, તો કોઈ પણ મહિનાના પહેલા સોમવાર કે શુક્રવારના રોજ 11 અભિમંત્રિત ગોમતી ચક્ર લો. તેમને હળદરથી તિલક કરો અને લાલ કે પીળા રેશમી કપડામાં બાંધીને તમારી તિજોરી, લોકર કે જ્યાં તમે પૈસા રાખો છો, ત્યાં મૂકી દો. આમ કરવાથી ધનમાં વૃદ્ધિ થાય છે અને ઘરમાં બરકત બની રહે છે.

**વ્યાપારમાં વૃદ્ધિ :** જો વ્યાપારમાં મંદી હોય કે અપેક્ષિત નફો ન મળતો હોય, તો 3 ગોમતી ચક્ર લઈને તેમને દુકાનના મુખ્ય દરવાજા પર ઉપરની બાજુ લટકાવી દો. કેટલાક ગોમતી ચક્રને તમારી દુકાનના ગલ્લામાં પણ રાખી શકાય છે. આ ઉપાય વ્યાપારમાં વૃદ્ધિ અને ગ્રાહકોને આકર્ષવામાં મદદરૂપ થાય છે.

**સ્વાસ્થ્ય અને રોગમુક્તિ માટે:** જો કોઈ વ્યક્તિ લાંબા સમયથી બીમાર હોય અને તેને દવાઓથી લાભ ન મળતો હોય, તો 11 ગોમતી ચક્રને એક લાલ કપડામાં બાંધી દર્દીના ઓશીકા રાખી દો.



સોમવારે ભગવાન શિવને જળ અર્પણ કર્યા પછી, તે જ 11 ગોમતી ચક્રને શિવલિંગ પર અર્પણ કરો અને દર્દીના શીઘ્ર સ્વાસ્થ્ય લાભની પ્રાર્થના કરો. ત્યારબાદ તે ગોમતી ચક્રને વહેતા પાણીમાં વિસર્જિત કરી દો.

**વાસ્તુદોષ નિવારણ માટે :** ઘરમાં વાસ્તુદોષ હોય તો ઘર બનાવતી વખતે તેના પાયામાં 11 ગોમતી ચક્ર દબાવી દો. આ ઘરના વાસ્તુદોષોને દૂર કરે છે અને સકારાત્મકતાનો સંચાર કરે છે. જો ઘરમાં કોઈ ખાસ વાસ્તુ દોષ હોય, તો તે જગ્યાએ 2 ગોમતી ચક્રને લાલ કપડામાં લપેટીને રાખી દો.

**લગ્ન અને દાંપત્ય જીવનમાં સુખ માટે :** જો લગ્નમાં વિલંબ થઈ રહ્યો હોય કે મનગમતો જીવનસાથી ન મળતો હોય, તો કોઈ પણ મહિનાના પહેલા સોમવારના દિવસે 11 અભિમંત્રિત ગોમતી ચક્ર પર લાલ સિંદૂર લગાવીને પીળા કપડામાં બાંધી લો. દાંપત્યજીવનમાં આવતી મુશ્કેલીઓ દૂર કરવા માટે 11 સિદ્ધ ગોમતી ચક્રને એક સફેદ કપડામાં બાંધીને કોઈ દક્ષિણ દિશા તરફ ફેંકી દો.

**શિક્ષણ અને કારકિર્દીમાં સફળતા માટે:** બાળકોના અભ્યાસમાં એકાગ્રતા વધારવા અને સફળતા મેળવવા માટે 11 ગોમતી ચક્રને ભગવાન શિવને અર્પણ કર્યા પછી તેમને લાલ કપડામાં બાંધીને બાળકોના ભણવાના રૂમમાં રાખો. નોકરીમાં પ્રગતિ કે ઈન્ટરવ્યૂમાં સફળતા માટે, ઈન્ટરવ્યૂ પર જતા પહેલાં 11 ગોમતી ચક્રને તમારા ખિસ્સા કે બેગમાં રાખી લો.

**બાળકોની સુરક્ષા :** બાળકોને ખરાબ નજરથી બચાવવા માટે તેમના ગળામાં ચાંદીના લોકેટમાં એક ગોમતી ચક્ર જડાવીને પહેરાવવું શુભ માનવામાં આવે છે. આ તેમને નકારાત્મક ઊર્જાથી બચાવે છે અને બીમારીઓથી પણ દૂર રાખે છે.

### ગોમતી ચક્રને અભિમંત્રિત કરવાની રીત

- ગોમતી ચક્રને સ્વચ્છ પાણીથી ધોઈ લો.
- તેને પૂજાસ્થળ પર સ્થાપિત કરો.
- ધૂપ-દીપ અર્પણ કરો અને `ૐ વાં આરોગ્યાનિકારી રોગાનશેષાનં નમઃ' અથવા `ૐ ઘૃણિ સૂર્યાય નમઃ' જેવા સંબંધિત મંત્રોની 11 કે 21 વાર માળાનો જાપ કરો.
- જાપ પછી ગોમતી ચક્ર અભિમંત્રિત થઈ જાય છે, તેને કોઈ સુરક્ષિત સ્થાન પર રાખી દો અને રોજ ધૂપ-દીપ કરતા રહો.

# નવરચિત 9 મહાનગરપાલિકામાં સીમાંકન પ્રક્રિયા, 13 વોર્ડ અને 52 બેઠકની જોગવાઈ

### તમામ મહાનગરપાલિકાઓમાં 50 ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે

**અમદાવાદ**

ગુજરાતમાં નવરચિત 9 મહાનગરપાલિકાઓ માટે શહેરી વિકાસ વિભાગ દ્વારા સીમાંકનના આદેશો જાહેર કરવામાં આવ્યા હતા. મનપાના આસપાસના વિસ્તારને ભેળવી સીમાંકન જાહેર કરાયું હતું. રાજ્યના નવસારી, પોરબંદર, સુરેન્દ્રનગર, વાપી, મહેસાણા, આણંદ, ગાંધીધામ, મોરબી અને નડિયાદ સહિતના નવ શહેરોને હવે નગરપાલિકા તરીકે નહીં પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશન તરીકે નવી ઓળખ આપવામાં આવી છે.

આ તમામ મહાપાલિકાઓમાં દરેક માટે 13 વોર્ડ અને 52 કોર્પોરેટરની બેઠકો નક્કી કરવામાં આવી છે. શહેરી વિકાસ વિભાગના જણાવ્યા અનુસાર, નવી રચાયેલી મનપાઓમાં 50 ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે અને 27 ટકા બેઠકો અન્ય પછાત જાતિ (ઓબીસી) ઉમેદવારો માટે અનામત રાખવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નવી મહાનગરપાલિકા બનતા આ શહેરોની આજુબાજુના ગામડાઓ અને વધતા વિસ્તારને હવે શહેર હદમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. પરિણામે, વિકાસ યોજનાઓ વધુ ગતિથી અમલમાં આવી શકશે અને શહેરી વસાહતો માટે વધુ સારી જનસેવાઓ ઉપલબ્ધ બનશે.

આ નવી મ્યુનિસિપલ કોર્પોરેશનો માટે આગામી એક વર્ષની અંદર ચૂંટણી યોજાય તેવી શક્યતા છે. નવી રચાયેલી 9 મનપા સહિત કુલ 15 મનપાની ચૂંટણી યોજાશે. ચૂંટણી અગાઉ સીમાંકનના આદેશો જારી થતા રાજકીય રીતે પણ ગરમાવો જોવા મળી શકે છે.

# ગુજરાતના 26 સાંસદો એક વર્ષમાં 95 ટકા ફંડ ન વાપરી શક્યા : અહેવાલ

**ગાંધીનગર**

ગુજરાતના 26 સાંસદોએ છેલ્લા એક વર્ષમાં કરેલા કાર્યો અને તેમાં થયેલા ખર્ચને લઈને બજેટ અંગેનો રિપોર્ટ સામે આવ્યો છે. જેમાં પ્રજાના હિતમાં અને પોતાના વિસ્તારના વિકાસના બજેટમાંથી ફક્ત 26 સાંસદોએ એક વર્ષમાં ફક્ત 4.2 ટકા જ ફંડનો ઉપયોગ કર્યો છે અને 95.8 ટકા ફંડ વાપરી ન શક્યા હોવાનું સામે આવ્યું છે. રૂએસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) દ્વારા મેમ્બર ઑફ પાર્લામેન્ટ લોકલ એરિયા ડેવલોપમેન્ટ સ્કીમ (MPLADS)ના વપરાયેલા ફંડને લઈને જાહેર કરાયેલા રિપોર્ટ મુજબ, ગુજરાતના 26 સાંસદોના કુલ 254.8 કરોડ રૂપિયા ફંડમાંથી 10.72 કરોડ રૂપિયા જ ખર્ચ્યા છે. સાંસદોના ખર્ચના રિપોર્ટને લઈને કોંગ્રેસે અનેક સવાલો ઉઠાવ્યા છે. કોંગ્રેસનું કહેવું છે કે, ભાજપ વિકાસની રાજનીતિ કરે છે તો વિકાસ તો થતો નથી.રૂરિપોર્ટ અનુસાર, આ તમામ સાંસદોએ 3823 કામમાંથી માત્ર 93 જ કામ કર્યા છે. જેમાં સૌથી વધુ ભરૂચ સંસદીય વિસ્તારોમાં 1.73 કરોડ ખર્ચાયા હોવાનું સામે આવ્યું છે.

જ્યારે કોંગ્રેસના સવાલોને લઈને ભાજપે જવાબ આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં સાંસદોએ પોતાના બજેટનો સંપૂર્ણ ઉપયોગ કર્યો છે.

# હવે ગુજરાતમાં ઈ-ગ્રામ સેન્ટર ઉપર 4 સરકારી યોજનાની બેન્કિંગ સેવાઓ ફ્રી

### 14,181 ગ્રામ પંચાયતો ખાતે કોમ્પ્યુટર ઉપલબ્ધ

**અમદાવાદ**

ગુજરાતમાં 'જન સુરક્ષા અભિયાન'ને પ્રોત્સાહન આપવા PM જનધન સહિત કેન્દ્રની ચાર યોજનાઓની બેન્કિંગ સેવાઓની કામગીરી ઈ-ગ્રામ સેન્ટર ખાતેથી વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવાનો રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ માટે ઈ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટી દ્વારા VCE ને મહેનતાણા તરીકે રૂ.૨૦/- ચૂકવવામાં આવશે. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની યાદીમાં જણાવવામાં આવ્યું હતું કે આ અભિયાન હેઠળ કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી જન ધન યોજના અંતર્ગત જે નાગરિકોના બેંક એકાઉન્ટ નથી તેઓના બેંક એકાઉન્ટ ખોલાવા તેમ જ નિષ્ક્રિય થઈ ગયેલા એકાઉન્ટમાં Re-KYC કરી ફરીથી ચાલુ કરવા તેમજ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને અટલ પેન્શન યોજના હેઠળ પાત્રતા ધરાવતા નાગરિકોનું નામાંકન કરાવવા જેવી સુવિધાઓ હવે ગ્રામીણ કક્ષાએ VCE દ્વારા વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ સેવા તા.૦૧ જૂલાઈથી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી ચાલુ રહેશે.

# રાજ્યમાં ટાઉનશીપ પ્રોજેક્ટસને મળશે વેગ 16 વર્ષ બાદ નવી ડ્રાફ્ટ પોલિસીની કવાયત

**અમદાવાદ**

રાજ્ય સરકાર શહેરોમાં સંગઠિત, સસ્તું આવાસને પ્રોત્સાહન આપવા માટે નવી ટાઉનશીપ નીતિનો મુસદ્દો તૈયાર કરી રહી છે. અગાઉની 2009ની નીતિ વિવિધ કારણોસર સફળ થઈ શકી ન હતી. નવી પોલિસી ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ (એફએસઆઈ)માં છૂટછાટ, ટેક્સ બ્રેક્સ અને શહેરી વિકાસ યોજનાઓ સાથે વધુ સુસંગત છે. 2009ની રેસિડેન્શિયલ ટાઉનશીપ નીતિ રજૂ કર્યાના સોળ વર્ષ પછી, રાજ્ય મોટા પાયે, આત્મનિર્ભર



ટાઉનશીપ બનાવવા માટે રિયલ એસ્ટેટ ડેવલપર્સને આકર્ષક પ્રોત્સાહનો આપવાનું આયોજન થઈ રહ્યું છે.

સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે ટાઉનશીપમાં જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો મોટા ભાગનો ખર્ચ ડેવલપર્સ ઉઠાવતા હોવાથી, સરકાર સૂચિત ટાઉનશીપમાં જમીન કપાત (રસ્તાઓ, જાહેર જગ્યાઓ વગેરે જેવી સુવિધાઓ માટે શહેરી સત્તાવાળાઓ દ્વારા સંપાદિત જમીન)માં રાહત આપવાનું લક્ષ્ય ધરાવે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે સરકાર સૂચિત ટાઉનશીપ નીતિમાં એફએસઆઈ અને મ્યુનિસિપલ અને અન્ય કર, સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફીમાં અન્ય છૂટછાટો આપવાનો પ્રસ્તાવ પણ વિચારી રહી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, સરકાર આવા પ્રોજેક્ટ્સ માટે ડેવલપર્સને જમીન ઓફર કરવાના વિકલ્પ પર પણ વિચાર કરી શકે છે.

# ગુજરાતમાં ખરાબ રસ્તા મુદ્દે 'દાદા'નો આદેશ બેદરકાર કોન્ટ્રાક્ટરને હવે બક્ષવામાં નહીં આવે

**ગાંધીનગર**

રાજ્યની મહાનગરપાલિકાઓમાં વરસાદને કારણે રસ્તાઓ પર પડેલા ખાડાઓને કારણે પ્રજાજનોને પડતી હાલાકીને ગંભીરતાપૂર્વક ધ્યાને લેતા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ રાજ્ય સરકાર દ્વારા જવાબદાર રોડ કોન્ટ્રાક્ટરો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાના આદેશ આપવામાં આવ્યા હતા. આ આદેશથી રોડ કોન્ટ્રાક્ટર દ્વારા નિર્મિત અથવા જાળવણી હેઠળના રોડ-રસ્તાઓમાં ખાડા પડ્યા હશે તેવા, કોન્ટ્રાક્ટરને તાત્કાલિક અસરથી અને નિર્ધારિત સમયમર્યાદામાં



સમારકામ પૂર્ણ કરવા માટે નોટિસ ફટકારવામાં આવી છે. આ ઉપરાંત કેટલાક કોન્ટ્રાક્ટરને દંડ પણ કરવામાં આવ્યા છે. ભારે વરસાદના પરિણામે ક્ષતિગ્રસ્ત થયેલા રાજ્યના વિવિધ માર્ગો અને પુલોના મરમ્મતની કામગીરી મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. નાગરિકોની સલામતીને પ્રાધાન્ય ગુજરાતમાં રાજ્ય, પંચાયત, રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને પાટનગર યોજનાના મળીને કુલ ૧.૧૯ લાખ કિ.મી.થી વધુ લંબાઈ ધરાવતા રસ્તાઓ નાગરિકોની સેવામાં ઉપલબ્ધ છે. રાજ્યમાં વરસી રહેલા ભારે વરસાદના પરિણામે કેટલાક રોડ, રસ્તા, પુલ અને અન્ય માળખાકિય સુવિધાઓને નુકસાન થયું છે. જેના સમારકામ માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યના માર્ગ-મકાન અને અન્ય સંબંધિત વિભાગને ચોકકસ દિશા નિર્દેશો આપીને સત્વરે કામો પૂર્ણ કરવા કડક સૂચના આપી હતી. જે અનુસંધાને રાજ્યની ૧૨ મહાનગરપાલિકા વિસ્તારોમાં ઉચ્ચ અધિકારીઓની પ્રત્યક્ષ હાજરીમાં યુદ્ધના ધોરણે સમારકામના કાર્યો ચાલી રહ્યા છે

# ઘરવાપસી : દાંતામાં 29 આદિવાસી પરિવારોનું ઐતિહાસિક પુનર્વસન

**પાલનપુર**

દાંતાના મોટા પીપોદરા ગામમાંથી 12 વર્ષ પહેલાં આદિવાસી સમાજના કુરિવાજ ચડોતરુંના કારણે 29 કોદાર્વિ પરિવારના 300 જેટલા સભ્યોને ગામમાંથી સ્થળાંતર કરીને ચાલ્યા જવું પડ્યું હતું. આ પરિવારોનું ગૃહ રાજ્યમંત્રી દ્વારા માનભેર પુનર્વસન કરાવવામાં આવ્યું હતું. દાંતા તાલુકાના મોટા પીપોદરા ગામમાંથી 12 વર્ષ પહેલાં સ્થળાંતર કરીને કોદાર્વિ સમુદાયના 29 પરિવારોના 300 જેટલા સભ્યો પાલનપુર તથા સુરત ચાલ્યા ગયા હતા. દરમિયાન ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ બનાસકાંઠા પોલીસે આ સમુદાયની વિગતો મેળવીને તેમનો સંપર્ક કર્યો હતો. તેમજ આગેવાનો સાથે ગામમાં સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે બેઠકો કરી હતી. ત્યારબાદ ગુરુવારે મંત્રી હર્ષ સંઘવી દ્વારા આ સમુદાયના 29 પરિવારોના 300 લોકોનું માનભેર કુમકુમ તિલક કરી ગૃહ પ્રવેશ કરાવાયો હતો. તેમજ તેમની જમીનમાં ટ્રેક્ટર વડે ખેડ કરાવી વાવેતર કરાવી આપ્યું હતું. તેમજ રેન્જ આઈ.જી. ચિરાગ કોરડીયા તથા બનાસકાંઠા પોલીસ અધિક્ષક અક્ષરાજ મકવાણા અને ટીમ દ્વારા 12 વર્ષના વેરને સમાધાન કરાવીને સામાજિક વ્યવસ્થા માટે કરાયેલી કામગીરીને બિરદાવી હતી. જ્યારે તકરારને બદલે સમાધાન તરફ આગળ વધવા બદલ આદિવાસી સમાજના પાંચ વડીલોનું સ્ટેજ ઉપર સન્માન કરાયું હતું.

# ઈટાલિયા અને રાજેન્દ્ર ચાવડાએ ધારાસભ્ય પદના લીધા શપથ

**કડી**

ગુજરાતમાં 19 જૂન ગુજરાતની બે વિધાનસભા બેઠકો કડી અને વિસાવદરમાં પેટાચૂંટણી યોજાઈ હતી. જેમાં વિસાવદરથી આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલિયા અને કડી બેઠક પરથી ભાજપ નેતા રાજેન્દ્ર ચાવડા વિજેતા થયા હતા. આ બંને ધારાસભ્યોએ બુધવારે (16 જુલાઈ) ધારાસભ્ય તરીકે શપથ લીધા છે. વિધાનસભાના અધ્યક્ષે બંને ધારાસભ્યોને શપથ લેવડાવ્યા. કડીમાં પૂર્વ ધારાસભ્ય કરસન સોલંકીના મૃત્યુના કારણે કડી વિધાનસભા બેઠક ખાલી થઈ હતી. આ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત છે. આ સિવાય વિસાવદરમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ભૂપેન્દ્ર ભાયાણી રાજીનામું આપી ભાજપમાં સામેલ થઈ ગયા હતાં, જેના કારણે વિસાવદર બેઠક ખાલી થઈ હતી.

# ખ્યાતિ હોસ્પિટલ કેસમાં વધુ ત્રણ આરોપીને શરતી જામીન, એનએસયુઆઈ દ્વારા વિરોધ

### આરોપીઓએ છ મહિના સુધી દર મહિને એક વખત પોલીસમથકે હાજરી આપવી પડશે

**અમદાવાદ**

શહેરની ખ્યાતિ હોસ્પિટલ કેસમાં વધુ ત્રણ આરોપીને કોર્ટે શરતી જામીન આપ્યા હતા. ચિરાગ રાજપૂત, પંકિલ પટેલ અને પ્રતીક ભટ્ટને હાઈ કોર્ટે શરતી જામીન આપ્યા હતા. આ પહેલા કોર્ટે સંજય પટોળિયા, રાજશ્રી કોઠારી અને રાહુલ જૈનને શરતી જામીન આપ્યા હતા. આરોપીઓનો જામીન પર છુટકારો થતાં આજે એનએસયુઆઈના કાર્યકર્તાઓએ હોસ્પિટલ પહોંચી વિરોધ પ્રદર્શન કર્યું હતું અને હોસ્પિટલના ગેટ પર મોતના સોદાગરવાળા બેનરો લગાવી વિરોધ પ્રદર્શન કર્યું હતું. ખ્યાતિ હોસ્પિટલ કેસમાં ત્રણ આરોપી ચિરાગ રાજપૂત, પંકિલ પટેલ અને પ્રતીક ભટ્ટે સરકારે નિમેલ તપાસ કમિટીની ફરિયાદમાંથી જામીન મેળવવા ગુજરાત હાઈ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જેમને હાઈ કોર્ટે 10 હજારના બોન્ડ ઉપર શરતી જામીન આપ્યા હતા. આરોપીઓએ છ મહિના સુધી દર મહિને એક વખત પોલીસ મથકે હાજરી પુરાવવી પડશે. ખ્યાતિકાંડના આરોપીઓને જામીન પર મળતા એનએસયુઆઈના કાર્યકર્તાઓ ખ્યાતિ હોસ્પિટલ પર પહોંચ્યા હતા.

# ગુજરાતમાં મોસમનો 51.09% વરસાદ : કચ્છ જિલ્લો 58.46% સાથે મોખરે

**અમદાવાદ**

ગુજરાતમાં મે મહિનાથી જ ધોધમાર વરસાદની શરુઆત થઈ ગઈ હતી. આ પછી જૂન મહિનામાં રાજ્યના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ અસર કચ્છ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં વરસાદનું જોર રહ્યું હતું. જ્યારે હવે જુલાઈ મહિનાની શરુઆતથી મેઘરાજાએ જાણે બ્રેક લીધો હોય તેવી સ્થિતિ છે, ત્યારે રાજ્યના છૂટાછવાયા સ્થળોએ વરસાદ વરસી રહ્યો છે. જેમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ 51.09% વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ કચ્છ જિલ્લામાં 58.46% વરસાદ અને દક્ષિણ ગુજરાતમાં 55.19% વરસાદ ખાબક્યો છે.

# અમદાવાદ પ્લેન ક્રેશનું ઠીકરું પાયલટ પર ફોડાતાં જ મૃતકોના પરિજનો ભડક્યા

## પીડિતના પરિવારે રિપોર્ટને ખોટો કહી નારાજગી દર્શાવી

'અમદાવાદ

અમદાવાદમાં 12 જૂનના રોજ અમદાવાદ-લંડન પ્લેન ક્રેશની ભયાવહ દુર્ઘટનાનો પ્રાથમિક રિપોર્ટ બે દિવસ પહેલાં જ જાહેર કરવામાં આવ્યો છે. જો કે, આ રિપોર્ટથી પીડિતોના પરિવારજનો ખુશ નથી. તેઓ પ્રાથમિક રિપોર્ટ દોષનો ટોપલો પાયલટ પર ઢોળાઈ રહ્યો હોવાનો આક્ષેપ કરી રહ્યા છે. તેમણે આરોપ મૂક્યો છે કે, આ રિપોર્ટની મદદથી ટાટાની માલિકીની એર ઈન્ડિયા, બોઈંગ અને ભારત સરકારને બચાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ પ્લેન ક્રેશમાં પોતાના ત્રણ પરિજનોને ગુમાવનારા અમીન સિદ્દિકીએ જણાવ્યું કે, આ રિપોર્ટ ખોટો છે, અમે તેનો સ્વીકાર કરીશું નહીં. તેઓ આ દુર્ઘટનામાં મોતને ભેટેલા પાયલટ્સ પર દોષનો ટોપલો ઢોળી રહ્યા છે. અમે સરકાર તરફથી આપવામાં આવેલું વળતર સ્વીકાર્યું નથી. અમે એરલાઈન્સ કંપની વિરુદ્ધ કોર્ટમાં જઈશું.

વધુ એક પીડિતના સંબંધી તુષાર જોગેએ જણાવ્યું કે, આ રિપોર્ટ એર ઈન્ડિયા અને બોઈંગ માટે કવરઅપ છે. અમને પહેલાંથી જ અંદાજ હતો કે, તેઓ પાયલટની ભૂલ બતાવશે. તેઓ મિકેનિકલ ફોલ્ટ કેમ જોઈ રહ્યા નથી. ઈન્ડિયન એર એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોમાં કેટલા લોકો ક્વોલિફાઈડ છે ? FAA (અમેરિકન રેગ્યુલેટર)એ 2018માં ફ્યુલ કંટ્રોલ સ્વિચ મુદ્દે એડવાઈઝરી રજૂ કરી હતી. તેઓએ આ એડવાઈઝરીને કેમ મહત્ત્વ ન આપ્યું.

# પ્લેન ક્રેશ મામલો : 'તપાસ પૂર્ણ નથી થઈ', વિદેશી મીડિયાના આરોપો AAIBએ ફગાવ્યા

અમદાવાદ : ઈન્ડિયન એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોએ એર ઈન્ડિયાની ફ્લાઈટ AI171 દુર્ઘટનાને લઈને ઈન્ટરનેશનલ મીડિયાના કેટલાક વર્ગો દ્વારા અનવેરિફાઈડ રિપોર્ટિંગના આધાર પર તારણો શોધવાના પ્રયાસો પર ચિંતા વ્યક્ત કરી છે. એજન્સીએ કહ્યું કે, પ્રારંભિક તપાસ રિપોર્ટનો ઉદ્દેશ્ય માત્ર એ જણાવવાનો છે કે દુર્ઘટનામાં શું થયું અને હજુ કોઈ અંતિમ તારણો કાઢવો એ ઉતાવળ હશે, કારણ કે તપાસ હજુ પૂર્ણ નથી થઈ. આ પ્રકારના બેજવાબદારીભર્યું રિપોર્ટિંગથી ન માત્ર તપાસ પ્રક્રિયાને ખતરો છે, પરંતુ આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોના પરિવારોની સંવેદનાઓને પણ ઠેસ પહોંચશે.

**પાયલટ યુનિયનનો વિરોધ**

રિપોર્ટ આવતાં જ ભારતીય પાયલટ સંગઠન ફેડરેશન ઑફ ઈન્ડિયન પાયલટ્સ (FIP)એ કહ્યું કે, પાયલટ પ્રતિનિધિઓને તપાસ પ્રક્રિયામાંથી બહાર રાખવાને લઈને અમે ગંભીર અસંતોષ વ્યક્ત કર્યો છે. જે પ્રાથમિક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે, તે ન તો પૂરો છે અને ન નિષ્પક્ષ. તેમાં ફક્ત ગણતરીના કૉકપિટ ઓડિયોને તોડી-મરોડીને પાયલટની ક્ષમતા અને નિયત પર સવાલ કરવામાં આવી રહ્યા છે, જે સંપૂર્ણ રીતે અયોગ્ય છે.

# દત્તપુરાની જમીન વેચાણના નામે આઠ કરોડની ઠગાઇમાં રાજકોટનો દલાલ ઝબ્બે

વડોદરા

વાઘોડિયા તાલુકાના દત્તપુરા ગામની જમીન વેચાણના બહાને રૂા.૮ કરોડની ઠગાઈ કરનાર રાજકોટનો ભેજાબાજ છ વર્ષ બાદ ઝડપાઈ ગયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ દત્તપુરાની સંયુક્ત માલિકીની ખેતીની ૯ વિઘા જમીનનો રૂા.૩૫૧ ચો.ફૂ.ના ભાવથી રૂા.૮.૧૦ કરોડમાં વેચાણ કરવાનો સોદો નક્કી કર્યો હતો. જમીન માલિકોને વાઘોડિયા મામલતદાર કચેરીમાં બોલાવી સબ રજિસ્ટ્રાર સમક્ષ દસ્તાવેજ પર ગરીબ ખેડૂતોના સહિ અને અંગૂઠા મરાવી લીધા હતા અને દસ્તાવેજ મુજબની રકમ ચેકથી આપવાનું નક્કી કરાયું હતું. જમીનના દસ્તાવેજો કરાવી લીધા બાદ એકપણ રકમ માલિકોને ચૂકવી ન હતી જે અંગે વાઘોડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થતાં જમીન દલાલ વિમલ મનસુખભાઈ રાજાણી (રહે.હીરાશ્રી એપાર્ટમેન્ટ, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર મુખ્ય માર્ગ સર્કલ, રાજકોટ) ફરાર થઈ ગયો હતો. છેલ્લા છ વર્ષથી ફરાર વિમલ રાજાણી રાજકોટમાં હોવાની માહિતીના આધારે જિલ્લાના પેરોલ ફર્લો સ્કવોડના માણસોએ રાજકોટમાં પહોંચી તપાસ કરતા હાલમાં તે નાના મોવારોડ પર ૪૦ ફૂટ રિંગરોડ પરના વ્રજ કોમ્પ્લેક્સમાં રહેતો હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે મોડી રાત્રે તેના ફ્લેટમાં જઈ તેને ઝડપી પાડયો હતો.

# રાજ્યમાં નર્મદા કેનાલ પરના 36 પુલોને તાત્કાલિક બંધ કરવા સરકારનો આદેશ

## 5 અતિ-જોખમી પુલ સંપૂર્ણપણે બંધ કરાયા : દુર્ઘટના બાદ શાખ બચાવવા હવાતિયાં

આણંદ

ભારે વરસાદના પરિણામે ક્ષતિગ્રસ્ત થયેલા રાજ્યના વિવિધ માર્ગો અને પુલના મરામત-સમારકામની કામગીરી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આદેશ બાદ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. રાજ્ય સરકાર દ્વારા આગમચેતીના ભાગરૂપે રાજ્યના વિશાળ નર્મદા કેનાલ નેટવર્ક પર સ્થિત વિવિધ પુલની પણ ટેક્નિકલ તપાસ હાથ ધરવામાં આવી છે અને તેની ગુણવત્તા સુનિશ્ચિત કરવામાં આવી છે. 36 પુલને મરામતની જરૂરિયાત હોવાથી



તાત્કાલિક અસરથી મરામત કામગીરી માટે બંધ કરવા માટે સૂચના આપવામાં આવી છે, જ્યારે 5 પુલને સંપૂર્ણપણે બંધ કરાયા છે અને 4 પુલ પર ભારે વાહનો પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. ગુજરાતમાં 17.92 લાખ હેક્ટર સિંચાઈ વિસ્તારને આવરી લેતું આશરે 69,000 કિ.મી. લાંબુ નર્મદા કેનાલ નેટવર્ક ઉપલબ્ધ છે. આ કેનાલ નેટવર્ક પરથી પસાર થતાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો, રાજ્ય ધોરીમાર્ગો અને ગામડાના માર્ગોને જોડતાં આશરે 2,110 જેટલા પુલ કાર્યરત છે. આ પુલની વર્તમાન સ્થિતિનું મૂલ્યાંકન કરવા, સંભવિત ક્ષતિઓને અટકાવવા તેમજ પુલના આયુષ્યને લંબાવવા માટે સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા આ તમામ પુલનું વિઝ્યુઅલ નિરીક્ષણ શરૂ થયું હતું.

# અમદાવાદના પૂર્વ સાંસદ સહિત ૩ના મર્ડર કેસનો ફરાર આરોપી દરિયાપુરથી ઝડપાયો

## આરોપી છેલ્લા દોઢ વર્ષથી પેરોલ જમ્પ કરીને ફરાર થઇ ગયો હતો

ગાંધીનગર

ગાંધીનગર પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમસેટ્ટી દ્વારા લાંબા સમયથી પેરોલ/ફર્લો જમ્પ, વચગાળાના જામીન પરથી ફરાર અને પોલીસ જાપ્તામાંથી ભાગી ગયેલા કેદીઓને ઝડપી પાડવા માટે ક્રાઈમ બ્રાન્ચ-ર પોલીસ ઈન્સ્પેક્ટર એચ.પી. પરમારને સૂચના આપી હતી જેનાં પગલે એક વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત ટીમોએ જિલ્લામાં ફરાર આરોપીઓ અને કેદીઓની યાદી તૈયાર કરી હતી. સ્થાનિક બાતમીદારો અને ટેકનિકલ હ્યુમન સોર્સનો ઉપયોગ કરીને આરોપીઓના આશ્રય સ્થાનોની માહિતી એકત્રિત કરવામાં આવી હતી અને કોમ્બિંગ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. દરમિયાન પેરોલ ફર્લો ટીમને સ્થાનિક હ્યુમન સોર્સથી ચોક્કસ માહિતી મળી હતી કે ગુલાલ મહમંદ ઉર્ફે ગુલાલ કાદરભાઈ શેખ, રહે. બલુચવાડ, દરિયાપુર, અમદાવાદ જે અમદાવાદ શહેરના દરિયાપુર અને કાલુપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ત્રણ મર્ડર કેસોમાં જેમાં અમદાવાદના દરિયાપુર ખાતે પૂર્વ સાંસદ રઉફવલી ઉલ્લાદના મર્ડરમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યો હતો. તે ૨૩ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ ગુજરાત હાઈકોર્ટ દ્વારા પેરોલ રજા પર છૂટયો હતો અને ૮ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ સેન્ટ્રલ જેલમાં પરત હાજર થવાનું હતું પરંતુ તે ફરાર થઈ ગયો હતો. ચોક્કસ માહિતી હતી કે તે હાલમાં દરિયાપુર સ્થિત તેના નિવાસસ્થાને આવ્યો છે.આ માહિતીના આધારે કેદી તેના ઘરે આવતા ટીમે તેને ઝડપી લેવાયો હતો.

# કલોલની કંપની સાથે ૧૮.૭૦ લાખની છેતરપિંડી કરનાર મહિલા પકડાઈ ગઈ

## સુરત અમદાવાદમાં પણ છેતરપિંડી આચરી

ગાંધીનગર

કલોલના પાનસર ગામમાં મેડિસિન રો-મટિરિયલનું ઉત્પાદન કરતી હ્યુમનફાર્મા લેબ્સ પ્રાઈવેટ લિમિટેડ કંપની પાસેથી ૨૦૨૪માં અમદાવાદના હાથીજણ ખાતે બાલેશ્વર સિલ્વર લાઈન ફ્લેટમાં રહેતા શીતલબેન ગોપાળભાઈ પંચાલે કંપની ૧૮.૭૦ લાખની કિંમતનો મેડિસિન રો-મટિરિયલ ખરીદ્યો હતો અને ફેડરલ બેંકના ચેક આપ્યા હતા જે ક્યારેય વટાવવામાં આવ્યા ન હતા. તેમનો સંપર્ક કરવાનો પ્રયાસ કરતા કંપનીને જાણવા મળ્યું કે તેની સામે સુરત ગ્રામ્ય, વડોદરા ગ્રામ્ય અને અમદાવાદ શહેરના પોલીસ સ્ટેશનોમાં સમાન વિશ્વાસઘાત અને છેતરપિંડીના કેસ નોંધાયેલા છે. જેના પગલે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં તેની સામે છેતરપિંડી અને વિશ્વાસઘાત નો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો દરમિયાન પોલીસને ચોક્કસ માહિતી મળી હતી કે આરોપી શીતલબેન ગોપાળભાઈ પંચાલ બાલેશ્વર સિલ્વર લાઈન ફ્લેટ, હાથીજણ, અમદાવાદ ખાતે હાજર છે. જે બાતમીના પગલે તેને ઝડપી લેવામાં આવી હતી અને તેની અટકાયત કરીને હવે કલોલ તાલુકા પોલીસને સોંપવામાં આવી છે.

# સયાજી હોસ્પિટલમાં શંકાસ્પદ ચાંદીપુરાના લક્ષણ ધરાવતી બે બાળકીના મોત

વડોદરા

સયાજી હોસ્પિટલના પિડિયાટ્રિક ડિપાર્ટમેન્ટમાં છેલ્લા ૩૦ દિવસમાં શંકાસ્પદ ચાંદીપુરાના લક્ષણો ધરાવતા ૨૨ બાળકો સારવાર માટે દાખલ થયા છે. ઝાડા ઉલટી, તીવ્ર તાવ અને માથાના દુખાવાની ફરિયાદ સાથે સયાજી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલા ૨૨ બાળકો પૈકી હજી એકપણ બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો નથી. પરંતુ, બાળકોમાં ચાંદીપુરા જેવા જ લક્ષણો હોવાથી બાળકીની પિડિયાટ્રિક ડિપાર્ટમેન્ટમાં તેઓની સારવાર શરૂ કરવામાં આવી હતી.પંચમહાલની ૬ વર્ષની બાળકી અને છોટાઉદેપુરની ૬ મહિનાની બાળકીના સારવાર દરમિયાન મોત થયા છે.

# ટુરિઝમ વિભાગે ઊઠાં ભણાવ્યાં, MOU કાગળ પર

## રોકાણ કરવાના નામે કંપનીઓએ સરકારને કોણીએ ગોળ ચોંટાડ્યો

ગાંધીનગર

વાઈબ્રન્ટ ગુજરાતમાં વિવિધ કંપનીઓએ ગુજરાતમાં લાખો કરોડોનું રોકાણ કરીશું તેમ કહીને ખુદ સરકારને જ કોણીએ ગોળ ચોંટાડ્યો છે. ગાંધીનગર-અડાલજની પાસે દુબઈ થીમ પર ગ્લોબલ વિલેજ બનાવવાનુ નક્કી કરાયુ હતું. આ ગ્લોબલ વિલેજમાં આખાય ભારતના વિવિધ રાજ્યોની કલા-સંસ્કૃતિને ઉજાગર કરવાના ભાગરૂપે પરંપરાગત નૃત્યો, ડાન્સ શો સહિત અન્ય કલાવૃંદોની ઝલક-ઝાંખી જોવા મળે તેવું સ્થળ ઉભુ કરવા આયોજન કરાયુ હતું. તે વખતે ગાંધીનગર નજીક 40 એકર જમીનમાં રૂા.200 કરોડના ખર્ચે આખુય ગ્લોબલ વિલેજ ઉભુ કરવા ટુરિઝમ વિભાગે નક્કી કર્યુ પણ આ બધુય કાગળ પર રહ્યુ છે. અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ પર લંડન થીમ પર જાયન્ટ વ્હીલ્સ શરૂ કરવા મોટી મોટી વાતો કરાઈ હતી પણ હજુ આ પ્રોજેક્ટનો પાયો નંખાયો નથી. ધરોઈ ડેમ પાસે મહોર ગામ નજીક 640 એકર જમીનમાં વિવિધ સંતોની જીવનશૈલી અને સંદેશનુ પ્રદર્શન, મલ્ટીમિડીયા એમ્ફી થિયેટર, કેફેટેરિયા, વ્યાખ્યાન ખંડ, ભજન કિર્તનખંડ, વિશ્રામ સ્થળ, લાયબ્રેરી, કોન્ફરન્સ હોલ સહિતની સુવિધા સાથે સંતનગરી વિકસાવવા સરકારે સત્તાવાર જાહેરાત કરી હતી. આ પ્રોજેક્ટનું પણ હવાહવાઈ થયુ છે. ગુજરાત પ્રવાસન વિભાગે ઈન્વેસ્ટર સમીટમાં જાહેરાત કરી કે રૂા.350 કરોડના ખર્ચે સોમનાથમાં દરિયામાં વિશાળ એક્વેરિયમ બનાવવા આયોજન હતું. જેમાં કાચની ટનલમાંથી વિવિધ પ્રજાતિની માછલી, કાચબા સહિત અન્ય દરિયાઈ જીવ જોઈ શકાય તેવી વ્યવસ્થા કરવા આયોજન કરાયુ હતુ. સાથે સાથે લોકો દરિયામાં કોરલ પણ નિહાળી શકે. જો કે, હજુ સુધી આ પ્રોજેક્ટ કાગળ પર રહ્યો છે.

# બિહારમાં આકાશમાંથી મોત બની ત્રાટકી વિજળી, 24 કલાકમાં 19 લોકોના મોત

## મુખ્યમંત્રીએ પીડિત પરિવારો માટે 4-4 લાખ રુપિયાની મદદની જાહેરાત કરી

**પટના**

બિહારમાં છેલ્લા 24 કલાકમાં વિજળી પડવાને કારણે જાનમાલને નુકસાન પહોંચ્યું છે. બિહારના 10 જિલ્લાઓમાં છેલ્લા 24 કલાકમાં આકાશમાંથી વિજળી પડવાને કારણે 19 લોકોના મોત થયા છે. મુખ્યમંત્રીએ આ ઘટના પર સંવેદના વ્યક્ત કરી છે. તેમણે પિડીત પરિવારો માટે 4-4 લાખ રુપિયાની મદદની જાહેરાત કરી છે. છેલ્લા 24 કલાકમાં આકાશમાંથી વિજળી પડવાને કારણે નાલંદામાં 5, વૈશાલીમાં 4, વાંકામાં 2, પટનામાં 2, ઓરંગાબાદમાં 1, સમસ્તીપુરમાં 1, નવાદામાં 1, જમુઈમાં 1 અને જહાનાબાદમાં 1 વ્યક્તિનું મોત નિપજ્યું છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આ આપત્તિની પરિસ્થિતિમાં તેઓ અસરગ્રસ્ત પરિવારો સાથે છે. મુખ્યમંત્રીએ પિડીત



પરિવારો માટે ચાર-ચાર લાખ રુપિયાની મદદની જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ લોકોને અપીલ કરી છે કે તમામ લોકો ખરાબ વાતાવરણમાં સતર્ક રહો. ખરાબ હવામાનના કિસ્સામાં, વીજળીથી પોતાને બચાવવા માટે આપત્તિ વ્યવસ્થાપન વિભાગ દ્વારા સમયાંતરે આપવામાં આવતા સૂચનોનું પાલન કરો.

# ગોલ્ડન ટેમ્પલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી, SGPCને 5મી વખત મળ્યો ઇમેઇલ

## ભક્તોને ડરાવવા કાવતરું હોઈ શકે : હરજિંદર સિંહ ધામી

**અમૃતસર**

ગોલ્ડન ટેમ્પલને બોમ્બથી ઉડાવી દેવાની પાંચમી વાર ધમકી આપવામાં આવી છે. SGPC એટલે શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિને એક ધમકીભર્યો ઈમેઈલ મળ્યો છે. જે બાદ સુરક્ષા વ્યવસ્થા સઘન કરવામાં આવી છે. અને પોલીસ તપાસ શરુ કરાઈ છે. બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળ્યા બાદ ભારતીય સેનાએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. પાંચમા ઈમેઈલમાં પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનનો પણ ઉલ્લેખ છે. હરજિંદર સિંહ ધામીએ કહ્યું કે આ કાર્યવાહીઓ શ્રી દરબાર સાહિબમાં આવતા ભક્તોને ડરાવવા અને તેમની સંખ્યા ઘટાડવાનું કાવતરું હોઈ શકે છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, સરકારે આ ઈમેઈલ્સ કયા સર્વર અને આઈપી એડ્રેસ પરથી મોકલવામાં આવ્યા હતા તેની સંપૂર્ણ તપાસ કરવી જોઈએ. સરકાર પાસે બધી પદ્ધતિઓ ઉપલબ્ધ છે. જો સરકાર ઇચ્છે તો તે ખૂબ જ ટૂંક સમયમાં આનો ખુલાસો કરી શકે છે અને આરોપીઓને પણ શોધી શકે છે. ધામીએ કહ્યું કે "ઈતિહાસમાં પણ સચખંડ શ્રી હરમંદિર સાહિબ પર હુમલા થયા છે.

# બિહાર વિધાનસભામાં કોંગ્રેસ ૫૦-૬૦ બેઠકો પર ચૂંટણી લડશે

**પટણા, તા.૧૭**

બિહારમાં વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ની તાડામાર તૈયારીઓ ચાલી રહી છે. એનડીએ અને મહાગઠબંધનમાં બેઠક ફાળવણી મુદ્દે મનોમંથન ચાલી રહ્યું છે. મહાગઠબંધનમાં સામેલ કોંગ્રેસના ભાગમાં ૨૦૨૦ની તુલનાએ ઓછી બેઠકો આવી શકે છે. પક્ષ ૫૦થી ૬૦ બેઠક પર ચૂંટણી લડી શકે છે. જ્યારે આરજેડી અને વામ પક્ષ વચ્ચે બેઠક ફાળવણી મુદ્દે વાતચીત ચાલી રહી છે.

કોંગ્રેસ પાર્ટીના એક નેતાએ મીડિયાને જણાવ્યું હતું કે, કોંગ્રેસ આ વખતે ચૂંટણીમાં ૫૦થી ૬૦ બેઠક પર ઉમેદવારો ઉભા રાખશે. તે વધુ બેઠકો પર ચૂંટણી લડવાના બદલે એવી બેઠક પર ફોકસ કરશે, જ્યાં તેની જીતવાની સંભાવના વધુ છે. સાથે કોંગ્રેસ આ સુનિશ્ચિત કરવા માગે છે કે, બેઠક ફાળવણી મુદ્દે મહાગઠબંધનમાં કોઈ મનદુઃખ ન થાય.

બિહારમાં ૨૦૨૦માં વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ ૭૦ બેઠક પર ચૂંટણી લડી હતી. પરંતુ માત્ર ૧૯ બેઠક જ જીતી શકી હતી. આરજેડીના નેતૃત્વ હેઠળ મહાગઠબંધન ખૂબ ઓછા મત સાથે પરાજિત થયુ હતું.

# મહારાષ્ટ્ર વિધાનસભામાં મારામારી, ધારાસભ્યોએ એકબીજાને લાતો-મુક્કા માર્યા, કપડાં પણ ફાડ્યા

**મુંબઈ**

મહારાષ્ટ્રમાં ધારાસભ્યોએ વિધાસભાની લોબીમાં જ છુટ્ટાહાથની મારામારી કરી એકબીજાને લાતો-ફેંટો મારી છે, વાસ્તવમાં શરદ પવારની એનસીપી પાર્ટીના ધારાસભ્ય જિતેન્દ્ર આવ્હાડ અને ભાજપ ધારાસભ્ય ગોપીચંદ પડલકર વચ્ચે કોઈક બાબતે વિવાદ ઊભો થયો હતો, જેના કારણે તેઓ બંને અને તેમના સમર્થકો મારામારી પર ઉતરી આવ્યા હતા. વાયરલ વીડિયોમાં આવ્હાડ અને પડકલર એકબીજાના વાળ ખેંચતા અને મુક્કા મારતાં જોવા મળી રહ્યા છે. જ્યારે બંનેને મારમારી કરતાં અટકાવવા માટે અન્ય ધારાસભ્ય અને કાર્યકર્તાઓ વચ્ચે પડતાં દેખાઈ રહ્યા છે. મારામારીમાં કપડા પણ ફાટી ગયા છે. મારામારી કર્યા બાદ બંને જૂથના લોકો એકબીજા પર આક્ષેપ કરતાં પણ નજરે પડી રહ્યા છે.



સોશિયલ મીડિયામાં મારામારીના આ ઘટનાનો વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે. યુઝર્સ આ ઘટનાને શરમજનક ગણાવી રહ્યા છે. જિતેન્દ્ર આવ્હાડ અને ગોપીચંદ પડલકર વચ્ચે અગાઉની અદાવતને લઈ વિવાદ ચાલી રહ્યો છે, જેના કારણે બુધવારે વિધાનસભામાં જ બંને વચ્ચે ઉગ્ર વાતચીત થઈ હતી, ત્યારબાદ બંને મારામારી પર ઉતરી આવ્યા હતા.

# છાંગુર બાબાના 14 ઠેકાણાઓ ઉપર ઈડીની રેડ, 500 કરોડનું વિદેશી ભંડોળ મળી આવ્યું

**લખનઉ**

છાંગુર બાબા ધર્માંતરણ કેસમાં ઈડીએ 14 ઠેકાણાઓ દરોડા પાડી કાર્યવાહી કરી છે. વહેલી સવારે 5 વાગ્યાની આસપાસ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની ટીમો દરોડા પાડવા માટે મુંબઈ અને બલરામપુર પહોંચી હતી. ઈડીની ટીમો મુંબઈમાં 2 સ્થળો અને ઉત્તર પ્રદેશના બલરામપુરમાં 14 સ્થળોએ દરોડા પાડી રહી છે. વિદેશી ભંડોળ અને મની લોન્ડરિંગના કેસમાં દરોડા પાડ્યા છે. 2 કરોડના વ્યવહાર અંગે મુંબઈના બાંદ્રામાં શહજાદ શેખ નામના વ્યક્તિની



પૂછપરછ કરવામાં આવી રહી છે. આ પૈસા નવીને શહજાદને આપ્યા હતા. નવીન છાંગુર બાબાનો પણ નજીક છે અને તે ઈડીના રડાર પર છે.

ઈડીની તપાસ મુજબ, નવીનના બેંક ખાતામાંથી શહઝાદને 2 કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. ઈડીને વિદેશમાં આવા 5 બેંક ખાતા મળી આવ્યા છે જેના દ્વારા છાંગુર બાબા અને તેની ગેંગે વિદેશમાં પૈસાની લેવડદેવડ કરી હતી. છાંગુર બાબાના દુબઈ, શારજાહ સહિત UAEના વિવિધ શહેરોમાં 5 બેંક ખાતા છે જેના દ્વારા વિદેશથી ફંડિંગ કરવામાં આવી રહ્યું હતું. ઈડી તપાસ કરી રહી છે કે છાંગુર બાબાને ક્યારે અને કેટલા પૈસા વિદેશથી અને ક્યાંથી મળ્યા. ઈડીને લગભગ 500 કરોડનું વિદેશી ભંડોળ મળ્યું છે જેના માટે બાબા ચાંગુર પણ વિદેશ પ્રવાસ કરી રહ્યા હતા. ઈડીને અત્યાર સુધીમાં છાંગુર બાબાના 18 બેંક ખાતાઓની વિગતો મળી છે. બાબાના વિવિધ બેંક ખાતાઓમાં લગભગ 100 કરોડ રૂપિયા જમા છે.

# રોબર્ટ વાડ્રાની મુશ્કેલીઓ વધી : ઈડીએ રૂપિયા 37 કરોડની સંપત્તિ ટાંચમાં લીધી

**નવી દિલ્હી**

ઈડીએ ગુરુગ્રામમાં એક કથિત લેન્ડ સ્કેમ સાથે જોડાયેલા કેસમાં કોંગ્રેસ નેતા રોબર્ટ વાડ્રાની ૩૭.૬૪ કરોડ રુપિયાની સંપત્તિ ટાંચમાં લીધી છે. ગુરુગ્રામ પોલીસે ૧ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ FIR નંબર ૨૮૮ નોંધી હતી, જેમાં રોબર્ટ વાડ્રા અને તેની કંપની સ્કાઈ લાઈટ હોસ્પિટાલિટીને આરોપી બનાવ્યા હતા. કહેવાય છે કે, શિકોહપુર ગામ, સેક્ટર ૮૩માં ૩.૫૩ એકર જમીનને ૧૨ ફેબ્રુઆરી ૨૦૦૮ના રોજ નકલી દસ્તાવેજો દ્વારા ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ પાસેથી ખરીદી હતી. વાડ્રા પર વ્યક્તિગત પ્રભાવનો ઉપયોગ કરી આ જમીન માટે કોમર્શિયલ લાઈસન્સ લેવાનો આરોપ છે. આ મામલામાં હવે ઈડીએ ૩૭.૬૪ કરોડ રુપિયાની ૪૩ અચલ સંપત્તિઓ ટાંચમાં લીધી છે. આરોપ અનુસાર, પ્રોજેક્ટ પૂરો કર્યા વિના જ આટલી જ જમીન ૫૮ કરોડ રુપિયામાં વેચી દીધી. ચાર્જશીટમાં રોબર્ટ વાડ્રાને આરોપી બનાવ્યા છે. આ મામલામાં ઈડીએ રોબર્ટ વાડ્રા સાથે ૧૮ કલાકથી વધારે સમય સુધી પૂછપરછ કરી હતી. રોબર્ટ વાડ્રા સાથે સાથ હરિયાણાના કેટલાય અન્ય કોંગ્રેસી નેતાઓ સાથે પણ પૂછપરછ થઈ હતી.

# કેન્દ્રિય કેબિનેટનો નિર્ણય: PM ધન-ધાન્ય કૃષિ યોજના માટે 24 હજાર કરોડની મંજૂરી

**નવી દિલ્હી**

મોદી સરકારની કેબિનેટ બેઠકમાં ત્રણ મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. જેમાં બુધવારે કેબિનેટ બેઠકમાં 24,000 કરોડ રૂપિયાના વાર્ષિક ખર્ચ સાથે 'પીએમ ધન-ધાન્ય કૃષિ યોજના'ને મંજૂરી આપી છે. જેમાં 36 યોજનાઓનો સમાવેશ કરવામાં આવશે. તેમજ સરકારે ગ્રીન એનર્જીમાં રોકાણ માટે NLCIL(NLC India Limit)ને 7,000 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આ ઉપરાંત શુભાંશુ શુક્લાના અંતરિક્ષ મિશન બાદ ભારતે પોતાનું અંતરિક્ષ મથક બનાવવા તરફ વધુ એક પગલું આગળ વધાર્યું છે. કેન્દ્રીય બજેટ 2025-26માં નાણામંત્રી નિર્મલા સીતારમણે કૃષિ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે 'પીએમ ધન-ધાન્ય કૃષિ યોજના'ની જાહેરાત કરી હતી.

# બિહારમાં હોસ્પિટલના આઈસીયુ રૂમમાં ઘૂસી એક ગેંગસ્ટરની ગોળી મારીને હત્યા

**પટના**

પટનામાં હોસ્પિટલના ICUમાં ઘૂસીને એક ગેંગસ્ટરને ગોળી મારીને હત્યા કરવામાં આવી હોવાનો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, ૪ શખ્સો બંદૂકો સાથે ICUમાં ડર્યા વગર પ્રવેશ કરી રહ્યા છે. શખ્સોએ હોસ્પિટલના રૂમ નંબર ૨૦૯માં આ ઘટનાને અંજામ આપ્યો હતો. હત્યારાઓએ માત્ર ૨૫ સેકન્ડમાં આ ઘટનાને અંજામ આપ્યો હતો. જણાવી જઈએ કે, જે વ્યક્તિની હત્યા કરવામાં આવી છે, તેનું નામ ચંદન મિશ્રા છે. ચંદન મિશ્રાને બેઉર જેલમાંથી પેરોલ પર સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ચંદન મિશ્રા બક્સરનો રહેવાસી હતો અને કેસરી નામના વ્યક્તિની હત્યા કેસમાં આરોપી હતો. પોલીસે રૂમમાંથી ૧૨ ગોળીઓના શેલ જપ્ત કર્યા છે. પોલીસે હોસ્પિટલના ગાર્ડ સહિત ૧૨ લોકોની અટકાયત કરી છે અને આ કેસમાં પૂછપરછ શરૂ કરી છે.SSP કાર્તિક કે શર્માએ જણાવ્યું હતું કે, ચંદન મિશ્રા એક કુખ્યાત ગુનેગાર હતો અને તેના હરીફ જૂથે હોસ્પિટલમાં ઘૂસીને હત્યા કરી હતી. તેમણે કહ્યું હતું કે, પોલીસને ગુનેગારોની તસવીર મળી છે અને ટૂંક સમયમાં તેમની ધરપકડ કરવામાં આવશે.

# સૈન્યની વર્દી પહેરી દેશ સાથે ગદ્દારી! પંજાબમાં પાક.ની ISI માટે જાસૂસી કરતો જવાન પકડાયો

**ચંડીગઢ**

પંજાબ પોલીસના સ્ટેટ સ્પેશિયલ ઓપરેશન સેલ એ પાકિસ્તાનની ઈન્ટર-સર્વિસિસ ઈન્ટેલિજન્સને ગુપ્ત લશ્કરી માહિતી લીક કરવા બદલ ભારતીય સેનાના એક સેવારત સૈનિકની ધરપકડ કરી છે. પંજાબ પોલીસ દ્વારા જાહેર કરાયેલા એક નિવેદન અનુસાર, આરોપીની ઓળખ દેવિન્દર સિંહ તરીકે થઈ છે, જે સંગરુર જિલ્લાના નિહાલગઢ ગામનો રહેવાસી છે. તેની 14 જુલાઈના રોજ જમ્મુ અને કાશ્મીરના બારામુલ્લા જિલ્લાના ઉરીથી ધરપકડ કરવામાં આવી હતી. આ ધરપકડ એક પૂર્વ સૈનિક ગુરપ્રીત સિંહ ઉર્ફે ગુરી અથવા ફૌજીની ધરપકડ બાદ કરવામાં આવી છે, જેની જાસૂસીના આરોપ હેઠળ અટકાયત કરવામાં આવી હતી.

# ઉત્તરાખંડમાં ભયાનક અકસ્માત, મુસાફરો ભરેલી જીપ ખીણમાં ખાબકતાં 8ના મોત, 3 ઈજાગ્રસ્ત

**દહેરાદૂન**

ઉત્તરાખંડમાં ગુરુવારે ભયાનક દુર્ઘટના બની હતી. અહીં પિથોરાગઢ જિલ્લાના મુવાની વિસ્તારમાં મુસાફરો ભરેલી એક જીપ ખીણમાં ખાબકી હતી, જેમાં આઠ લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. જ્યારે ત્રણ લોકો ગંભીર ઈજાગ્રસ્ત થતા તાત્કાલીક હોસ્પિટલમાં ખસેડાયા હતા.

ઘટનાની જાણ થતાં પોલીસ સહિતની ટીમો સ્થળ પર પહોંચી ગઈ હતી. ગ્રામીણ લોકોની મદદથી રેસ્ક્યૂ ઓપરેશન કરી ખીણમાંથી ઈજાગ્રસ્તોને બહાર કાઢવામાં આવ્યા હતા. એવું કહેવાય છે કે, ખીણમાં ખાબકેલી જીપ મુવાનીથી બોકટા ગામ તરફ જઈ રહી હતી. આ દરમિયાન જીપના ચાલકે વાહન પર કાબુ ગુમાવતા ખીણમાં ખાબકી છે. હાલ મૃતકોની ઓળખ પ્રક્રિયા ચાલી રહી હતી. બીજી તરફ જિલ્લા વહિવટીતંત્રએ ઘટનાની તપાસ કવાના આદેશ આપી દીધા હતા.



અકસ્માતમાં આઠ લોકોના મોત થયા હતા. જીપ કેવી રીતે ખીણમાં ખાબકી તે અંગે ઊંડાણપૂર્વ તપાસ શરૂ કરી દેવાઈ હતી. પિથોરાગઢ પર્વતીય વિસ્તાર છે, તેથી તેને મિની કાશ્મીર પણ કહેવામાં આવે છે. ભારતના ઉત્તર-પૂર્વ ભાગમાં આવેલ પિથોરાગઢની ખીણ, પહાડો અને હવામાન અનેક બાબતે કાશ્મીર જેવું લાગે છે.

# ભારતની તાકાતમાં વધારો, પૃથ્વી-2 અગ્નિ-1 મિસાઈલનું સફળ પરિક્ષણ

**ચાંદીપુર**

ભારતે પોતાની રક્ષા ક્ષમતાઓને વધુ મજબૂત કરવાની સાથે ગુરુવારે ઓરિસ્સા ના ચાંદીપુરમાં ITR દ્વારા બે પરિ ક્ષણ રેન્જથી બે શોર્ટ રેન્જ બેલેસ્ટિક મિસાઈલ પૃથ્વી-2 અને અગ્નિ 1નું સફળ પરિક્ષણ કર્યું હતું. આ પરિક્ષણોમાં સંચાલિત તમામ ટેકનિકલ ફોર્મ્યૂલાને સફળતાપૂર્વક માન્ય ગણવામાં આવી હતી. આ પરિક્ષણ સ્ટ્રેટેજીક ફોર્સ કમાન્ડની દેખરેખમાં આયોજીત કરવામાં આવ્યું હતું. બે બેલેસ્ટિક મિસાઈલના સફળ પરિક્ષણની જાણકારી આપતા રક્ષા મંત્રાલયે જણાવ્યું હતું કે, આજે ઓરિસ્સાના ચાંદીપુરમાં આવેલા એકીકૃત પરિક્ષણ રેન્જથી ઓછામાં ઓછા અંતરની બેલેસ્ટિક મિસાઈN પૃથ્વી -2 અને અગ્નિ 1 નું સફળ પરિક્ષણ કરવામાં આવ્યું. તમામ પરિચાલનો અને ટેકનિકલ ફોર્મ્યુલાની પૃષ્ટિ કરવામાં આવી છે. પૃથ્વી -2 એક સ્વદેશી રૂપથી ડેવલપ કરવામાં આવેલી શોર્ટ રેન્જ બેલેસ્ટિક મિસાઈલ છે. જેને DRDOએ તેને ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (IGMDP) હેઠળ ડેવલપ કરી છે. આ મિસાઈલની રેન્જ 250-350 કિલોમીટર છે અને તે 500-1000 કિલોગ્રામ સુધીનું પેલોડ લઈ જઈ શકે છે.

# ગેમ રમવા ફોન માગતી 4 વર્ષની બાળાની પિતાએ કરી હત્યા, લાશને સમુદ્રમાં ફેંકી

**મુંબઈ**

મુંબઈના સસૂન ડૉક પાસે મંગળવારે સવારે દરિયામાંથી એક ચાર વર્ષની બાળકીનો મૃતદેહ મળવાની સાથે જ ચકચાર મચી ગઈ હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, તેના સાવકા પિતા ઈમરાન શેખે જ ગુસ્સામાં તેમની હત્યા કરી મૃતદેહને દરિયામાં ફેંકી દેવામાં આવ્યો હતો. બાળકીની ઓળખ અમાયરા ઈમરાન શેખના રૂપે થઈ હતી.

ઈમરાન શેખ પોતાની સાવકી દીકરીના મોબાઈલ પર ગેમ રમવાની આદતથી ખૂબ પરેશાન હતો. અમાયરા મોડી રાત્રે 3 વાગ્યા સુધી મોબાઈલ માંગતી હતી. સોમવારે રાત્રે, ઈમરાન તેને બાઈક પર લઈને મુંબઈ આવી ગયો હતો. ત્યાં એક સુમસાન જગ્યા પર પોતાની દીકરીનું ગળું દબાવીને મોતને ઘાટ ઉતારી દીધી અને બાદમાં મૃતદેહને સમુદ્રમાં ફેંકી દીધો હતો. મંગળવારે સવારે આશરે 8:30 વાગ્યે, એક માછીમાર ગોપી ધનિને સસૂન ડૉક પાસે પાણીમાં એક બાળકીનો મૃતદેહ તરતા જોવા મળ્યો હતો. ત્યારબાદ સ્થાનિકોએ કોલાબા પોલીસને સૂચના આપી હતી. બાળકીને સેન્ટ જૉર્જ હોસ્પિટલમાં લઈ જવામાં આવી, જ્યાં તેને મૃત ઘોષિત કરવામાં આવી હતી.

# મહારાષ્ટ્રના નાસિકમાં કરુણાંતિકા, કાર-બાઈક વચ્ચે ભયંકર ટક્કર થતાં સાત લોકોનાં મોત

## મૃતકોમાં 3 મહિલાઓ, 3 પુરૂષો અને એક 2 વર્ષીય બાળકનો સમાવેશ, 2 ગંભીર

**નાસિક**

મહારાષ્ટ્રના નાશિકમાં એક ભીષણ રોડ અકસ્માત સર્જાયો છે, જ્યાં કાર અને બાઈક વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં 7 લોકોના મૃત્યુ નીપજ્યાં થયા છે અને 2 ગંભીર રીતે ઘાયલ થયા છે.

આ અકસ્માત બુધવારે રાત્રે નાસિકના ડિંડોરી રોડ પર વાણી પાસે સર્જાયો હતો. પોલીસના જણાવ્યાનુસાર, કાર અને બાઈક અથડાયા બાદ બંને વાહનો રસ્તાની બાજુમાં એક નાળામાં પડી ગયા હતા. મૃતકોમાં 3 મહિલાઓ, 3 પુરૂષો અને એક 2 વર્ષીય બાળકનો સમાવેશ થાય છે. મૃતકોની ઓળખ 28 વર્ષીય દેવીદાસ પંડિત ગાંગુર્ડે , 23 વર્ષીય મનીષા દેવીદાસ ગાંગુર્ડે, 42 વર્ષીય ઉત્તમ એકનાથ જાધવ, 38 વર્ષીય અલકા ઉત્તમ જાધવ,45 વર્ષીય દત્તાત્રેય નામદેવ વાઘમારે), 40 વર્ષીય અનુસૂયા દત્તાત્રેય વાઘમારે અને 2 વર્ષીય ભાવેશ દેવુરડે તરીકે થઈ છે. અકસ્માત બાદ પોલીસ અને બચાવ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બંને વાહનોને નાળામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તોને ગંભીર હાલતમાં નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અકસ્માતના કારણોની તપાસ કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ 19મી જૂને પુણે જિલ્લાના જેજુરી-મોરગાંવ રોડ પર પણ આવો જ અકસ્માત થયો હતો, જેમાં આઠ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા.

# મહારાષ્ટ્રમાં ચાલુ બસમાં જ 19 વર્ષની યુવતીએ ડિલિવરી થઈ, શિશુને બારીમાંથી ફેંકી દેતા મોત

**મુંબઈ**

મહારાષ્ટ્રના પરભણીમાં 19 વર્ષીય મહિલાએ ચાલતી બસમાં બાળકને જન્મ આપ્યો, ત્યારબાદ તેણે અને તેના પતિ હોવાનો દાવો કરનાર એક પુરુષે નવજાત શિશુને બારીમાંથી ફેંકી દેતાં બાળકનું મોત થયું. એક અધિકારીએ જણાવ્યું કે આ ઘટના મંગળવારે સવારે લગભગ 6.30 વાગ્યે પાથરી-સેલુ રૂટ પર બની હતી. એક નાગરિકે જોયું કે કપડામાં લપેટાયેલું કંઈક બસમાંથી ફેંકવામાં દીધું હતું. અધિકારીએ કહ્યું કે, રિતિકા ધેરે નામની એક યુવતી સંત પ્રયાગ ટ્રાવેલ્સની સ્લીપર કોચ બસમાં અલ્તાફ શેખ (જે પોતાનો પતિ હોવાનો દાવો કરતો હતો) સાથે પુણેથી પરભણી જઈ રહી હતી. તેમણે કહ્યું, મુસાફરી દરમિયાન, ગર્ભવતી મહિલાને પ્રસૂતિનો દુખાવો થયો અને તેણે એક દીકરાને જન્મ આપ્યો. જોકે, દંપતીએ નવજાત શિશુને કપડામાં લપેટીને બસમાંથી ફેંકી દીધું.' બસના ડ્રાઈવરે જોયું કે બારીમાંથી કંઈક ફેંકાયું હતું. તેણે તરત જ પોલીસને જાણ કરી, અધિકારીએ જણાવ્યું. બાદમાં, પેટ્રોલિંગ પર રહેલી સ્થાનિક પોલીસની એક ટીમે બસ રોકી. તપાસ અને પ્રાથમિક પૂછપરછ કર્યા પછી, તેમણે મહિલા અને શેખને કસ્ટડીમાં લીધા હતા.

દંપતીએ કહ્યું કે તેમણે નવજાત શિશુને એટલા માટે ફેંકી દીધું કારણ કે તેઓ તેને ઉછેરી શકતા ન હતા. તેમણે કહ્યું કે બાળકને રસ્તા પર ફેંકી દેવાથી મૃત્યુ થયું. પોલીસના જણાવ્યા અનુસાર, ધેરે અને શેખ બંને પરભણીના રહેવાસી છે અને છેલ્લા દોઢ વર્ષથી પુણેમાં રહે છે. અધિકારીએ કહ્યું કે તેઓ પતિ-પત્ની હોવાનો દાવો કરે છે, પરંતુ આ સાબિત કરવા માટે કોઈ દસ્તાવેજો રજૂ કરી શક્યા નથી. તેમને કસ્ટડીમાં લીધા પછી, પોલીસે મહિલાને હોસ્પિટલમાં દાખલ કરી છે.

# બિહારના નીતિશ કુમારની ચૂંટણીલક્ષી જાહેરાત, 125 યુનિટ વીજળી ફ્રી મળશે

**પટના**

બિહારમાં આ વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. ચૂંટણી પહેલા નીતિશ સરકારે રાજ્યના વીજ ગ્રાહકોને મોટી રાહત આપી છે. બિહારમાં 125 યુનિટ મફત વીજળીની જાહેરાત કરવામાં આવી છે.

મુખ્યમંત્રી નીતિશ કુમારે પોતાના સત્તાવાર એકાઉન્ટ એક્સ પર આ વિશે માહિતી આપી છે. મુખ્યમંત્રીએ એક્સ પર લખ્યું કે, 'આપણે શરૂઆતથી જ સસ્તા ભાવે વીજળી ઉત્પન્ન કરી રહ્યા છીએ. હવે અમે નક્કી કરી લીધું છે કે, પહેલી ઓગસ્ટ, 2025થી રાજ્યના તમામ ઘરેલુ ગ્રાહકોની સંમતિ લીધા પછી, તેમને તેમના ઘરોની છત પર અથવા નજીકના જાહેર સ્થળોએ સૌર ઉર્જા પ્લાન્ટ સ્થાપિત કરીને લાભ આપવામાં આવશે.

કુટીર જ્યોતિ યોજના હેઠળ, રાજ્ય સરકાર અત્યંત ગરીબ પરિવારો માટે સૌર ઉર્જા પ્લાન્ટ સ્થાપવાનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવશે અને બાકીની રકમ માટે પણ પૂરતો સહયોગ આપશે. જેના કારણે, ઘરેલુ ગ્રાહકોને 125 યુનિટ સુધી વીજળી પર કોઈ ખર્ચ કરવો નહીં પડે. એક અંદાજ મુજબ, આગામી ત્રણ વર્ષમાં રાજ્યમાં 10 હજાર મેગાવોટ સુધીની સૌર ઊર્જા ઉપલબ્ધ થશે.

# રાહુલ ગાંધીએ મોદી, આસામના CM પર વાંધાજનક ટિપ્પણી કરતાં હિમંતા બિસ્વા ભડક્યા

**મેરઠ**


કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ આસામના ચાયગાંવમાં કાર્યકર્તાઓને સંબોધી ભાજપ અને આરએસએસ પર આકરા પ્રહારો કર્યા છે. આ દરમિયાન તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા પર વાંધાજનક ટિપ્પણી કરતાં આસામના મુખ્યમંત્રી પ્રતિક્રિયા આપી છે. હિમંતાએ રાહુલ પર નોંધાયેલા કેસોનો ઉલ્લેખ કરી વળતો જવાબ આપ્યો છે. લોકસભા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'આજે જે આસામમાં થઈ રહ્યું છે, તે દેશભરમાં થઈ રહ્યું છે. અહીંના મુખ્યમંત્રી પોતાને રાજા સમજે છે. જો તમે તેમનો અવાજ સાંભળશો, તેમની આંખોમાં જોશો તો તમને તેની પાછળ ડર દેખાશે.

# બંગાળી બોલનારાને જેલમાં ધકેલી દેશો? ઉત્પીડન' મુદ્દે વિરોધ સાથે મમતાની કૂચ

**કોલકાતા**

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ભારે વરસાદ વચ્ચે કોલકાતામાં બંગાળી પ્રવાસીઓના 'ઉત્પીડન' મામલે પગપાળા કૂચ કરીને વિરોધ નોંધાવ્યો છે. મમતા બેનર્જીએ આજે બુધવારે ભાજપ શાસિત રાજ્યોમાં બંગાળી ભાષી લોકો સાથે કથિત રીતે ઉત્પીડનના વિરોધમાં પ્રદર્શન કર્યું હતું.

કોલકાતામાં નીકળેલા વિરોધ પ્રદર્શનમાં રાજ્યની શાસક પાર્ટી તૃણમૂલ કોંગ્રેસની એકતા પણ જોવા મળી હતી. આ કૂચમાં મમતા બેનર્જી સાથે અભિષેક બેનર્જી અને પાર્ટીના તમામ મોટી નેતાઓ ઉપસ્થિત



રહ્યા હતા. કોલકાતાના રસ્તા પર ત્રણ કિલોમીટર લાંબી કૂચ દરમિયાન મમતા બેનર્જી અને વિરોધ સામેલ તમામ લોકોએ ભાજપ વિરોધમાં નારેબાજી કરી હતી. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કેન્દ્રીય સરકારને પડકારતા કહ્યું કે, 'મે નક્કી કર્યુ છે કે હું વધારે બંગાળીમાં બોલીશ. મને ડિટેન્શન કેમ્પમાં નાખો. ભાજપ, ખેલ ખતમ થઈ ગયો. બસ હવે રાહ જુઓ.'

# બેંગલુરુ ભાગદોડ કેસમાં કર્ણાટક સરકારે હાઈકોર્ટને સોંપ્યો રિપોર્ટ

**બેંગલુરુ**

કર્ણાટક સરકારે બેંગલુરુમાં આઈપીએલ ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની જીતની ઉજવણી દરમિયાન થયેલી ભાગદોડ અંગે હાઈકોર્ટમાં વિગતવાર અહેવાલ રજૂ કર્યો છે. આ અહેવાલમાં સરકારે ભાગદોડ માટે આરસીબીને સંપૂર્ણપણે જવાબદાર ઠેરવી છે. તેમાં ટીમના અનુભવી ખેલાડી અને ભૂતપૂર્વ કેપ્ટન વિરાટ કોહલીનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સરકારે કહ્યું હતું છે કે આરસીબીએ વિજય ઉજવણી માટે પરવાનગી લીધી ન હતી, તેણે ફક્ત સૂચના આપી હતી. રિપોર્ટમાં ગંભીર બેદરકારીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલે ૪ જૂને ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર થયેલી ભાગદોડ માટે આરસીબીને જવાબદાર ઠેરવ્યું હતું. આરસીબીએ અચાનક પોલીસની પરવાનગી વિના સોશિયલ મીડિયા પર વિજય પરેડનું આયોજન કરવાની જાહેરાત કરી હતી.



# મિચેલ સ્ટાર્કનો રેકોર્ડ : ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઓછા બોલમાં 5 વિકેટ

## સ્ટાર્કે બનાવ્યો વર્લ્ડ રેકોર્ડ

સ્ટાર્કે પહેલી ઓવરમાં 3 વિકેટ ઝડપી હતી, પહેલા જ બોલ પર જોન કેમ્પબેલ (0) ને આઉટ કર્યો. પાંચમા બોલ પર કેવલેન એલ્સ્ટન એન્ડરસન (0) અને છેલ્લા બોલ પર બ્રેન્ડન કિંગ (0) ને આઉટ કર્યો. ત્યારબાદ પાંચમી ઓવરમાં તેણે મિકાઈલ લુઈસ (4) અને શાઈ હોપ (2)ને આઉટ કરીને આ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો.

## સ્ટાર્કે 400 વિકેટ પૂર્ણ કરી

આ ઐતિહાસિક પ્રદર્શન સાથે સ્ટાર્કે ઓસ્ટ્રેલિયાને જીત તરફ તો દોરી જ પરંતુ આ સાથે જ તેણે પોતાના ટેસ્ટ કરિયરમાં 400 વિકેટ પણ પૂર્ણ કરી. તે ઓસ્ટ્રેલિયા માટે 400 ટેસ્ટ વિકેટ લેનાર ચોથો બોલર બન્યો છે. ઓસ્ટ્રેલિયા માટે ઝડપી બોલરોમાં તે ગ્લેન મેકગ્રા પછી બીજા ક્રમે છે. તેની 100મી ટેસ્ટ મેચમાં આ સિદ્ધિ વધુ ખાસ બની.

# 7 બેટ્સમેન 0 પર આઉટ

## 27 રનમાં સમેટાયેલી વેસ્ટ ઈન્ડિઝ ટીમના નામે શરમજનક રેકોર્ડ નોંધાયો

ઓસ્ટ્રેલિયાએ જમૈકામાં રમાયેલી ત્રીજી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝને 176 રને હરાવ્યું. આ સાથે ઓસ્ટ્રેલિયાએ ફ્રેન્ક વૉરેલ ટ્રોફીમાં વેસ્ટ ઈન્ડિઝને 3-0થી ક્લીન સ્વીપ કર્યું. ઓસ્ટ્રેલિયાના બોલર મિશેલ સ્ટાર્કે 7.3 ઓવરમાં 9 રન આપીને 4 મેડન્સ સાથે 6 વિકેટ લીધી અને સ્કોટ બોલેન્ડની હેટ્રિકથી ઓસ્ટ્રેલિયાએ વેસ્ટ ઈન્ડિઝને ફક્ત 27 રનમાં ઓલઆઉટ કરી દીધું, જે ટેસ્ટ ઇતિહાસનો બીજો સૌથી ઓછો સ્કોર છે. વેસ્ટ ઈન્ડિઝના નામે વધુ એક શરમજનક રેકોર્ડ એ નોંધાયો કે ટીમના 7 બેટ્સમેન 0 પર આઉટ થઈ ગયા હતા. ફક્ત ચાર જ ખેલાડીઓ ખાતુ ખોલાવી શક્યા હતા. ટોપના 6 બેટરે ફક્ત 6 રન કર્યા. ત્રીજી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડીઝને જીત માટે 204 રનનો ટાર્ગેટ મળ્યો હતો, પરંતુ આખી ટીમ 27 રનમાં જ ઓલ આઉટ થઈ ગઈ હતી. ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં આ બીજો સૌથી ઓછો સ્કોર છે. વેસ્ટ ઈન્ડીઝના 7 બેટ્સમેન પોતાનું ખાતું પણ ખોલી નહોતા શક્યા, મિશેલ સ્ટાર્કે 6 વિકેટ અને સ્કોટ બોલેન્ડે 3 વિકેટ લીધી. 1 વિકેટ જોશ હેઝલવુડે લીધી હતી.

# પ્રથમ વન-ડેમાં ભારતીય વિમેન્સ ટીમનો વિજય, ઈંગ્લેન્ડને ચાર વિકેટે હરાવ્યું

## ઈંગ્લેન્ડ ૬/૨૫૮, ભારત ૬/૨૬૨, દીપ્તિ શર્મા ૬૨*

**સાઉથમ્પ્ટન**

પ્લેયર ઓફ ધ મેચ બનેલી દીપ્તિ શર્માએ ૬૪ બોલમાં અણનમ ૬૨ રનના આપેલા યોગદાનની મદદથી ભારતીય વિમેન્સ ટીમે ઈંગ્લેન્ડ સામેની પ્રથમ મેચમાં ચાર વિકેટે વિજય હાંસલ કરીને ત્રણ મેચની વન-ડે શ્રોણીમાં ૧-૦ની લીડ મેળવી લીધી હતી. ઈંગ્લેન્ડની વિમેન્સ ટીમે છ વિકેટે ૨૫૮ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમે ૧૦ બોલ બાકી રાખીને છ વિકેટે ૨૬૨ રન બનાવીને મેચ જીતી લીધી હતી. દીપ્તિએ પોતાની ઈનિંગ દરમિયાન જેમિમા રોડ્રિગુઝ સાથે ૧૪.૨ ઓવરમાં પાંચમી વિકેટ માટે ૯૦ રનની મહત્ત્વપૂર્ણ ભાગીદારી નોંધાવી હતી. જેમિમાએ ૫૪ બોલમાં ૪૮ રન બનાવ્યા હતા. અંતિમ ઓવર્સમાં ઓલરાઉન્ડર અમનજોત કૌરે ૧૪ બોલમાં ૨૦ રન બનાવ્યા હતા. ઈંગ્લેન્ડ માટે ચાર્લી ડીને બે વિકેટ હાંસલ કરી હતી. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર ઈંગ્લેન્ડની ટીમે નિરાશાજનક શરૂઆત કરી હતી અને ૨૦ રનના સ્કોરે બંને ઓપનર ગુમાવી દીધી હતી. મિડલ ઓર્ડરમાં સોફિયા ડંકલેએ ૯૨ બોલમાં ૮૩ તથા એલિસ રિચાર્ડે ૫૩ રન બનાવીને ટીમને સન્માનજનક સ્કોર તરફ દોરી હતી ભારત માટે સ્નહે રાણાએ ૩૧ રનમાં બે તથા ક્રાંતિ ગૌડે ૫૫ રનમાં બે વિકેટ ખેરવી હતી.

# શ્રીલંકા વિરુદ્ધ પ્રથમવાર શ્રેણી જીતી બાંગ્લાદેશે ઈતિહાસ રચ્યો

## મહેદી હસને હરભજનનો રેકોર્ડ તોડ્યો

બાંગ્લાદેશ-શ્રીલંકા વચ્ચે રમાયેલી ત્રણ ટી20 મેચોની શ્રેણીમાં બાંગ્લાદેશે 2-1થી શ્રેણી વિજય મેળવ્યો છે. કોલંબોના પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાયેલી ત્રીજી ટી20 ઈન્ટરનેશનલ મેચમાં શ્રીલંકાએ નિર્ધારીત 20 ઓવરમાં સાત વિકેટે 132 રન નોંધાવ્યા હતા, જેના જવાબમાં બાંગ્લાદેશે 16.3 ઓવરમાં બે વિકેટે 133 રન નોંધાવી વિજય મેળવ્યો છે. બાંગ્લાદેશના સ્પિનર મહેદી હસને ભારતના પૂર્વ સ્પિનર હરભજન સિંહનો રેકોર્ડ તોડ્યો છે. વાસ્તવમાં હરભજન સિંહે 2012માં ટી20 વિશ્વકપમાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ ચાર ઓવરમાં 12 રન આપી ચાર વિકેટ ઝડપી હતી, ત્યારે મહેદી હસને હરભજનનો આ રેકોર્ડ તોડ્યો છે. ત્રીજી ટી20 મેચમાં હસને ચાર ઓવરમાં 2.80ની ઈકોનોમીથી 11 રન આપી ચાર વિકેટ ઝડપી છે. ત્રીજી ટી20 મેચમાં મહેદી હસનને શ્રેષ્ઠ બોલિંગના કારણે બાંગ્લાદેશે ઈંગ્લેન્ડને 8 વિકેટે હરાવ્યું છે. આ સાથે બાંગ્લાદેશે પ્રથમવાર શ્રીલંકા સામે શ્રેણી વિજય મેળવી ઈતિહાસ પણ રચી દીધો છે.

# કેનેડાની ગિની બાઉચાર્ડ મોન્ટ્રિયલ ઓપન બાદ ટેનિસને અલવિદા કરશે



મોન્ટ્રિયલ : કેનેડાની અનુભવી ખેલાડી ગિની બાઉચાર્ડ મોન્ટ્રિયલ નેશનલ બેન્ક ઓપન ટેનિસ ટૂર્નામેન્ટ બાદ પ્રોફેશનલ ટેનિસને અલવિદા કરી દેશે. કારકિર્દીમાં વિમ્બલ્ડનની ફાઈનલ સુધી પહોંચેલ તથા ૨૦૧૪માં અન્ય બે ગ્રાન્ડસ્લેમની સેમિફાઈનલ સુધી પહોંચેલી બાઉચાર્ડને પોતાના ઘરઆંગણે રમનારી ટૂર્નામેન્ટમાં વાઈલ્ડ કાર્ડ આપવામાં આવ્યું છે. ૨૦૧૪ પોતાનું એક માત્ર ડબ્લ્યૂટીએ ટાઈટલ જીતનાર બાઉચાર્ડ ૨૦૧૪ના વિમ્બલ્ડનની ફાઈનલમાં પેટ્રા ક્વિટોવા સામે હારી ગઈ હતી. તે ઓસ્ટ્રેલિયન ઓપન તથા ફ્રેન્ચ ઓપનની અંતિમ-૪ સુધી પહોંચી હતી. તેણે ૨૦૨૩માં કેનેડાને એકમાત્ર બિલી જિન કિંગ કપ જીતાડવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી. તેની સિંગલ્સની કારકિર્દીનો રેકોર્ડ ૨૯૯ વિજય અને ૨૩૦ પરાજયનો રહ્યો છે.

# ICC ટેસ્ટ રેન્કિંગમાં જો રૂટે ફરી અવ્વલ સ્થાન હાંસલ કર્યું, જાડેજા-રાહુલને થયો ફાયદો


## કેન વિલિયમ્સન બીજા તથા ઈંગ્લેન્ડનો હેરી બ્રુક ત્રીજા સ્થાને છે

**દુબઈ**

ICCએ ટેસ્ટ બેટિંગ રેન્કિંગ જાહેર કર્યું હતું. જેમાં ઈંગ્લેન્ડના સ્ટાર બેટર જો રૂટે આઈસીસી મેન્સ ટેસ્ટ બેટિંગ રેન્કિંગમાં ફરી પાછું નંબર વન સ્થાન હાંસલ કર્યું છે. 34 વર્ષીય જો રૂટ 888 રેટિંગ સાથે વિશ્વનો નંબર વન ટેસ્ટ બેટર બન્યો છે. જ્યારે ન્યૂઝીલેન્ડનો કેપ્ટન કેન વિલિયમ્સન 867 રેટિંગ સાથે એક નંબર પાછળ ખસી બીજા ક્રમે પહોંચ્યો છે. આઈસીસીની આ યાદીમાં ત્રીજા ક્રમે ઈંગ્લેન્ડનો હેરી બ્રુક છે. ચોથા ક્રમે ઓસ્ટ્રેલિયાના સ્ટિવ સ્મિથ અને પાંચમા સ્થાને ભારતના યુવા ખેલાડી યશસ્વી જયસ્વાલ છે. તેણે ઈંગ્લેન્ડ સામેની એજબેસ્ટન ટેસ્ટમાં ઉમદા બેટિંગ કરી 801નું રેટિંગ હાંસલ કર્યું છે. જો કે, યશસ્વી અગાઉ ચોથા ક્રમે છે. જ્યારે ઋષભ પંતે પણ રેન્કિંગ ગુમાવ્યું છે. તે હવે આ યાદીમાં આઠમા ક્રમે છે. ઓલ રાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ બેસ્ટ ટેસ્ટ બેટરની યાદીમાં નોંધનીય કૂદકો લગાવ્યો છે. તે લોર્ડ્સ ટેસ્ટની ત્રીજી મેચમાં 72 અને બાદમાં 61 રને અણનમ રહ્યો હતો. જેથી આ રેન્કિંગમાં તે પાંચ ક્રમ આગળ વધી 34માં ક્રમે આવ્યો છે. કેએલ રાહુલ પણ પાંચ ક્રમ આગળ વધી 35મો ક્રમ હાંસલ કર્યો છે. ટીમ ઈન્ડિયાના ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે ટેસ્ટ બોલિંગ રેન્કિંગમાં ટોપનું સ્થાન જાળવી રાખ્યું છે. બુમરાહ 901 રેન્કિંગ સાથે નંબર વન ટેસ્ટ બોલર છે.

# T-20 વિશ્વકપ પહેલા વેસ્ટ ઈન્ડિઝને મોટો ઝટકો, આન્દ્રે રસેલ લેશે સંન્યાસ

**જમૈકા :** વેસ્ટ ઈન્ડિઝના ઓલરાઉન્ડર આન્દ્રે રસેલ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેર કરવાનો છે.



રવિવારથી ઓસ્ટ્રેલિયા સામે શરૂ થનારી પાંચ મેચની T20 શ્રેણી માટે રસેલને ટીમમાં સામેલ કરાયો છે. ઈએસપીએનના રિપોર્ટ મુજબ, રસેલ તેના હોમ ગ્રાઉન્ડ જમૈકાના સબિના પાર્ક ખાતે રમાનારી પ્રથમ બે મેચ પછી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરશે. રસેલે 2012 અને 2016 માં ICC મેન્સ T20 વર્લ્ડ કપ જીતનાર વેસ્ટ ઈન્ડિઝની ટીમનો ભાગ હતો. 2019થી તેણે મુખ્યત્વે સૌથી ટૂંકા ફોર્મેટમાં (T20I) રમવાનું પસંદ કર્યું છે, જોકે તેણે તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત પણ કરી છે.

# વિશ્વના સૌથી વૃદ્ધ મેરેથોન દોડવીરનું હિટ-એન્ડ-રનમાં મૃત્યુ

## કારે ટક્કર મારતા ભારતીય મૂળના દોડવીર ફૌજા સિંહને ગંભીર ઈજા થઈ હતી

જલંધર : ૨૦૧૧ ટોરોન્ટો ઈવેન્ટમાં પૂર્ણ મેરેથોન દોડનાર સૌથી વૃદ્ધ વ્યક્તિ બનેલા ૧૧૪ વર્ષીય વ્યક્તિનું હાલ ભારતમાં અવસાન થયું છે. ટર્બન્ડ ટોર્પિડો" તરીકે ઓળખાતા ભારતીય મૂળના દોડવીર ફૌજા સિંહનું સોમવારે પંજાબના જલંધર નજીકના તેમના વતનના ગામમાં રસ્તો ક્રોસ કરતી વખતે કાર દ્વારા ટક્કર મારવામાં આવતા મૃત્યુ થયું હતું. ભારતના મીડિયાના અહેવાલ મુજબ હિટ-એન્ડ-રન અકસ્માતમાં સિંહને માથામાં ગંભીર ઈજા થઈ હતી. તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં બાદમાં તેમનું મૃત્યુ થયું હતું. સિંહ ૨૦૧૧માં ટોરોન્ટોમાં ૧૦૦ વર્ષની ઉંમરે



મૃતક ફૌજા સિંહ

### ફૌજા સિંહ હીટ એન્ડ રન કેસમાં NRIની ધરપકડ

કરતારપુરઃ મંગળવારે મોડી રાત્રે પોલીસે 30 વર્ષીય એનઆરઆઈ અમૃતપાલ સિંહ ઢિલ્લોનની ધરપકડ કરી છે. તેમજ તેની ફોર્ચ્યુનર ગાડી (PB20C7100) પણ જપ્ત કરી છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, અમૃતપાલની પોલીસ સ્ટેશનમાં પૂછપરછ કરવામાં આવી હતી. તેણે પોતાનો ગુનો કબૂલી લીધો છે. આરોપીએ જણાવ્યું કે, તે ફોન વેચી મુકેરિયાથી પરત ફરી રહ્યો હતો, ત્યારે વ્યાસ પિંડ નજીક એક વરિષ્ઠને ગાડીની અડફેટે લીધો હતો. તેને જાણ ન હતી કે, વરિષ્ઠ વ્યક્તિ ફૌજા સિંહ છે.

TCS ટોરોન્ટો વોટરફ્રન્ટ મેરેથોન દરમિયાન પૂર્ણ મેરેથોન દોડનાર સૌથી વૃદ્ધ વ્યક્તિ બન્યા હતા. જો કે, તેમની સિદ્ધિને ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સ દ્વારા માન્યતા આપવામાં આવી ન હતી. કારણ કે તેમની પાસે તેમની ઉંમર સાબિત કરવા માટે જન્મ પ્રમાણપત્ર નહોતું. ૨૦૧૨ લંડન ઓલિમ્પિક્સ માટે મશાલવાહક, સિંહે ૮૯ વર્ષની ઉંમરે દોડવાનું શરૂ કર્યું, જેથી ભારતમાં તેમની પત્ની અને પુત્રના મૃત્યુ પછી હતાશામાંથી બહાર આવી શકાય.

# ઈઝરાયલના રાજકારણમાં નવાજૂની! સાથી પક્ષે સમર્થન પર ખેંચતા નેતન્યાહૂનું PM પદ જોખમમાં

## યહુદી પાર્ટી યુનાઈટેડે ડોરા જૂડાઈજ્મ પાર્ટીના 6 સભ્ય ગઠબંધનમાંથી આઉટ થયા

**જેરુસલમ**

ઈઝરાયલમાં વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂની ગઠબંધન સરકાર ભારે મુશ્કેલીમાં મુકાઈ છે. કટ્ટરપંથી યહુદી પાર્ટી યુનાઈટેડે ડોરા જૂડાઈજ્મ (UTJ) પાર્ટીએ ગઠબંધન સરકારમાંથી રાજીનામું આપતા નેતન્યાહૂની સરકાર સંકટમાં મુકાઈ ગઈ છે. પાર્ટીએ સૈન્ય ભરતી બિલમાં મતભેદ અને વિવાદના કારણે ગઠબંધન છોડવાનો નિર્ણય કર્યો છે. યુટીજેના છ સભ્યો ગઠબંધનમાંથી આઉટ થયા છે.

નેતન્યાહૂ સરકારના ગઠબંધનમાં કુલ 13 પક્ષો સામેલ છે. દેશની કુલ 120 બેઠકોમાંથી નેતન્યાહૂ પાર્ટી લિકુડ પાસે 32 બેઠકો, અલ્ટ્રા-ઓર્થોડૉક્ટની શાસ નામની પાર્ટીની 11 બેઠકો, બેઝાલેલ સ્મોટ્રિચની ધાર્મિક સિયોનવાદ પાર્ટીની સાત બેઠકો, રાજીનામું આપનાર ઈતામર બેન-ગવીરની યહૂદી શક્તિ પાર્ટીની છ બેઠકો, નેશનલ રાઈટ પાર્ટીની ચાર બેઠકો અને નોઆમ પાર્ટી એક બેઠક છે. આમ ગઠબંધનમાં કુલ 61 બેઠકો છે. ગઠબંધનની વધુ એક શાસ પાર્ટીના યુટીજે પાર્ટી સારા સંબંધો છે. જો શાસ પણ સરકારમાંથી રાજીનામું આપશે તો નેતન્યાહૂની સરકાર મુશ્કેલીમાં મુકાઈ શકે છે. જોકે યુટીજેનું રાજીનામું 48 કલાક પછી લાગુ ગણાશે, તેથી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સમજૂતી કરવા માટે કેટલો સમય મળી જશે. જુલાઈના અંતમાં સંસદમાં ગરમીઓની રજાઓ શરૂ થવાની છે, જેના કારણે સંકટમાં આવેલા નેતન્યાહૂના ગઠબંધનને ત્રણ મહિનાનો સમય મળી શકે છે.

# થાઈલેન્ડમાં મહિલાએ બૌદ્ધ સાધુઓને ફસાવી બ્લેકમેલ કર્યા, અરબો પડાવ્યા

## મહિલા પાસે 80 હજારથી વધુ ફોટો અને વીડિયોનો સંગ્રહ

**બેંગકોક**

થાઈલેન્ડમાં એક મહિલાની ધરપકડ કરવામાં આવી છે. જેના પર નવથી વધુ બૌદ્ધ સાધુઓ સાથે સંબંધો બનાવીને તેમને બ્લેકમેલ કરવાનો આરોપ છે. આ મહિલા પર અબજો રૂપિયાની છેતરપિંડી કરવાનો આરોપ છે. આ મામલો બૌદ્ધ સમુદાયમાં ખળભળાટ મચાવી રહ્યો છે. જેનાથી દેશની ધાર્મિક સંસ્થાઓની વિશ્વસનીયતા પર સવાલો ઉભા થઈ રહ્યા છે. મહિલા પર આરોપ છે કે મહિલાએ સાધુઓ સાથે નજીક જઈને તેમની સાથે અંગત સંબંધો વિકસાવ્યા હતા અને પછી તેમના ફોટા અને વીડિયો દ્વારા તેમને બ્લેકમેલ કર્યા હતા અને મોટી રકમ પડાવી હતી. તપાસમાં જાણવા મળ્યું કે મહિલા પાસે 80 હજારથી વધુ ફોટા અને વિડીયોનો સંગ્રહ હતો. જેનો ઉપયોગ તે સાધુઓને ડરાવવા અને પૈસા માંગવા માટે કરતી હતી. તપાસમાં જાણવા મળ્યું કે મિસ ગોલ્ફનો તેમની સાથે સંબંધ હતો અને પછી દાવો કર્યો કે તે ગર્ભવતી છે. આ પછી, તેણીએ તેમની પાસેથી 7.2 મિલિયન બાહ્ટ એટલે કે 2.2 કરોડ રૂપિયા માંગ્યા હતા.

# બાંગ્લાદેશમાં હિંસા : 4ના મોત, સૈન્યના ફાયરિંગનો ભોગ બન્યા હોવાનો આરોપ

**ઢાકા**

બાંગ્લાદેશ ઘરેલુ હિંસાની આગમાં ભભૂકી રહ્યું છે. બાંગ્લાદેશના રાષ્ટ્રપિતા બંગબંધુ શેખ મુજીબુર રહેમાનના શહેર ગોપાલગંજમાં અવામી લીગ અને પોલીસ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. આ હિંસામાં ચાર લોકો માર્યા ગયા છે. આ હિંસા ગોપાલગંજમાં શેખ હસીનાના સત્તા પલટો કરાવનારી વિદ્યાર્થીઓની પાર્ટી એનસીપીના આંદોલન પહેલાં થઈ હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બુધવારે ગોપાલગંજ વર્ચ્યુઅલ યુદ્ધ ભૂમિમાં તબદીલ થયુ હતું. અહીં દિવસભર આગચાંપી, હિંસા અને ગોળીબાર થયા હતાં. સુરક્ષા દળો દ્વારા ફાયરિંગ થતાં ચાર લોકોનો મોત અને અનેક ઘવાયા હોવાનો આરોપ વિદ્યાર્થી સંગઠને મૂક્યો છે.


આ હિંસામાં આડેધડ થઈ રહેલા ગોળીબારમાં ચાર લોકો ગંભીરરૂપે ઈજાગ્રસ્ત થયા હતાં. તેમને ગોપાલગંજ જનરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં તેમનું મોત નીપજ્યું હતું. આ ગોળીબારમાં અન્ય નવ લોકો પણ ઘાયલ થયા હતાં. તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. પરંતુ સ્થિતિ ગંભીર છે.

# ડોનાલ્ડ ટ્રમ્પે સામૂહિક ડિપોર્ટેશનની કવાયતમાં નડતર રૂપ 17 જજોને કારણ વગર કાઢી મૂક્યા

## યુએમ પ્રમુખ ટ્રમ્પ વહીવટીતંત્રે દેશમાં મોટાપાયે ડિપોર્ટેશનની કવાયત શરુ કરી

**વોશિંગ્ટન**

ટ્રમ્પ વહીવટીતંત્રે દેશમાં મોટાપાયે ડિપોર્ટેશનની કવાયત શરૂ કરી છે. તેની આ કવાયતમાં તેને નડતર રૂપ ઈમિગ્રેશન કોર્ટના જજો છે. તેથી આવા જજોની પણ હકાલપટ્ટી કરવા માંડી છે. ટ્રમ્પે તાજેતરમાં આવા 17 જજની હકાલપટ્ટી કરી નાખી છે, જેથી ડિપોર્ટેશનની પ્રક્રિયા વધુ ઝડપી બને. ટ્રમ્પે શુક્રવારે 15 અને સોમવારે બે જજને કોઈપણ કારણ દર્શાવ્યા વગર કાઢી મૂક્યા હતા.



ઈમિગ્રેશન જજીસ સહિત અન્ય પ્રોફેશનલ્સનું પ્રતિનિધિત્વ કરતાં ધ ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ પ્રોફેશનલ એન્ડ ટેકનિકલ એન્જિનિયર્સે જણાવ્યું હતું કે નવી યાદી મુજબ 15 જજને શુક્રવારે કોઈપણ કારણ વગર કાઢી મૂકવામાં આવ્યા હતા. જ્યારે બીજા બેને સોમવારે કાઢવામાં આવ્યા હતા. યુનિયને જણાવ્યું હતું કે તેઓ સમગ્ર દેશમાં કેલિફોર્નિયા, ઈલિનોઈસ, લુઈસિયાના, મેરીલેન્ડ મેસેચ્યુસેટ્સ, ન્યૂયોર્ક, ઓહિયો, ટેક્સા, ઉટાહ અને વર્જિનિયા એમ દેશની દસ કોર્ટમાં કામ ચાલી રહ્યું છે.

યુનિયનના પ્રમુખ મેટ બિગ્સે જણાવ્યું હતું કે એકબાજુએ અમેરિકન કોંગ્રેસે 800 ઈમિગ્રેશન જજોની નિમણૂકને બહાલી આપી છે ત્યારે બીજી બાજુએ આ જજોની હકાલપટ્ટી કરવામાં આવી રહી છે. આ એકદમ વિચાર્યા વગરનું કૃત્ય લાગે છે.

# ડ્રુઝ નાગરિકોને બચાવવા ઈઝરાયલનું અભિયાન સીરિયાના સંરક્ષણ મંત્રાલય પર કર્યો ડ્રોન એટેક

## અમે ડ્રુઝ સમાજના લોકોને બચાવવા હુમલા કરી રહ્યા છીએ : ઈઝરાયલી સેના

**હમાસ**

ઈઝરાયલનું હમાસ-ગાઝામાં યુદ્ધ ચાલી રહ્યું છે, થોડા દિવસ પહેલા ઈરાન સાથે 12 દિવસનું યુદ્ધ કર્યું હતું અને હવે ઈઝરાયલી સેના સીરિયામાં આક્રમક બની રહી છે. મધ્ય-પૂર્વના અનેક દેશ વચ્ચે યુદ્ધ, હિંસા સહિતની ઘટનાઓ બની રહી છે, ત્યારે ઈઝરાયલી સેનાએ સીરિયામાં ભયાનક હુમલા શરૂ કરી દીધા છે.



ઈઝરાયલી સેનાએ બુધવારે સીરિયાની રાજધાની દમિશ્કમાં સંરક્ષણ મંત્રાલયના એન્ટ્રી ગટ પર હુમલો કર્યો છે. અનેક મોરચે લડી રહેલા ઈઝરાયલે સોમવારથી જ સીરિયામાં ઈસ્લામિક નેતૃત્વવાળી સરકારને ટાર્ગેટ કરવાનું શરૂ કરી દીધું છે. સીરિયાના દક્ષિણ સ્વિડા શહેરમાં સ્થાનિ સુરક્ષા દળો અને ડ્રુઝ સમાજના લોકો વચ્ચે અથડામણ થઈ હતી, જેના કારણે ડ્રુઝ સમાજને બચાવવા માટે ઈઝરાયલ આ હુમલા કરી રહ્યું છે. ઈઝરાયલી સેનાએ કહ્યું છે કે, 'અમે સીરિયા સ્થિત ડ્રુઝ સમાજના લોકોને બચાવવા માટે આ હુમલા કરી રહ્યા છીએ.' સીરિયાના સંરક્ષણ મંત્રાલયના સુરક્ષા સુત્રોએ સમાચાર એજન્સી રૉયટર્સને કહ્યું કે, 'મંત્રાલયની બિલ્ડિંગ પર બે ડ્રોનથી હુમલો કરાયો છે અને અધિકારીઓ બેઝમેન્ટમાં છુપાયેલા છે.'

# માનવીય કરાર હેઠળ રશિયાએ યુક્રેનને 1000 મૃતદેહો સોંપ્યા

**મોસ્કો**

છેલ્લા ત્રણ વર્ષથી યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. વિશ્વની મહાસત્તા ધરાવતા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના અનેક પ્રયાસો છતાં બંને દેશો વચ્ચે સીઝફાયર થઈ રહ્યું નથી. જો કે, હાલમાં જ બંને દેશોએ એક માનવીય કરાર કર્યો છે. જેને સીઝફાયર તરફનું પ્રથમ પગલું માનવામાં આવ્યું છે.

બંને દેશોએ યુદ્ધમાં માર્યા ગયેલા સૈનિકોના મૃતદેહોની અદલા-બદલી કરતો માનવીય કરાર કર્યો છે. જૂન, ૨૦૨૫માં ઈસ્તંબુલ કરાર હેઠળ પાંચમી વખત બંને દેશો પોતાના સૈનિકોના મૃતદેહોની અદલા-બદલી કરી છે. ક્રેમલિને ટોચના સલાહકાર વ્લાદિમીર મેદિન્સ્કીએ આ અંગે માહિતી આપી હતી કે, રશિયાએ ૧,૦૦૦ યુક્રેનના સૈનિકોના શબ યુક્રેનને સોંપ્યા છે, જ્યારે યુક્રેને રશિયાને ૧૯ સૈનિકોના શબ સોંપ્યા છે. રશિયા અને યુક્રેને પહેલી વાર નવ જૂનના રોજ યુદ્ધમાં માર્યા ગયેલા સૈનિકોના શબની અદલા-બદલી કરી હતી. આ પહેલ તુર્કીના ઈસ્તંબુલ શહેરમાં ગુપ્ત વાર્તા બાદ થઈ હતી. ત્યારબાદ અત્યારસુધી ઓછામાં ઓછી પાંચ વખત બંને દેશો વચ્ચે માનવતાના ધોરણે અદલા-બદલી થઈ હતી.

# અમેરિકાના અલાસ્કા ટાપુ પર 7.3ની તીવ્રતાનો ભયાનક ભૂકંપ, સુનામીની ચેતવણી જાહેર

**દુબઈ**

બુધવારે અલાસ્કાના સેન્ડ પોઈન્ટ નજીક 7.3ની તીવ્રતાનો જોરદાર ભૂકંપ આવ્યો હતો. જેના કારણે રાષ્ટ્રીય હવામાન વિભાગ દ્વારા સુનામીની ચેતવણી જાહેર કરાઈ હતી. સેન્ડ પોઈન્ટ અલાસ્કા ટાપુના ઉત્તરપશ્ચિમ પોપોફ ટાપુ પર સ્થિત છે. તે અલાસ્કાના એન્કોરેજથી લગભગ 600 માઈલ દક્ષિણ પશ્ચિમમાં છે. મિશિગન ટેકનોલોજીકલ યુનિવર્સિટી અનુસાર, ગંભીર નુકસાન પહોંચાડી શકે તેવા મોટા ભૂકંપને 7.0-7.9 ની તીવ્રતાનો માનવામાં આવે છે. દર વર્ષે આ તીવ્રતાના ફક્ત 10-15 ભૂકંપ નોંધાય છે. સુનામીની ચેતવણીમાં દક્ષિણ અલાસ્કા અને અલાસ્કા ટાપુથી લઈને પેસિફિક કોસ્ટ પર કેનેડી પ્રવેશદ્વાર અને યુનિમાક પાસ સુધી ભયની ચેતવણી આપવામાં આવી હતી.

# પાક.ના પંજાબમાં ભારે પુર, 24ના મોત, 150થી વધુ લોકો ઘાયલ થયા

## પંજાબના અનેક વિસ્તારોમાં પાણી ભરાતા ભારે નુકસાન

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનના પંજાબથી લઈને ઘણા વિસ્તારોમાં ભારે વરસાદને કારણે સામાન્ય જનજીવન પર ભારે અસર પડી છે. પાકિસ્તાનના પંજાબમાં છેલ્લા 24 કલાકમાં વરસાદ આધારિત ઓછામાં ઓછા 24 લોકોના મોત થયા છે. ભારે વરસાદને કારણે અહીં 150 થી વધુ લોકો ઘાયલ પણ થયા છે. અત્યાર સુધીમાં પાકિસ્તાનમાં ભારે વરસાદને કારણે કુલ 140 લોકોના મોત થયા છે. બુધવારે એક અધિકારીએ આ અંગે માહિતી આપી હતી. પાકિસ્તાની અધિકારીઓના જણાવ્યા પ્રમાણે લાહોર અને પંજાબના અન્ય ઘણા જિલ્લાઓમાં આખી રાત વરસાદ વરસ્યો હતો અને આ વરસાદ ગુરુવાર સુધી ચાલુ રહેવાની ધારણા છે. પંજાબની ઈમરજન્સી સેવાના 'રેસ્ક્યૂ 1122' ના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, લાહોરમાં રાત્રે તોફાનને કારણે છત તૂટી પડવાની ત્રણ ઘટનામાં કુલ 12 લોકોના મોત નિપજ્યા છે. થોકર નિયાઝ બેગ વિસ્તારમાં રહેતા એક પરિવારના 5ના મોત થયા છે.

# લંડનમાં ગાંધીજીના દુર્લભ ઓઈલ પેઈન્ટિંગની 1.7 કરોડમાં હરાજી

**લંડન**

બ્રિટનની રાજધાની લંડનમાં મહાત્મા ગાંધીજીના એક દુર્લભ ઓઈલ પેઈન્ટિંગની હરાજી કરવામાં આવી છે. એવું કહેવાય છે કે આ એકમાત્ર ચિત્ર છે જેના માટે મહાત્મા ગાંધી પોટ્રેટ મોડમાં બેઠા હતા અને ચિત્રકારે તેમની સામે બેસીને આ સુંદર ઓઈલ પેઈન્ટિંગ બનાવ્યું હતું. બોનહેમ્સ ખાતે ઓનલાઈન હરાજીમાં આ ફોટો રૂ. ૧.૭ કરોડમાં વેચાયો હતો.૧૯૩૧માં જ્યારે ગાંધીજી બીજી રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં હાજરી આપવા માટે લંડન ગયા ત્યારે બ્રિટિશ પોટ્રેટ કલાકાર ક્લેર લેઈટનને આ પેઈન્ટિંગ બનાવ્યું હતું. બોનહેમ્સના હેડ ઓફ સેલ રાયનન ડેમરીએ જણાવ્યું કે, મહાત્મા ગાંધીનું એકમાત્ર ઓઈલ પેઈન્ટિંગ અગાઉ ક્યારેય હરાજીમાં રજૂ કરવામાં આવ્યું ન હતું.ક્લેર લેઈટને આ પેઈન્ટિંગનું નામ પોર્ટ્રેટ ઓફ મહાત્મા ગાંધી રાખ્યું હતું. આ ચિત્ર ૧૯૩૧નું છે.

# ડરહામ સાવન મેળામાં રાજયોગ ફાઉન્ડેશન સહભાગી બન્યું

## મેળામાં રુદ્રાભિષેક બાદ ચિત્ર, ફ્રેન્સી ડ્રેસ, મહેંદી સ્પર્ધા અને ડયુડ રેમ્પ વોક વગેરે યોજાયા








**ડરહામ**

ડરહામ સાવન મેળાનું આયોજન દિવ્યા (ડરહામ ઈન્ટરનેશનલ વોલેન્ટેયર્સ યુથ એસોસિએશન) અને લાઈક માઈન્ડેડ ફ્રેંડસ દ્વારા રવિવાર, ૧૩ જુલાઈના રોજ ચેસ્ટનટ હિલ રિક્રિએશનલ કોમ્પ્લેક્સ, પિકરીંગ ખાતે સવારના ૧૧ થી સાંજના ૭ વાગ્યા સુધી કરવામાં આવ્યું હતુ. આ મેળામાં રાજયોગ ફઉન્ડેશનને આયોજક દ્વારા વિના મુલ્યે બુથ આપવામાં આવ્યું હતું. આ મેળામાં રુદ્રાભિષેક, પ્રસાદ, બાળકો માટે ચિત્ર સ્પર્ધા, ફૅંસી ડ્રેસ, મહેંદી, દસ પરફેર્મન્સ, મહાભારત, ટીન ક્વિઝ, ડયુડ રેમ્પ વોક વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિસ વિક્રેતાઓ અને લગભગ પાંચસો વ્યક્તિઓ ભાગ લીધો હતો, જેમાં ચિત્રોમાં દર્શાવ્યા અનુસાર રાજયોગ મેડિટેશન ફઉન્ડેશન ઓફ્ કેનેડા (RMFC)એ સક્રિયપણે ભાગ લીધો હતો.

મંચ ઉપરથી તેમજ સવયંસેવી બીકે બહેનો અને ભાઈઓ દ્વારા આ મેળામાં ભાગ લેનાર લોકોને રાજયોગ બાબતે સમજાવવામાં આવ્યું હતું. દરેકને રાજયોગના ફ્લાયર, સાહિત્ય વિના મુલ્યે આપવામાં આવ્યા હતા.

રાજયોગ મેડિટેશન ફઉન્ડેશન ઓફ્ કેનેડા (RMFC) દ્વારા દરરોજ એક કલાકનો સાત દિવસનો રાજયોગ કોર્સ સમુદાય સેવા તરીકે, ઓનલાઈન અને રૂબરૂ, વિના મુલ્યે આપવામાં આવે છે. ત્યારબાદ દૈનિક વર્ગો પણ સમુદાય સેવા તરીકે ચલાવવામાં આવે છે, જેથી તે આપણા રોજિંદા જીવનમાં આચરણમાં લાવી શકાય.

રાજયોગ મેડિટેશન એક સહજ અને પ્રાચીન ધ્યાન કળા છે, જે આપણી શક્તિ (આત્મા, જે અમર્યાદિત પ્રકાશનો સ્ત્રોત છે) ને સર્વોચ્ચ શક્તિ (સર્વશક્તિમાન પરમાત્મા) સાથે જોડીને આપણા વિચારો અને કાર્યોને સશક્ત બનાવે છે. આપણી દૈનિક પ્રવૃત્તિઓ કરતી વખતે રાજયોગનો અભ્યાસ કરવાથી આપણું મન શાંત થાય છે.

HONEST - DEDICATED - TEAMWORK

Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21. Innovative Pinnacle Real Estate Group BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




Don't miss this opportunity to break into the market with this bright 3-bedroom, smoke-free family-friendly home that offers value, potential and location! Nestled on a quiet crescent, enjoy the welcoming front porch and a fully-fenced, west-facing backyard with no rear neighbours. The first floor features brand new hardwood floors, a bright living room and eat- in kitchen with stainless-steel appliances, including a new dishwasher. The second floor offers a spacious primary bedroom with a double-door entry, walk-in closet and semi-ensuite as well as two additional ample-sized bedrooms overlooking the backyard. Relax under the gazebo and take in the sunsets. A widened driveway with pavers (2024) allows two cars to park with ease. Have peace of mind knowing there is a new furnace (2025), humidifier (2025) and hot water tank (2025). This prime location in desirable North Taunton is also just steps away from trails, Hannam Park and Willows Walk Public School. Check out the Virtual Tour!




Move in ready Welcome to 24 Van Wart St, just over 1 Year New End unit Town in Whitby Meadows with double-door entry leading to an oversized Foyer on a Premium Lot! This Home features 4 bedrooms and 3 bathrooms, 9ft ceilings on main and upper floor, open concept layout. Large Primary Bedroom Offers Walk-In Closet & 5 piece Ensuite With Double Sink, Soaker Tub & Separate Shower. Convenient 2nd floor laundry. Oak stairs. Kitchen hosts contemporary cabinetry with a large granite top island perfect for entertaining overlooking Great room with electric fireplace and walk-out to backyard. Prime location: minutes to 412, shopping,Thermea Spa, Garden Centres, schools and much more. Move in Ready




Elegant 4+1 Executive 2 1/2 Storey Detached Home located in sought after NE Ajax Medallion Castlefield Development. Soaring 12 foot ceiling on main floor and Master B/Room with high ceiling. Potlights on all floors. 2 way fireplace with counters, EAT IN family size kitchen and brand new Quartz counters and matching Backsplash, Centre Island and extensive wood cabinetry. His and Hers walk in closets, 5 piece ensuite with double sinks. Hardwood Throughout. Brand new ceramic floor in Kitchen and Breakfast area. Bright windows throughout. Fully finished basement with seperate entrance with 3 bedrooms 1.5 washroom and complete kitchen with new appliances and new laundry. Currently tenanted for C$ 2,500.00. Inter-locked backyard with gazebo. 5-7 minutes to Audley State of the Art Rec centre, walking trails, Amazon, 401/407, GO Transit, Restaurants / Shopping. Steps to Durham transit.



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!

You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.

Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !

Shamim & Amin Kharodia

Broker of Record / Sales Representative

teamkharodia@gmail.com

300-2855 Markham Rd Toronto ON M1X 0C3

D: (647) 501-6786 | D: (647) 308-2941

F : (416) 298-8303 | P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.


CLUB CERAMIC
Porcelain Tiles : Premium Quality and Best Price
Porcelain & Ceramic tiles at Direct factory price
Price match guarantee + we will beat price with additional 5% discount
Tiles available for Floor, Wall and Outdoor Parking
TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD
MONTREAL
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1S1, Canada
Phone: +1-514-260-2242 / +1-514-813-3850
OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474
MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850
CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030
https://clubceramic.com Email : sales@clubceramic.com


હવે પ્રાથના હોલ અને સ્મશાન ઘર એકજ સ્થળે
Chapel Ridge
Funeral Home & Cremation Centre
in partnership with
North Toronto
Crematorium Inc.
Chapel Ridge FUNERAL HOME & CREMATION CENTRE
North Toronto CREMATORIUM
Vilo
Licensed Funeral Director
(416) 993-0826
Harjinder
Licensed Funeral Director
(647) 966-0093
Christeen
Licensed Funeral Director
(416) 258-6759
Kirti
Licensed Funeral Preplanner
(416) 417-0182
Complete Funeral Package Pricing $4895.00 Includes HST
GUARANTEED LOWEST PRICE
Same Day Funeral Service with 1 hour visitation prior to service, including all professional fees and preparation
Batesville Grey Doeskin Casket
Cremation and Witnessing Fee at North Toronto Crematorium or St John's Dixie Crematorium in Mississauga
Coroner, Death Registration and BAO Fee
Not included: Flowers, Limousines, Clergy or Musician Fees, Urns
Facilities also available in Mississauga
Everything in one Place!
2 Stalwart Industrial Drive, Gormley
(close to Highway 404 and Stouffville Road)
Newly built large Chapel with Crematorium on-site - everything in one place!
8911 Woodbine Ave., Markham (4 blocks north of Hwy 7)
info@chapelridgefh.com • www.chapelridgefh.com
905-305-8508
info@northtorontocrematorium.com
www.northtorontocrematorium.com
289-578-1288